# યુગ શક્તિ ગાયત્રી

મે-૨૦૦૧ માં વંચાનારી






**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. વાસનાઓ અને તૃષ્ણાઓનો ત્યાગ કરો | ૧ | ૯. ભારતભૂમિ સ્વર્ગાદપિ ગરીયસી | ૨૧ |
| ૨. દુઃખોનું સમાધાન ભગવાનના મુખે | ૨ | ૧૦. ૨૧મી સદીમાં સૂર્યદેવતાની કોપદૃષ્ટિ | ૨૪ |
| ૩. ગ્રામીણ ઊર્જાના સ્વાવલંબી સ્રોત-છાણ અને બળદ | ૪ | ૧૧. સાચી સફળતા માટે કેટલીક અનિવાર્ય શરતો | ૨૭ |
| ૪. માતૃશક્તિ જ ઉદ્ધાર કરશે | ૮ | ૧૨. આપણો ચહેરો આપણા મનોભાવનું દર્પણ | ૩૧ |
| ૫. જ્ઞાનયજ્ઞને વધુને વધુ વ્યાપક બનાવવામાં આવે | ૧૦ | ૧૩. મારો જન્મ અને મારું કર્મ દિવ્ય છે. | ૩૩ |
| ૬. હે પ્રભુ ! રક્ષા કરો, રક્ષા કરો | ૧૩ | ૧૪. શરીરનાં જડમૂળ સ્વસ્થ હોય તો રોગ આવે શું કામ? | ૩૮ |
| ૭. ઉજ્જ્વળ ભવિષ્યનું શુભ ચિહ્ન | ૧૪ | ૧૫. ત્યાગ-બલિદાનની સંસ્કૃતિ દેવસંસ્કૃતિ-૫ | ૪૦ |
| ૮. હીરક જયંતી વર્ષમાં દીપયજ્ઞોની શ્રૃંખલા | ૧૭ | ૧૬. આત્મીય અનુરોધ | ૪૭ |


# યુગ નિર્માણ વિદ્યાલયમાં પ્રવેશ મેળવો.

પૂજ્ય ગુરુદેવની ક્રિયાઓ વર્તમાનમાં થતી હતી, પરંતુ દૃષ્ટિ ભવિષ્યમાં રહેતી હતી. તેમની દૂરદૃષ્ટિએ પહેલેથી જ સમજી લીધું કે દેશમાં શિક્ષા વૃધ્ધિની સાથે-સાથે બેરોજગારીની પણ ગુણાત્મક વૃધ્ધિ થશે. ભવિષ્યમાં આજીવિકાનો આધાર સ્વાવલંબન હશે. આ એક પ્રકારે રાષ્ટ્રની પ્રગતિમાં સહાયક થશે.

યુગ નિર્માણ વિદ્યાલયમાં સંચાલિત વ્યાવસાયિક પ્રશિક્ષણમાં પ્રીટીંગ પ્રેસ, વિદ્યુત ફીટીંગ, રેડિયો, ટ્રાંઝીસ્ટર, ટી.વી. તથા નાના ઘરેલૂ વિદ્યુત યંત્રોની મરામત, ધોવાનો પાઉડર, ધૂપબત્તી, મીણબત્તી, અગરબત્તી, દંતમંજન, રબ્બર સ્ટેમ્પ, ફોટો ફ્રેમીંગ, સ્ક્રીન પ્રીટીંગ, મધુમાખી પાલન, ચ્યવનપ્રાશ નિર્માણ આદિ કુટિર ઉદ્યોગ શીખવાડવામાં આવે છે. બેંક, પોસ્ટ ઓફિસ, રેલ્વે, પ્રાથમિક ઉપચાર અને પોલીસ સંબંધીત સામાન્ય જાણકારી વિભાગીય ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવે છે.

આ પ્રશિક્ષણો સિવાય આ વિદ્યાલયની સૌથી મોટી વિશેષતા છે, વિદ્યાર્થીને આપવામાં આવતું સંગીત, અભિનય, વાક્કૌશલ, વાર્તાલાપ, શિષ્ટાચાર, સંભાષણ, લોકવ્યવહાર, પૌરોહિત્ય, કર્મકાંડ, ધર્મતંત્રથી લોક શિક્ષણ તથા યુગ નેતૃત્વનું વિલક્ષણ પ્રશિક્ષણ આ સાથે વિદ્યાર્થીને શીખવવામાં આવે છે સંયમિત, સુવ્યવસ્થિત, અનુશાસિત જીવન જીવવાની અભૂતપૂર્વ કળા, જેના અંતર્ગત પ્રાતઃ બ્રહ્મમુહૂર્તમાં જાગરણ સાથે વંદના, ધ્યાન-ધારણા, યોગાસન, પ્રાણાયામ આદિ.

પરમ પૂજ્ય ગુરુદેવે ૧૯૬૫માં યુગ નિર્માણ વિદ્યાલયનો શુભારંભ કર્યો. આજે પ્રારંભિક સત્રોના અનેક બાળકોએ ઔદ્યોગિક ક્ષેત્રમાં એટલી પ્રગતિ કરી છે કે તેને ઉલ્લેખનીય કહી શકાય. આ વિદ્યાલયનું આગલું સત્ર ૨૦૦૧-૨૦૦૨ શરૂ થઈ રહ્યું છે. આ સત્ર માટે પ્રવેશપત્ર યુગ નિર્માણ વિદ્યાલય ગાયત્રી તપોભૂમિ મથુરાના સરનામે પત્ર લખી મંગાવી લેશો. ૧૫ જૂન સુધીમાં પ્રવેશપત્ર ભરીને મથુરા પહોંચી જવું જરૂરી છે. પસંદ થયેલા વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે.

પ્રશિક્ષણ કાળમાં વિનમ્ર, અનુશાસિત, સારું ચરિત્ર અને વ્યવહારનું આશ્વાસન પ્રતિજ્ઞા પત્ર પર વિદ્યાર્થી અને વાલી બંનેએ આપવું પડશે. એ વાતનો પૂરો પ્રયાસ કરવામાં આવે છે કે બાળકોને માત્ર ઉદ્યમ જ નથી શીખવાડાતા પરંતુ તેનું વ્યક્તિત્વ પણ સુધારવામાં આવે. પરંતુ એ ત્યારે સંભવીત છે, જ્યારે બાળક સ્વયં પણ આશ્રમ જીવનની મર્યાદાઓનું પાલન કરવામાં અભિરૂચિ લે.

અહીંયાથી માર્ગ વ્યય આપવાનો કોઈ નિયમ નથી. ઓઢવા-પાથરવાનો બિસ્તરો તથા વાસણ સાથે લાવવા પડે છે. આવાસ, પ્રશિક્ષણ, યંત્રો, વિદ્યુત, પાણી આદિની વ્યવસ્થા નિઃશુલ્ક છે. દર માસે અઢીસો રૂપિયા ભોજન ખર્ચ આપવવાનું હોય છે. એક જોડી પીળું ધોતીયું, ઝભ્ભો, ખાખી ચડી-ખમીસ તથા પી.ટી. શૂ પોતાના ખર્ચે બનાવવાના હોય છે. વિદ્યાલયમાં પ્રવેશની ઓછામાં ઓછી યોગ્યતા કક્ષા ૧૦ પાસ તથા આયુ ૧૬ થી ૨૦ વર્ષ સુધી જોઈએ. ઓછા અભ્યાસક્રમ અને વધુ ઉંમરવાળા વિદ્યાર્થી માટે આગ્રહ ન કરવો. જે વિદ્યાર્થી ૨૦૦૧ ની કક્ષા ૧૦ની પરીક્ષામાં બેસી રહેલ છે, તે પ્રવેશપત્ર મંગાવી શકે છે. પ્રવેશ પાસ થયા પછી જ આપવામાં આવશે. ભાષા, પ્રાંત, જાતિ, વર્ગ વગેરેનો કોઈ ભેદભાવ નથી, પણ અનુશાસનમાં કોઈને પણ ઢીલ આપવામાં નહીં આવે. વારે-વારે ઘેર જવાની રજા નહીં મળે એ સ્પષ્ટ સમજીને જ પ્રવેશપત્ર ભરે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૩૯૯, ૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૨ અંક - ૫
પ્રકાશન તિથિ ૨૫-૪-૨૦૦૧
મે - ૨૦૦૧

## વાસનાઓ અને તૃષ્ણાઓનો ત્યાગ કરો

કામનાઓ પૂરી થવા છતાં સંતોષ થતો નથી, પરંતુ પહેલા કરતા વધુ તૃષ્ણા જાગે છે. કહેવાય છે કે મનુષ્ય અપૂર્ણ છે, છતાં જો તે પોતાની વાસનાઓ છોડી દે, તો આ જીવનમાં જ પૂર્ણ થઈ શકે છે. તૃષ્ણા એક બંધન છે, જે આત્માને જીવન-મરણની જાળમાં જકડી રાખે છે. જેમને દરેક વખતે સાંસારિક વસ્તુઓની તૃષ્ણા સતાવતી રહે છે, તેઓ ભલા ભવબંધનોથી કેવી રીતે પાર થઈ શકશે? જ્યાં સુધી પ્રાણીને વિભિન્ન પ્રકારની ઇચ્છાઓ બાંધી રાખે છે, ત્યાં સુધી જ પ્રપંચનો ફેરો છે. જેમને મુક્તિની આકાંક્ષા છે, જેમને પૂર્ણ સત્યની શોધ કરવી છે, તેમને માટે સર્વોત્તમ સાધના એ છે કે પોતાની ઇચ્છાને વશમાં કરી લે. આ સંસારમાં સંતોષથી વધીને બીજું કોઈ ધન નથી. સ્વર્ગમાં પણ કોઈ સંપદા એની સમતા કરી શકતી નથી. કોઈ મનુષ્ય દેખાવમાં ગમે તેટલો સ્વાધીન કેમ ન લાગતો હોય, પરંતુ તે બિચારો વાસ્તવમાં એક કેદી સમાન છે જેના મનમાં તૃષ્ણાએ ઘર બનાવી લીધું છે. તે ગમે તેટલો ધનવાન કેમ ન હોય, તેની તુલના એક ભિખારી સાથે જ કરી શકાય છે. જો તમે સંસારમાં કંઈક શ્રેષ્ઠ કરવા માગતા હો, તો તૃષ્ણા અને વાસનાઓનો પરિત્યાગ જરૂરી છે. કર્મ કરો, પોતાના કર્તવ્યમાં કસર ન રાખો, પરંતુ ફળ માટે તરસતા ન ફરો. જે કરશે તેને મળશે, છતાં જે તેને પ્રાપ્ત કરવા માટે વ્યાકુળ થઈને ફરશે, તેને આપત્તિઓના પહાડ માથે ઉપાડવાં પડશે. સ્વર્ગનું રાજ્ય પગ નીચે પડેલું રહે એવી જેને ઇચ્છા હોય તેણે તૃષ્ણાનો પરિત્યાગ કરી દેવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**શ્રી સત્યનારાયણ વ્રતકથા**

# દુઃખોનું સમાધાન ભગવાનના મુખે

વ્યાસજીએ કહ્યું-એકવાર નૈમિષારણ્ય નામના પવિત્ર સ્થળમાં શૌનક વગેરે ઋષિઓએ મહાન પૌરાણિક શ્રી સૂતજી આગળ પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી. ઋષિ-મુનિઓ સમય સમય પર આ રીતે એકઠા થઈને મનુષ્ય માત્રનાં દુઃખોના નિવારણનો અને સુખની વૃદ્ધિનો ઉપાય શોધ્યા કરતા હતા.

ઋષિઓએ પૂછયું-એવું કયું વ્રત છે કે જેને કરવાથી બધા લોકો ઇચ્છિત ફળ મેળવી શકે છે ? આ વિષય અમને સારી રીતે સમજાવવાની કૃપા કરો.

સૂતજી બોલ્યા-એક વાર દેવર્ષિ નારદે પણ ભગવાનને આવો જ પ્રશ્ન પૂછયો હતો. એ પ્રસંગ હું કહું છું. આપ ધ્યાનપૂર્વક સાંભળો. એકવાર નારદજી લોકકલ્યાણની ભાવનાથી જુદા જુદા લોકોમાં ફરતા ફરતા મૃત્યુલોકમાં પહોંચ્યા.

ત્યાં તેમણે મોટાભાગના મનુષ્યોને પોતાનાં જ દુષ્કર્મોના પ્રભાવથી જુદા જુદા પ્રકારના કષ્ટો ભોગવતાં જોયાં. તેમના મનમાં કરુણા ઉત્પન્ન થઈ અને પ્રાણીઓનાં કષ્ટો તથા દુઃખો કેવી રીતે દૂર થાય એનો વિચાર કરતા કરતા તેઓ વિષ્ણુ લોકમાં જઈ પહોંચ્યા. ભગવાન વિષ્ણુની સામે પહોંચીને તેમણે જગતપાલકની સ્તુતિ કરી. સ્તુતિ સાંભળીને ભગવાને નારદજીને તેમના આવવાનો ઉદ્દેશ્ય પૂછયો.

ભગવાન બોલ્યા-હે નારદ ! આપ કયા ઉદ્દેશ્યથી આવ્યા છો ? આપ મનની વાત સંકોચ રાખ્યા વિના કહો. હું આપની શંકાનું સમાધાન જણાવીશ.

નારદજી બોલ્યા-હે પ્રભુ ! મૃત્યુલોકમાં પ્રાણીઓ પોતાનાં પાપકર્મોના ફળરૂપે જાતજાતની હલકી પરિસ્થિતિઓમાં જન્મીને અપાર કષ્ટો વેઠી રહ્યાં છે. કૃપા કરીને આપ કોઈ એવો ઉપાય જણાવો કે કર્મફળનો નિયમ પણ ન તૂટે અને પ્રાણીઓનાં દુઃખો પણ દૂર થાય.

ભગવાને કહ્યું-નારદજી, આપે લોકહિતની ભાવનાથી ઘણો સુંદર પ્રશ્ન કર્યો તેથી મને પ્રસન્નતા થઈ. હું તમને એવું વ્રત બતાવું છું કે જેનાથી આ દુવિધા દૂર થાય. 'સત્યનારાયણ વ્રત' એવું વ્રત છે કે એને વિધિ વિધાનપૂર્વક કરવાથી આ લોકમાં સુખ અને અંતમાં સદ્‌ગતિ પ્રાપ્ત થાય છે.

નારદજીએ પૂછયું-હે પ્રભુ ! આ વ્રતની શું વિધિ છે, શું ફળ છે અને પહેલાં એ વ્રત કોણે કર્યું હતું એ બધું મને વિસ્તારપૂર્વક સમજાવો.

ભગવાન બોલ્યા-સત્ય જ ભગવાનનું સ્વરુપ છે એવું સમજીને જે વ્યક્તિ સત્યવ્રતને અપનાવે છે તે પ્રભુની કૃપાનો લાભ અવશ્ય મેળવે છે. ન્યાયકર્તા, સમદર્શી અને કર્મને મુખ્યતા આપનારા સત્ય રૂપી પ્રભુ સત્યની સાધનાથી પ્રસન્ન થાય છે અને તેમની કૃપાથી સાધકોને લૌકિક સુખ અને પરલૌકિક શાંતિ અવશ્ય પ્રાપ્ત થાય છે.

ભગવાન બોલ્યા-હે નારદ ! મૃત્યુલોકમાં સત્યધર્મની ઉપેક્ષાને કારણે જ મનુષ્યો અતિશય કષ્ટો ભોગવી રહ્યા છે. જો તેઓ માત્ર શબ્દોથી નહિ, પરંતુ આચરણથી પણ સત્યધર્મના પાલન માટે તત્પર થઈ જાય તો તેઓ દુઃખોમાંથી અવશ્ય છુટકારો મેળવી શકે છે.

નારદજીએ પૂછયું-સત્યધર્મનું વ્યવહારિક સ્વરૂપ શું છે ? હે પ્રભુ ! કૃપા કરીને સ્પષ્ટ કહો.

નારદ બોલ્યા-સત્યવ્રત ધારણ કરનાર વ્યક્તિ સંસારમાં કેવા પ્રકારનું આચરણ કરે ? એ સમજાવો.

ભગવાન બોલ્યા-હે નારદ ! સત્યવ્રતીએ સત્યવ્રતનો મર્મ સારી રીતે સમજવો જોઈએ અને એ જ પ્રમાણે આચરણ કરવું જોઈએ. માત્ર વચનથી સત્યનું પાલન થઈ જતું નથી અને નથી સત્ય શબ્દોના વશમાં થતું. જેનાથી ધર્મની રક્ષા અને પ્રાણીમાત્રનું હિત થાય એ જ વાસ્તવમાં સત્ય છે.

ધર્મરૂપી વૃષભનાં ચાર ચરણ કહેવામાં આવ્યા છે- વિવેક, સંયમ, સેવા અને સાહસ, સત્યના સાધકે આ શ્રેષ્ઠ ગુણોને સતત વ્યવહારમાં લાવતા રહેવું જોઈએ અને એમને ધીરે ધીરે વધારે સફળ બનાવતા જવું જોઈએ. તેણે આત્મચિંતન, આત્મશુદ્ધિ, આત્મનિર્માણ અને આત્મવિકાસના ક્રમમાં કોઈપણ પ્રકારની ઢીલ આવવા દેવી જોઈએ નહિ.

સત્યવ્રતીનું કર્તવ્ય છે કે તે ઉદારતાપૂર્વક પછાત લોકોને ઊંચા ઉઠાવવાનો પ્રયત્ન કરે અને આ કાર્યમાં સાહસ તથા ધૈર્યપૂર્વક નિરંતર લાગેલો રહે. સત્યવ્રત વાળો પ્રત્યેક વિષયને વિવેક અને ન્યાયની કસોટી પર કસે છે અને યોગ્ય વાતનો જ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વીકાર કરે છે. આવી વ્યક્તિ સારી રીતે જાણી લે છે કે સત્યરૂપી ભગવાન સર્વત્ર ઉપસ્થિત છે અને દયાળુ હોવા છતાં પણ નિષ્પક્ષતા અને ન્યાયનું પાલન કરે છે.

એટલે સત્યવ્રતીને નિશ્ચય હોય છે કે સંસારમાં સદા ઉત્તમ વ્યવહાર અને શુભ કર્મ કરવાં એ જ ભગવાનની સાચી પૂજા છે. તે આ સમસ્ત જગતને ભગવાનનું જ વિરાટરૂપ માને છે. એટલે બધાં પ્રાણીઓની સેવા અને તેમનું હિત-ચિંતન જ તેને ભગવાનની સાચી ભક્તિ અને અર્ચના જણાય છે. આવો મનુષ્ય પોતાના સુખની ચિંતા કરતો નથી, પરંતુ સમાજની અભિવૃદ્ધિનું સૌથી પહેલાં ધ્યાન રાખે છે.

આ સેવાકાર્યને યોગ્ય રીતે સંપન્ન કરવા માટે તે પોતાના શરીર અને મનના આરોગ્યને પણ સ્થિર રાખવાનું પુરૂં ધ્યાન રાખે છે. આહાર-વિહારની નિયમિતતા તથા નિરીક્ષણ દ્વારા ઈન્દ્રિયોને યોગ્ય કાર્યોમાં લગાવી રાખે છે. એમને ભટકવા દેતો નથી. સત્યવ્રતીને ચિંતા, નિરાશા, ઉદ્વેગ, ભય વગેરે મનોવિકારો ભ્રાંતિમાં નાખી શકતા નથી.

દઢતા, સંતુલન, દૂરદર્શિતા, નિર્ભયતા, પ્રસન્નતા અને ઉજ્જવળ ભવિષ્ય પર દઢ વિશ્વાસ એ સત્યવ્રતીના સ્વાભાવિક ગુણો હોય છે. જે દોષોને દૂર રાખીને વ્યક્તિત્વને શ્રેષ્ઠ બનાવે છે. તેની વાણી, નમ્રતા, સજ્જનતા, સત્ય તથા પ્રેમથી યુક્ત મધુર અને પ્રિય લાગે એવી હોવાની સાથે સાથે બીજાનું હિત સાધવામાં પણ સમર્થ હોય છે.

તે કર્તવ્યોની તુલનામાં સુખોને તુચ્છ માને છે અને મોટામાં મોટાં પ્રલોભનો પણ તેને કર્તવ્યપાલનમાંથી ડગાવી શકતાં નથી. શ્રમ અને ન્યાયપૂર્વક કમાવું અને કંજૂસાઈ તથા અપવ્યયથી દૂર રહીને ધનનો યોગ્ય વ્યય કરવો એ સત્યવ્રતીનાં લક્ષણ છે. તે ધન, જ્ઞાન વગેરે વિભૂતિઓને ઈશ્વરની પવિત્ર અનામત માને છે અને એમને કેવળ સ્વાર્થમાં જ ન લગાવી રાખીને જનહિત માટે લગાવતો રહે છે.

આવી વ્યક્તિ પોતાના પરિવાર અને સમાજને એક બાગ માનીને કર્તવ્યનિષ્ઠ માળીની જેમ એની શુદ્ધિ, પોષણ અને વૃદ્ધિ કરતી રહે છે. તેને બધાંના હિતમાં જ પોતાનું હિત દેખાય છે તથા પોતાને ખરાબ લાગનારો વ્યવહાર તે બીજાઓ સાથે કરતો નથી તે આળસુ અથવા પ્રમાદી હોતો નથી, પરંતુ સત્યકાર્યમાં શ્રમ કરવા સદા તત્પર રહે છે. એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવતો નથી.

તે બીજાંઓમાં જ દોષ શોધવાના સ્વભાવથી મુક્ત રહે છે, બીજાની નિંદા કરતો નથી તથા ઈર્ષા, દ્વેષ, ચાડી, મદ, મત્સર વગેરે દોષોથી દૂર રહે છે. આ રીતે જે મનુષ્ય સત્ય રૂપી ભગવાનને પોતાના હૃદયમાં સ્થાપે છે અને આચરણમાં નિષ્ઠાપૂર્વક તેમનો સમાવેશ કરી લે છે, તે નિઃસંદેહ ભગવાનની પરમ કૃપાનો અધિકારી બની જાય છે.

સત્યવ્રતી પાસેથી સંસારનાં બધાં કષ્ટો, બધી આપત્તિઓ ડરીને ભાગી જાય છે. તેઓ વિઘ્નો વિનાનું જીવન જીવે છે. તેમને ભવબંધનોમાંથી મુક્તિ મળી જાય છે અને તેઓ સ્વર્ગના દેવતાઓની જેમ સુખ અને સંતોષનું જીવન જીવે છે. એટલે હે નારદ ! તમે મૃત્યુલોકમાં જઈને જલદીથી મનુષ્યો સુધી આ ઉત્તમ વ્રતનો સંદેશો પહોંચાડી દો.

આ વ્રતને સાંભળી, એમાંથી પ્રેરણા લઈને પોતાના આચરણમાં એને લાવવાથી તેમના સમસ્ત કષ્ટો અવશ્ય દૂર થઈ જશે. નારદજી ભગવાનનો અનુગ્રહ માનતા તેમનાં આચરણોમાં પ્રણામ કરીને આ મહાવ્રતનો સંસારમાં પ્રસાર કરવા તરત નીકળી પડ્યા.

✣ ✣ ✣

**卐 નથી વગતળેની જમીન ઓછી કે નથી માથા પર છવાયેલું આકાશ નાનું. નાનું તો ફક્ત મગજ છે, જે સ્વાર્થો વિશે જ વિચારે છે. જો તે હૃદયને અધીન થઈ શકે, તો કોઈને કોઈ વસ્તુની કમી નથી.**

**卐 સહાનુભૂતિ બીજાઓનું પ્રેમ પ્રાપ્ત કરવાનો સર્વોત્તમ ઉપાય છે અને આત્મસંતોષનું સર્વસુલભ સાધન છે.**

**卐 સામર્થ્ય હોવા છતાં જે પરમાર્થના કાર્યો કરતો નથી, તે નિંદનીય છે, પરંતુ જે બીજાઓને પણ પોતાના જેવી કૃપણતા અપનાવવાની સલાહ આપે છે તે તેના કરતા પણ વધુ નિંદનીય છે.**

**卐 અભિમાન એક પ્રકારનો તાવ છે, જેને ઉતાર્યા વિના આધ્યાત્મિક સ્વાસ્થ્યનો લાભ મળી શકતો નથી.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગૌ સંવર્ધન સ્તંભ

# ગ્રામીણ ઊર્જાના સ્વાવલંબી સ્રોત-છાણ અને બળદ

***૧. દેશની આજકાલની ઊર્જા-સ્થિતિ :***

આપણા દેશમાં ખેતી, વ્યાપાર ધંધામાં તથા ઘરગથ્થુ ઉપયોગમાં વપરાતી ઊર્જાના મુખ્ય સાધનો પેટ્રોલિયમ પદાર્થો પર આધાર રાખે છે. આ ક્ષેત્રમાં ઊર્જાની વપરાશમાં સતત વૃદ્ધિ થઈ રહી છે તથા ઘરગથ્થુ કાચા તેલના ઉત્પાદનથી આત્મનિર્ભરતાનો સ્તર સતત ઘટતો જઈ રહ્યો છે. આપણે ૧૯૮૪ થી ૧૯૮૫ના વર્ષ દરમિયાન કુલ જરૂરિયાતની ૭૦ ટકા માંગ પૂરી કરવા માટે આત્મનિર્ભર હતા, પરંતુ ૧૯૯૭-૯૮ દરમિયાન આ આત્મનિર્ભરતા ઘટીને માત્ર ૩૫ ટકા જ રહી ગઈ છે અને ૬૫ ટકા કાચા તેલ માટે આપણે વિદેશો પર આધાર રાખીએ છીએ. આ પરાવલંબન આગામી નવી યોજનાના અંતમાં ૭૦ થી ૭૫ ટકા સુધી પહોંચાવાની સંભાવના છે. પરાવલંબનની સાથે આ તેલ સળગાવાથી જે ધુમાડો નીકળે છે, તેનાથી પ્રદૂષણ અંગેની વિકરાળ સમસ્યા પેદા થઈ રહી છે.

***ગ્રામીણ ક્ષેત્ર માટે વૈકલ્પિક સ્રોત-છાણ અને બળદ :***

ઉપરોક્ત સંદર્ભમાં ગ્રામીણ ક્ષેત્ર માટે ઊર્જાનો એકમાત્ર નૈસર્ગિક સ્રોત આપણાં પશુ છે, એમાંય વિશેષતઃ ગોવંશ એનાથી વિભિન્ન ઉપયોગો માટે કેવળ ઊર્જા જ નહીં પરંતુ ડીઝલ અને કીટનાશકોના ઉપયોગથી થતા પ્રદૂષણથી પણ બચી શકાય છે અને ખેતીને પણ ટકાઉ આધાર આપી શકાય છે. પશુધન ઊર્જાને મુખ્યત્વે બે ભાગોમાં વહેંચી શકાય છે :

***પશુધન ઊર્જાને મુખ્યત્વે બે ભાગોમાં વહેંચી શકાય છે :***

*ગોવંશ ગ્રામ્ય શક્તિનું અનંત સ્રોત છે :*

*શક્તિના સ્રોત રૂપે છાણ :*

*ગોબર ગેસ યંત્ર દ્વારા ગેસનું ઉત્પાદન :*

કહેવાતા બિનઉપયોગી ગોવંશના છાણાથી ગોબર ગેસ પ્લાન્ટ બનાવી શકાય, જે આજે કતલખાને જઈ રહ્યો છે. આ ગેસના ઘણા લાભો છે.

(ક) આ ગેસનો ઉપયોગ ઇંધણ તથા પ્રકાશ માટે કરી શકાય.

(ખ) બળતણરૂપે ગેસના ઉપયોગથી તથા ગેસ પ્લાન્ટના વિસ્તાર-પ્રચલનથી બળતણ માટે કરવામાં આવતું જંગલોના છેદનને ઓછું કરી શકાય છે, જેના દ્વારા પર્યાવરણ રક્ષણની સંભાવના વધી જાય છે.

(ગ) ગામડાઓના લોકોને ધુમાડા રહિતનું સ્વચ્છ બળતણ મળે છે કે જેના અભાવે તેમને આંખના રોગો થતા હોય છે, આંખો નબળી પડી જાય છે, પરંતુ આ બળતણના ઉપયોગથી આ રોગોથી મુક્તિ મળે છે.

(ઘ) ગોબરગેસ મશીનમાંથી નીકળતા પાતળા છાણનો ઉપયોગ કરી શકાય, જે ખેતી માટે વધારે અસરકારક છે.

***ગોબર ગેસ દ્વારા વીજળી પેદા કરી શકાય :***

ગોબર ગેસના પ્લાન્ટ દ્વારા જનરેટર ચલાવી વીજળી પેદા કરી શકાય. આ રીતે ગેસ દ્વારા જનરેટરમાં માત્ર ૨૦ ટકા ડીઝલનો ઉપયોગ થાય છે, જે ઓછા પ્રમાણમાં પ્રદૂષણકારી છે. જનરેટર દ્વારા પેદા કરવામાં આવતી વીજળીથી વીજળી દ્વારા ચલાવવામાં આવતા સાધનો જેવા કે મોટર તથા પંખા વગેરે ચલાવી શકાય. વિદ્યુત ટેક્નૉલોજી પર જે આટલું દબાણ થઈ રહ્યું છે તે ઓછું થઈ કોઈપણ ગ્રામ્ય ઔદ્યોગિક વિકાસ માટે એટલી જ વીજળી કામમાં લાવી શકાય, જેનાથી દેશની આર્થિક સમૃદ્ધિમાં મદદ થશે.

***ઊર્જા માટે છાણાનો ઉપયોગ :***

ગામડાઓમાં છાણમાંથી બનેલા છાણાં પણ શક્તિનું એક ઘણું મોટું સાધન છે. અનાજ રાંધવા, દૂધ ગરમ કરવા, આયુર્વેદિક ઔષધિઓ તૈયાર કરવા, બાળકોને શેક કરવા, પૂજા, યજ્ઞ તથા અગ્નિસંસ્કારમાં મોટા પ્રમાણમાં છાણાનો ઉપયોગ થાય છે.

***બળદ ઊર્જાના મુખ્ય સ્રોતરૂપે :***

ગામડાઓમાં ખેતીવાડીનાં તમામ કાર્યોની સાથે સાથે વજન ખેંચવા, વાહન-વ્યવહાર માટે બળદ જ મુખ્ય સાધન છે. આજે એવાં કેટલાંય સંશોધનો છે જે પ્રગતિ કરી રહ્યાં છે કે જેમાં પશુઊર્જા (animal power)ને મિકેનિકલ પાવરમાં બદલવામાં આવી રહી છે.

***ગોવંશ ગ્રામોદ્યોગ/કુટીર ઉદ્યોગોનો આધાર છે :***

આર્થિક દષ્ટિએ ગોવંશનું મૂલ્યાંકન કરીએ, તો નિષ્કર્ષ નીકળે છે કે જન્મથી મૃત્યુ સુધી ગોવંશનો કોઈપણ અંગ અથવા કાર્ય એવું નથી કે જે બિનઉપયોગી અથવા પ્રકૃતિને પ્રતિકૂળ હોય. ગોવંશના શરીરનો પ્રત્યેક અંગ, તેનું દૂધ અને ઉત્સર્જન આપણા જીવન માટે અત્યંત ઉપયોગી છે. રોગોપચાર માટે અનેક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આયુર્વેદિક દવાઓથી માંડીને રોજિંદા જરૂરિયાતોના કેટલાક ઉત્પાદનો એના આધારે બની રહ્યા છે, જે ગ્રામોદ્યોગ/કુટીર ઉદ્યોગો દ્વારા સ્વાવલંબી માળખું ઊભું કરવા માટે ચમત્કારિક ભૂમિકા નિભાવી શકે છે. તેમને લોકોની જાણમાં અને પ્રચલનમાં લાવવાની જરૂર છે. ગોમય-ગોમૂત્રમાંથી ખાતર, કીટનાશક, સાબુ, શેમ્પૂ, દંતમંજન, મલમ, અગરબત્તી તથા વિભિન્ન રોગોની દવાઓ બને છે, જેની વિસ્તૃત જાણકારી પાછલા લેખોમાં આપવામાં આવી છે. મૃત ગાયના અહિંસક ચામડાથી બનેલાં જૂતાં, પર્સ વગેરે પર અહિંસક ચર્મ ઉદ્યોગ ચાલે છે. શિંગડાં, ખૂર વગેરેમાંથી રમકડાં તથા સજાવટી સામાન બનાવવામાં આવે છે. ગાયના હાડકાઓને જમીનમાં દાટીને ઓર્ગેનિક ખાતર બનાવવામાં આવે છે, જે રાસાયણિક ખાતર કરતા વધુ સ્થાયી ઊપજશક્તિ આપે છે તથા હાડકાંના ભૂકાનો ઉપયોગ અન્ય ઉદ્યોગોમાં પણ થાય છે.

તેથી સ્પષ્ટ છે કે હાલના અનેક ક્ષેત્રોની સમસ્યાઓ જેવી કે- કૃષિ, ઉદ્યોગ, ઊર્જા, પર્યાવરણ તથા સ્વદેશી વગેરેના દષ્ટિકોણથી ગોવંશનું સૌથી વધુ મહત્ત્વ છે. બાયોગેસ, ઊર્જા, જૈવિક ખાતર, રાસાયણિક વિષાક્તતાથી મુક્ત કીટનાશક, શુદ્ધ આયુર્વેદિક ઔષધિઓની ઉપલબ્ધતા તથા બીજાને ગુણવત્તાવાળા અને શુદ્ધ કરવાની વિધિઓનો આધાર છાણ અને ગોમૂત્ર છે. ગોરસ-ગોમયના મહત્તમ ઉપયોગથી ગોધન પર આધારિત પ્રદૂષણમુક્ત, સ્વાવલંબી તથા સ્વદેશી અર્થવ્યવસ્થાને સાકાર રૂપ આપીને ગોપાલનને લાભકારી ઉદ્યોગ બનાવી વધુ ખર્ચ વિના આપણા દેશની ગરીબ જનતાની ગરીબી દૂર કરવા તથા લાખો બેરોજગારોને કામ અપાવીને બેરોજગારી દૂર કરવાનું કાર્ય થઈ શકે છે તથા રાષ્ટ્રની સમૃદ્ધિનો આધાર ઊભો કરી શકાય છે.

***ગોબરગેસ ઊર્જા (બાયોગેસ) પર એક દષ્ટિ :***

૧. એક પુખ્તવયની વ્યક્તિ માટે એક દિવસનો આહાર રાંધવા તથા ઘરમાં પ્રકાશ માટે ત્રણ ચાર કલાક લેમ્પ સળગાવવા સરાસરી ૮ ઘનફૂટ ગેસ પૂરતો છે અર્થાત્ ૪ થી ૫ સભ્યો ધરાવતા કુટુંબ માટે ૧ ઘન મીટર (૩૫ ઘન ફૂટ) ગેસ પૂરતો છે.

૨. બાયોગેસ પ્લાન્ટમાં છાણને એવી રીતે નાખવું જોઈએ કે યોગ્ય સમય (૪ દિવસનો રિટેંશન પીરીયડ) સુધી સડતું રહે તો ૧ કિલો છાણમાંથી ૧.૩ ઘન ફૂટ ગોબર ગેસનું ઉત્પાદન થાય. અર્થાત્ ૩૫ ઘનફૂટ ગેસ માટે દરરોજ ૨૫ કિલો છાણની જરૂરિયાત છે.

૩. એક ગાય દરરોજ ૭ થી ૧૦ કિલો તથા ભેંસ ૧૨-૧૫ કિલો છાણ આપે છે. અર્થાત્ ૨૫ કિલો છાણ (૨૫ ઘનફૂટ ગેસ) માટે ૧ ગાય અને બળદ પૂરતા છે. આ રીતે ૪ થી ૫ સભ્ય ધરાવતા કુટુંબ માટે ૩ ઢોર દ્વારા રાંધવાની તથા પ્રકાશની વ્યવસ્થા થઈ શકે છે.

૪. ૧ ઘનમીટર થી ૮૫ ઘનમીટરની શક્તિ ધરાવતા બાયોગેસ પ્લાન્ટ લગાવી શકાય. પરંતુ એક સામાન્ય કુટુંબ માટે ૧ થી ૪ ઘનમીટર (૩૫-૧૪૦ ઘનફૂટ) શક્તિ ધરાવતો પ્લાન્ટ જોઈએ.

૫. ગોબરગેસ પ્લાન્ટ લગાવવાનો સરાસરી ખર્ચ ૮૦૦૦ રૂ. (જુદા જુદા માપ અનુસાર ૬ થી ૮ હજાર રૂપિયા) આવે છે.

૬. સરખા પ્રમાણમાં છાણ તથા પાણી એકઠું કરી તેનો રગડો બનાવી પછી તેને બાયોગેસ પ્લાન્ટમાં નાખવામાં આવે છે. અહીં એ વાત યાદ રાખવી જોઈએ કે છાણ તથા પાણી આપોઆપ એક બીજા સાથે ભળી જતા નથી એટલા માટે તેનો ઘોળ-રગડો બનાવી નાખવો પડે છે. અગર જો પહેલાં છાણ નાખી પછી તેની ઉપર પાણી નાખવામાં આવે તો ઇચ્છીએ તેવું પરિણામ આવતું નથી.

૭. સામાન્ય રીતે છાણની સડવાની ક્રિયા ૩૦ દિવસમાં આરંભ થઈ જાય છે. અર્થાત્ છાણને એવી રીતે નાખવું જોઈએ, કે ૪૦ દિવસનો જે તેનો સામાન્ય અટકાવી રાખવાનો સમય રિટેંશન પિરિયડ છે, ત્યાં સુધી તે ત્યાં પડ્યું રહે. અગર જો તે બહાર આવી જશે તો ગેસ નહીં બની શકે.

***૨. પશુજન્ય ઊર્જા :***

ગામડાંઓમાં લગભગ ખેતીનાં તમામ કાર્યો જેમ કે ખેડાણ, વાવણી, કાપણી, નીંદામણ, સિંચાઈ, શેરડીની રોપણી, સરસવની રોપણી વગેરે બળદ દ્વારા થતાં હોય છે. આવાગમન તથા માલસામાન વહનનું તમામ કાર્ય બળદ ગાડા દ્વારા કરવામાં આવે છે. ટ્રક અને ટ્રેક્ટરો જેટલો સામાન ખેંચે છે, તેના કરતાં

**વિપત્તિઓમાં ધૈર્ય, વૈભવમાં ક્ષમા, સભામાં વાક્કુશળતા, યુદ્ધમાં વીરતા, શાસ્ત્રોમાં વ્યસન જેવી બાબતો સજ્જનોમાં સ્વભાવથી જ હોય છે. ક્ષણભર સત્સંગને પણ ભવસાગર પાર કરવા માટે નૌકા સ્વરૂપ સમજો. મનુષ્યની બુદ્ધિ તો મગજમાં રહે છે, પરંતુ કીર્તિનું સ્થાન ત્યાં છે, જ્યાં તે ઊઠે-બેસે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બળદગાડા દ્વારા વધુ વજન ખેંચવામાં આવે છે. તે ખાડા ટેકરાંવાળા રસ્તાઓ ઉપર પણ ચાલી શકે છે તથા ઘરના દરવાજા સુધી સામાન પહોંચાડી શકે છે. એક અનુમાન અનુસાર ઢોરોની ઘટતી જતી સંખ્યાની ચિંતાજનક સ્થિતિમાં આપણા દેશમાં આજે પણ ૪ કરોડ, ૬ લાખ ૭૦ હજાર હળ તથા ૧ કરોડ, ૩૦ લાખ બળદગાડા છે. આ નિર્વિવાદ સત્ય છે, કે દેશના ગ્રામ્ય વિસ્તારમાં બળદની ઊર્જા ન માત્ર વ્યવહારિક છે, પરંતુ સામાયિક પણ છે અને રહેશે પણ પ્રશ્ન એ છે કે, જે ખેડૂતોને કઠોર મહેનત કરવી પડે છે, તેનાથી તેમને કેવી રીતે બચાવી શકાય તથા બળદોની શક્તિ અને ઉપયોગ પણ કેવી રીતે વધારી શકાય. આ ક્રમમાં બળદની ઊર્જાની શક્તિ વધારવા તથા બળદની ઊર્જા પર આધાર રાખતા સાધનોને સરળ બનાવવા માટે અને મહત્ત્વનાં કાર્યો કરવામાં આવ્યાં છે તથા અત્યારે ભવિષ્યના ગર્ભમાં અનેક સંભાવનાઓ છુપાયેલી પડી છે.

<u>૧. *બળદ દ્વારા ચાલતું ટ્રેક્ટર :*</u>

ભોપાલ મધ્યપ્રદેશના નબીબાગ ખાતે આવેલા સેન્ટ્રલ ફારમિંગ મિકેનિકલ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટે બળદની માલ વહનની શક્તિ વધારવા તથા ખેડૂતોની મહેનત ઓછી કરવા માટે બળદો દ્વારા ચલાવી શકાય તેવું ત્રણ પૈડાવાળું એક ટ્રેક્ટર બનાવ્યું છે. એનો ઉપયોગ એ છે કે, ખેડૂત ટ્રેક્ટરની જેમ તેની ઉપર બેસી બળદ દ્વારા થતા ખેતીનાં તમામ કાર્યો જેમ કે ખેતરનું ખેડાણ, વાવણી, નીંદામણ સુધીનાં તમામ કાર્યો કરી શકે છે. તે હળ કરતાં ૨ થી ૩ ઘણું વધારે કાર્ય કરી શકે છે.

<u>૨. *પંચર રહિતનાં ટાયરોવાળાં બળદગાડા :*</u>

આજ સુધી બળદગાડાનાં પૈડાં લાકડાંમાંથી બનાવવામાં આવતાં રહ્યાં છે અને તેની ઉપર લોખંડનો વાટો રીંગ ચઢાવવામાં આવતી હતી. થોડાંક વર્ષ પહેલાં ડનલોપ કંપનીએ મોટર, ખટારાની જેમ આ બળદગાડાનાં પૈડાં ઉપર ટાયર ટ્યૂબ લગાવ્યા. પરિણામે નિઃશંક બળદની ભાર ખેંચવાની શક્તિમાં વધારો થયો અને બળદને ગાડું ખેચવું હળવું બની ગયું પરંતુ તેને આશા રાખવામાં આવી હતી તેટલી સફળતા ન મળી શકી. એનું મુખ્ય કારણ એ છે કે, જયારે ગાડાના પૈડામાંથી હવા નીકળી જઈને પંક્ચર બની જાય ત્યારે બિચારો ખેડૂત નિઃસહાય બની જાય છે. આ મુશ્કેલીને દૂર કરવા માટે ભારત સરકારના ભોપાલ ખાતેના સેન્ટ્રલ ફારમિંગ મિકેનિકલ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટે બસ તથા ટ્રકોનાં જૂનાં ટાયરો લઈને તેમાં નાળિયેરના છોતરાં ભરી તેને પંક્ચર વગરના બનાવી દીધાં.

<u>૩. *બળવાન બળદગાડું :*</u>

સાંગલી (મહારાષ્ટ્ર) કસ્ટમરી સાયંસ ઈન્સ્ટિટ્યૂટે પરંપરાગત ચાલ્યા આવતાં બળદગાડાને વિકસિત કરી એક બળવાનના નામથી એ જૂના બળદગાડાને નવું સ્વરૂપ આપ્યું છે. તેની નીચે મુજબની ખાસિયતો છે.

(૧) આ વિકાસ કરવામાં આવેલ બળવાન નામના ગાડાનો આખો ફરમો અર્થાત્ તેનું માળખું લોખંડનું બનેલું છે. તદ્દન નવી રીતથી બનાવવામાં આવેલાં આ બળદગાડાનો પૈડાનો વ્યાસ હાલમાં વપરાતાં બળદગાડા જેટલો જ છે. પરંતુ તે ગોળાકાર ધરીથી જોડાયેલાં દાંતાઓથી બનાવવામાં આવ્યું છે. બંને પૈડાની ધરી અલગ અલગ છે.

(૨) બળવાન નામના આ મોડલમાં સામાન લાદવા માટે ૩૦ ચોરસ ફૂટ જેટલી જગ્યા રાખવામાં આવી છે. જ્યારે પરંપરાગત ગાડાઓમાં માત્ર ૧૦ ચોરસ ફૂટની જગ્યા હોય છે.

(૩) આ નવા મોડલમાં ચેસિસની નીચે બેરિંગ બ્લોક લગાવવામાં આવ્યો છે. જે આસાનીથી આંચકા સહન કરી લે છે. તેમાં સ્ટબ એક્સલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ગાડાનો

**તમે પોતાનાં મનમાં જેવા વિચાર કરો છો તેવા જ બની જાવ છો, તેથી તમે જેવા બનવા માગો છો તેવા વિચાર કરો. મનની ભાવનાઓની અસર જીવનના કાર્યો પર અને તે કાર્યોની અસર શરીર પર પડે છે. જો તમે પોતાના શરીરને ઉન્નત બનાવવા ઇચ્છતા હો, જીવનની ગતિવિધિઓમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન લાવવા ઇચ્છતા હો, તો પાંદડે-પાંદડે ભટકવાનું છોડી મૂળની શોધ કરો. જીવનની સંપૂર્ણ સંપદાઓનો આધાર મન છે અને વિચાર કરવો તે મનનું કાર્ય છે. નબળી પરિસ્થિતિ હોય તો પણ કંઈ વાંધો નથી. વિચારો ઉચ્ચ રાખો. સ્વાર્થ, કપટ, ઢોંગ અને હિંસાના વિચાર મનુષ્યના સૌથી મોટા શત્રુ છે. સિંહ અને સાપની જેમ તેમનાથી દૂર રહો.**

**પોતાનું હૃદય પરોપકાર, પ્રેમ, દયા અને ત્યાગના શુભ વિચારોથી ભરેલું રાખો. કોઈની સક્રિય સહાયતા ન કરી શકો તો પણ બે ટીપાં સહાનુભૂતિના આંસુ વહાવી દો. તમારા વિચારો જેટલા પવિત્ર બનતા જશે, તેટલું જ હૃદય વિશાળ બનતું જશે અને પરમાત્મા દ્વારા વધુ વિભૂતિઓ ભરી દેવામાં આવશે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફરમો એવી રીતે બનાવવામાં આવ્યો છે, કે તેને ગાડાની લંબાઈના હિસાબથી વ્યવસ્થિત કરી શકાય.

(૪) આ ગાડાના પૈડામાં ખાસ પ્રકારના સપોર્ટરો લગાવવામાં આવ્યાં છે. જેથી આ સપોર્ટર સીધા જ મોટા ભાગનું વજન પોતાના ઉપર વહન કરી લે છે.

(૫) આ ગાડામાં બ્રેકની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

(૬) આ નવા ગાડામાં વજન ખેંચવાની શક્તિ પરંપરાગત ચાલ્યા આવતા ગાડા કરતાં બે ગણી વધુ છે.

(૭) એનો સમારકામનો ખર્ચ પણ નહિવત્ આવે છે.

(૮) ગાડાની ગતિ વધારવા માટે તેના પૈડાં પર રબર ચઢાવવામાં આવ્યું છે. તેનાથી રોડ-રસ્તાને કોઈ નુકસાન થતું નથી. ખેડૂતો માટે આ બળદગાડું ખૂબ જ ઉપયોગી તથા ફાયદાકારક સાબિત થયું છે.

**૪. _ગ્રામ્યલક્ષ્મી બળદગાડું :_**

હમણાં તાજેતરમાં ગ્રામ્યલક્ષ્મી નામનું વિકાસ કરવામાં આવેલું એક નવું ગાડુ અસ્તિત્વમાં આવ્યું છે. પાછલાં દિવસોમાં ભારત સરકારના વહાણ બાંધકામ ખાતાની પ્રેરણાથી સંપૂર્ણ રૂપે લોખંડમાંથી બનાવવામાં આવેલા આ ગાડાનું બેંગલોરની સાયન્સ એન્ડ ટેકનૉલોજી શાખા તથા ઈન્ડિયન મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટે યોજેલા એક મેળામાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેની અંદર બે બળદના બદલામાં માત્ર એક બળદ દ્વારા કામ ચલાવી શકાય છે. આ ગાડામાં બ્રેકની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. જે બે ગણું વજન અને સામાન ખેંચી શકે છે.

**૫. _રેંટ દ્વારા વીજળીનું ઉત્પાદન :_**

મુંબઈની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રેનિંગ ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયરીંગે નાઈટી નામનું એક એવું મશીન બનાવ્યું છે, કે જ્યારે બળદ વડે રેંટ ફરતો હોય ત્યારે તેનાથી વીજળીનો પ્રવાહ પેદા થાય છે. આ મશીન વડે બે બળદ દ્વારા સતત એક હોર્સપાવર અર્થાત્ ૭૮૬ વોલ્ટ વીજળી પેદા કરી શકાય.

**_બળદની શક્તિનો અન્ય ઉપયોગ :_**

સરકારી આંકડાઓ અનુસાર આખા વર્ષમાં બળદનો ઉપયોગ માત્ર ૫૦ થી ૧૦૦ દિવસ જેટલો કરી શકાય છે. બાકીના દિવસો ખાલી રહેતાં હોય છે. એનો ઉપયોગ વધારવા માટે ભોપાલમાં આવેલી સંશોધન સંસ્થાએ એક એવું સાધન બનાવ્યું છે, કે જેના દ્વારા એક જ જગ્યાએ ફેરવવાથી ૮૦૦ થી ૧૦૦૦ આંટા જેટલી ગતિ મળી જાય છે. આ ગતિ અને શક્તિ વડે અનેક પ્રકારના વીજળી વગરના અને ડિઝલ વગેરેના ખર્ચ કર્યા વગર અનેક પ્રકારના ગ્રામોદ્યોગ ચલાવી શકાય છે. જેમાં મુખ્યત્વે ઘાસ કાઢવું, અનાજ કાપવું, લોટની ઘંટી ચલાવવી, દાળની ઘંટી ચલાવવી, સંઘાડિયાનું ખરીદવાનું કામ તથા ઘાસની ગાંસડી બાંધવાનું કામ વગેરે કરી શકાય છે.

અર્થાત્ એ વાત ચોક્કસ છે, કે ભારતમાં અન્ય ક્ષેત્રો પર જેટલું ધ્યાન આપવામાં આવે છે એટલું જો બળદની શક્તિ તથા છાણની ઉર્જા ઉપર ધ્યાન આપવામાં આવે તો આશ્ચર્યજનક લાભ મેળવી શકાય તથા આ ગામડાંઓનું એવું કયું કાર્ય છે કે, જે વીજળી તથા ડિઝલ વગર જાનવરોની ઊર્જા વડે પૂરું થઈ શકતું નથી. આજની ઊર્જાની દયાજનક સ્થિતિમાં એના સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નથી. આપણે સમય રહેતાં એના પ્રત્યે સાવધાન થઈ જવું જોઈએ.

***

***બે ફકીરોમાં ગાઢ મિત્રતા થઈ ગઈ. તેઓ સાથે સાથે પ્રવાસ કરતા. એમાંથી એક દુર્બળ અને બીજો હૃષ્ટપુષ્ટ હતો. જે દુર્બળ હતો તે બે-ત્રણ દિવસ સુધી ઉપવાસ કરતો અને જે હૃષ્ટપુષ્ટ હતો, તે દિવસમાં ત્રણ વખત ખાતો. દૈવયોગે બન્નેને જાસૂસ સમજી એક નગરના ફાટક પર કેદ કરી લેવામાં આવ્યા અને કોઠડીમાં કેદ રાખવામાં આવ્યા. જે કોઠડીમાં તેમને રાખવામાં આવ્યા હતા, તેનો દરવાજો પણ માટીથી બંધ કરી દેવામાં આવ્યો. પંદર દિવસ બાદ તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા અને દરવાજો ખોલીને બહાર કાઢવામાં આવ્યા. એમાંથી જે જાડો અને તાજો હતો તે મરેલો મળ્યો અને જે દુબળો-પાતળો હતો, તે જીવિત મળ્યો. આ ઘટનાથી લોકોને ઘણું આશ્ચર્ય થયું. એક હકીમે કહ્યું-જો જાડો માણસ જીવતો રહ્યો હોત અને દુબળો મરી જાત તો વધુ આશ્ચર્યની વાત થઈ હોત, કેમ કે જે માણસ ખાઉધરો હતો, તે ઉપવાસ કરી શકે તેમ ન હતો. જે માણસ દુર્બળ હતો, તે ઉપવાસનો અભ્યાસી હતો. અને પોતાની કાયાને બચાવીને રાખી શકતો હતો, તેથી બચી ગયો. જે મનુષ્યને થોડું ખાવાની આદત હોય છે, તે સુખેથી સંકટ સહી લે છે, પરંતુ જે સુખના દિવસોમાં નાક સુધી ઠાંસી-ઠાંસીને ખાય છે, તેને ટેવને કારણે ડૂબી મરવું પડે છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## મહિલા જાગરણ

# માતૃશક્તિ જ ઉદ્ધાર કરશે

જ્યારે સૃષ્ટિનો આદિ ક્રમ શરૂ થયો હતો, ત્યારે દેવ અને દાવનો કરતા પણ મનુષ્યની શક્તિને પ્રબળ માનવામાં આવતી હતી. દરેક ક્ષેત્રે માનવી તેમનાથી આગળ હતો. વિદ્યા, બળ, બુદ્ધિ, વૈભવ બધામાં મનુષ્ય જ અગ્રણી હતો. તે જ્યારે ઇચ્છતો ત્યારે દાનવોને કચડી નાખતો અને દેવોને હરાવી નાખતો હતો. તે દિવસોમાં માનવશક્તિથી બધા ભયભીત રહેતા હતા.

એક દિવસ દેવ-માનવોએ સૃષ્ટિકર્તા બ્રહ્માજી પાસે ફરિયાદ કરી, ''આપે મનુષ્યને એટલો સશક્ત બનાવ્યો છે કે તે બધાને ભયભીત રાખે છે, તેની શક્તિ આગળ કોઈનું ચાલતું નથી. ધરતીનો સમગ્ર વૈભવ તેના હાથમાં છે. અમે ફક્ત તેના આશ્રિત રહી ગયા છીએ. અમને પણ એ અધિકાર આપો, જેથી અમે સ્વતંત્ર રીતે જીવી શકીએ, મનુષ્યથી ડરવાની વાતનો અંત આપ જ કરી શકો છો.''

બ્રહ્માજીએ વિચાર્યું અને ઉત્તર આપ્યો, ''જ્યાં સુધી માનવીને માનવીની 'નારી' શક્તિ મળતી રહેશે, તે અજેય છે, અજેય રહેશે, અમે તે માટે કશું કરી શકતા નથી.'' દેવ-દાનવો પાછા વળી ગયા, પરંતુ એ રહસ્ય જાણી ગયા કે મનુષ્યને કેવી રીતે હરાવી શકાય છે ? તે પછી જ્યારે પણ મનુષ્ય સાથે લડવાનો અવસર મળ્યો ત્યારે સૌપ્રથમ એમણે નારી શક્તિને પરાસ્ત કરી, ત્યારે મનુષ્ય શક્તિહીન થતો ગયો અને દેવ તથા દાનવો પ્રબળ થતા ગયા.

એકવાર આવો જ એક પ્રસંગ ભગવાન રામ સમક્ષ આવ્યો હતો. મેઘનાદે એવું ભયંકર યુદ્ધ કર્યું કે રીંછ અને વાનરોની સેના વ્યથિત અને વ્યાકુળ થઈ ઉઠી. રામે વિભીષણ સાથે મંત્રણા કરી. વિભીષણે બતાવ્યું, ''ભગવન ! મેઘનાદ તેની પતિવ્રતા અને સાધ્વી પત્ની સુલોચનાની શક્તિને કારણે અજેય છે. જ્યાં સુધી તેને એ શક્તિ મળતી રહેશે, ત્યાં સુધી મેઘનાદને કદાપિ જીતી ન શકાય.''

આવી બીજી પણ સેકડો અલંકારિક પૌરાણિક વાર્તાઓ છે, તે બધાનું રહસ્ય એ જ છે કે માતૃશક્તિથી વધીને મનુષ્ય પાસે બીજી શક્તિ નથી. નારીનો સ્નેહ, નારીનું સમર્પણ, નારીનો વિશ્વાસ, નારીનું વાત્સલ્ય, નારીનો સમભાવ અને નારીની સેવા એવી શક્તિઓ છે, જેમને પ્રાપ્ત કરી મનુષ્ય અમોઘ અને અક્ષય શક્તિશાળી બની જાય છે. જેની પીઠ પર માતાનો, સ્ત્રીનો હાથ હોય છે, તે અજેય બની સંસારમાં સફળતા પ્રાપ્ત કરે છે તથા આગળ વધે છે.

કોઈપણ સમાજનું સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક સ્તર તે સમાજમાં નારીઓની સ્થિતિ પર નક્કી થાય છે. ઈતિહાસ અને પુરાણને વ્યાપક દૃષ્ટિકોણથી જોવાથી જાણવા મળે છે કે નારીના અંતરની માતૃત્વ નિર્માણ તથા નેતૃત્વની શક્તિઓ જ પુરુષનો શારીરિક, માનસિક, ભૌતિક તથા આધ્યાત્મિક વિકાસ કરતી રહી છે, મનુષ્યને જીવનપથ પર આગળ વધારતી રહી છે.

સ્ત્રી શાંતિસ્વરૂપ અને પૂજ્ય છે, તે પરિવારની શોભા છે, દેવી છે, જ્યોતિ છે. તેની જ્યોતથી સંપૂર્ણ પરિવાર પ્રકાશિત થતો રહે છે, તેના અભાવમાં ઘર સૂનું લાગે છે. તે ઘરનો પ્રાણ છે. પ્રાણીમાત્રના દુઃખદર્દને સમજવાની અને સ્વાર્થને પરમાર્થમાં તબદીલ કરવાની વિરાટ ચિંતનવૃત્તિ પુરુષને નારીએ જ આપી છે.

સામાજિક સંગઠન અને પ્રગતિની પ્રેરક પણ તે જ છે. રાષ્ટ્રનું યશ, સૌભાગ્ય અને લક્ષ્મી પણ તે જ છે. જે દેશ અને જાતિમાં નારીનું પૂજ્ય સ્થાન હોય છે, એ જ દેશ અને જાતિઓ ગૌરવ પ્રાપ્ત કરે છે, માથું ઊંચું રાખીને સ્વાભિમાન સાથે અમર રહે છે.

અથર્વવેદ કહે છે -

**ब्रह्मापरं युज्यतां ब्रह्म पूर्व ब्रह्मान्ततो मध्यतो ब्रह्म सर्वतः ।**
**अनाव्याधां देवपुरां प्रपद्य शिवा स्योना पति लोके विराज ॥**

અથર્વ ૧૪/૧/૬૪

''હે મનુષ્યો ! પત્નીની પાછળ બ્રહ્મ (ઉચ્ચતા, મહાનતા) હો, આગળ બ્રહ્મ હો અને અંત સુધી બ્રહ્મ હો. આ રીતે સર્વત્ર બ્રહ્મથી ઘેરાયેલી તે પતિના હૃદયમાં રાજ્ય કરે.''



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આગળ, પાછળ અને મધ્યમાં બ્રહ્મ હોવાનો અર્થ એ છે કે તેને ચતુર્વિધ ઉચ્ચતા અને મહાનતાના વાતાવરણમાં રાખવી. કન્યાના રૂપમાં તેને સૌથી વધુ પ્રેમ અને વારસો હક પણ મળવો જોઈએ. તેને શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક વ્યવહારનું યોગ્ય તથા પૂર્ણ વાતાવરણ પણ મળવું જોઈએ. મધ્ય એટલે કે તે પતિગૃહની નિવાસી બને ત્યારે તે ઘરની સામ્રાજ્ઞી, રાણી તથા સત્તાધારી બનીને રહે. તેની આજ્ઞાથી ઘરની સંપૂર્ણ સ્થિતિનું સંચાલન થાય. સહચરત્વની ઉપેક્ષા કરવામાં ન આવે. તેની અનુમતિ વિના પતિ પણ કોઈ કાર્ય ન કરે. બીજા જ નહીં, પુરુષ પોતે પણ પત્નીના અનુશાસનમાં રહે.

તે જ્યારે માતા બને ત્યારે તેની આજ્ઞાનું પાલન કરી તેની ઉચ્ચતા સિદ્ધ કરે. સેવા-સુશ્રુષા દ્વારા સન્માનિત થયેલી માતાનો સ્નેહ અને વાત્સલ્ય એવી મોટી શક્તિ છે કે તે પરમાત્મા પણ આપી શકતો નથી. ભારતમાં પરમેશ્વરની પૂજા પિતા સમાન જ નહીં, માતાસમાન થાય છે. માતાનો શબ્દ અહીં સૌથી વહાલો અને નિકટના સંબંધ વિશે માનવામાં આવ્યો છે. જ્યારે કોઈ કષ્ટ થાય છે અને માથે મોટું દુ:ખ આવે છે ત્યારે આપણે જેટલું માતાને હૃદયના ઊંડાણથી યાદ કરીએ છીએ, તેટલું પરમાત્માને પણ યાદ કરતા નથી. તે સમયે આપણને જાણ થાય છે કે માતા કરતા વધુ સંવેદનશીલ, કરુણામય, દયાવાન અને સહાયક બીજું કોઈ હોઈ ન શકે. આવી શક્તિ તો સાચે જ સન્માનનીય અને પૂજનીય છે.

સમાજમાં નારી એક બહુ મોટી શક્તિ છે. આજ સુધી ઘરની બધી વ્યવસ્થા તેના હાથમાં જ રહી છે, આગળ પણ રહેશે. બાળકોનું પ્રજનન અને પાલન જ નહીં, પોષણ પણ તેના જ હાથમાં છે. બાળકોને માતા દ્વારા બાળપણમાં જે સંસ્કાર આપવામાં આવે છે, તેથી વધુ સંસ્કાર સંપર્કમાં આવનાર બીજી કોઈ વ્યક્તિ જીવનભરમાં વિકસાવી શકતી નથી. મિત્રો, પડોશીઓ અને કુટુંબીઓને પણ અસર થાય છે, પરંતુ બાળપણની શરૂઆતમાં જ જો માતા ભક્તિવાન અને શ્રદ્ધાવાન હોય, તો તેના દ્વારા જે સંસ્કારો બાળકોને મળે છે, તે સૌથી વધુ બળવાન હોય છે. જીવનમાં વિકાસના ચક્રોને સંસ્કારો જ ઝડપથી ખેંચી શકે છે.

આપણા દેશમાં દેવી દુર્ગાનો ઘણો મહિમા ગાવામાં આવે છે. દુર્ગા શક્તિનું પ્રતીક છે. નારીમાં શક્તિની આટલી સુંદર કલ્પના બીજે ક્યાંય થઈ નથી. એનામાં પણ પુરુષો જેવું ચૈતન્ય તત્ત્વ ભરેલું પડ્યું છે, આજે તેને જગાડવાની જરૂર છે. નારીઓના શરીર સજાવવામાં, રૂપપરાયણ કે ભોગપરાયણ બનાવવામાં નહીં, પરંતુ તેમને શક્તિ, સરસ્વતી અને સાધ્વી બનાવવામાં આપણું ગૌરવ છે. નારીમાં એ નિષ્ઠાઓનો વિકાસ થવો જ જોઈએ, જેમનો પડછાયો આપણે ભાવિ સંતતિ અને સમાજમાં જોવા ઇચ્છીએ છીએ.

લજ્જા, ભય કે સંકોચ સ્ત્રીના ગુણો નથી, પરંતુ વિનય, આત્મશ્રદ્ધા, નિર્ભયતા, શુચિતા, આત્મસૌંદર્યનો ભાવ આપણી માતાઓમાં જગાડવામાં આવે, જેથી તેઓ આ ગુણ ભાવિ સંતાનોને આપી શકે અને તેમનામાં એવી જ રીતે તેજસ્વિતા, મનસ્વીતા, વીરતા, સમર્થતા, મેધાના ભાવો ભરાતાં જાય અને અતીત કાળનો ગૌરવ એકવાર ફરીથી સ્પષ્ટ થાય.

માનવી શક્તિનું જાગરણ જ વિશ્વ પરિવર્તનનો આધાર છે. નારી વિધેયાત્મક શક્તિ છે. પુરુષ જે કામ શક્તિપ્રદર્શન દ્વારા કરે છે, તેને નારી સહજ સ્નેહ, સરળતા અને સૌમ્યતાથી પૂર્ણ કરી લે છે. યુગ પરિવર્તનનું મહત્ત્વપૂર્ણ પ્રયોજન પૂર્ણ કરવા માટે સંપૂર્ણ ભાવથી નારીને જગાડવી જોઈએ, તેને જ આગળ વધારવી જોઈએ અને વિશ્વશાંતિ માટે યોગ્ય વાતાવરણ બનાવવાની તેની પાસે જ યાચના કરવી જોઈએ. નારીતત્ત્વને પ્રતિષ્ઠિત અને પૂજ્ય બનાવ્યા વિના આપણો ઉદ્ધાર ન થઈ શકે.

✤ ✤ ✤

કોયલના બે બચ્ચાઓમાં વાર્તા શરૂ થઈ. જે નાનો હતો તે મોટી-મોટી વાતો કરતો હતો, ‘‘હું મોટો થઈને બૈજૂ બાવરા, તાનસેન તથા વિષ્ણુ દિગંબર પુલિસ્કર જેવો સંગીતજ્ઞ બનીશ.’’ માતા આ સાંભળીને બોલી, ‘‘બેટા ! આ તો પછી શીખી લેજે, પહેલાં આપણાં ઘરમાં બોલાતી મીઠી વાણીનો અભ્યાસ કર.’’



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દિશા બોધ

# જ્ઞાનયજ્ઞને વધુને વધુ વ્યાપક બનાવવામાં આવે

મનુષ્યનું સરળ, સુખદ અને ઉલ્લાસપૂર્ણ જીવન બીજા કોઈ કારણે નહીં, પરંતુ કેવળ તેના વિકૃત દૃષ્ટિકોણને કારણે જ કષ્ટદાયક, વિક્ષુબ્ધ અને અભાવગ્રસ્ત બનેલું છે. આપણી વિચારપદ્ધતિ ઊંધી થઈ ગઈ છે. જે રીતે સમસ્યાઓ પર વિચારો કરવો જોઈએ, તે રીતે કરતા નથી. જે રીતે વિચારવું જોઈએ, તે રીતે વિચારતા નથી. આજકાલ કંઈક એવો બુદ્ધિભ્રમ ઉત્પન્ન થઈ ગયો છે કે આપણે દિશા ભૂલીને લક્ષ્યથી સાવ ઊંધી દિશામાં ચાલી નીકળ્યા છીએ. પરિણામે જે મળવું જોઈએ, તે મળી રહ્યું નથી અને જે મળી રહ્યું છે, તેની નથી જરૂર કે નથી ઉપયોગિતા. આ બુદ્ધિભ્રમે જ આપણને ભુલભુલામણીમાં ભટકાવ્યા છે અને જંજાળમાં અટવાઈ દીધા છે. આ ગૂંચવાડામાંથી નીકળવા માટે બુદ્ધિભ્રમના નિરાકરણ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

જે દિવસે આપણે યોગ્ય રીતે વિચારવાનું, યોગ્ય આધારોને અપનાવવાનું શરૂ કરીશું તે જ દિવસથી આપણી શારીરિક, માનસિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનું ખૂબ સરળતાથી સમાધાન થઈ જશે. સ્વસ્થ વિચારો સ્થાપીને જ સમર્થ વ્યક્તિ અને સમર્થ સમાજની રચના કરી શકાય છે. આ યુગની આ જ સૌથી મોટી આવશ્યકતા છે. ઊલટા વિચારોને ઉલટાવીને યોગ્ય વિચાર કરવાનું સાહસ સામાન્ય જનોમાં પેદા કરવો, એ જ અમારી એ વિચારક્રાંતિનું સ્વરૂપ છે, જે નવયુગનું, નવી વ્યક્તિનું તથા નવા સમાજનું નવનિર્માણ કરવામાં સમર્થ થઈ શકે છે. ટૂંકમાં વિચારક્રાંતિ જ આ યુગની સર્વોપરિ જરૂરિયાત અને સાધના છે.

યુગનિર્માણ યોજનાનું પ્રથમ સર્જન અને પ્રથમ ચરણ એ જ છે કે આપણે જે ઉત્કૃષ્ટ સંભાવનાઓના સ્વપ્ન જોઈએ છીએ તેમનું બીજારોપણ વિચારક્રાંતિ દ્વારા જ શક્ય છે. આપણો જ્ઞાનયજ્ઞ આ પ્રયોજનની પૂર્તિ માટે જ છે. આ પુણ્ય પ્રયોજનમાં સામેલ-ભાગીદાર થવા સમાજના સમસ્ત પ્રાણવાન પરિજનોનું એ માટે આહ્વાન કરવામાં આવ્યું છે કે તેઓ અગ્રણી બનીને નવપ્રભાતનો એવો સંચાર કરે કે જેથી આગલી ક્ષણોમાં દરેકને પ્રખર પ્રકાશિત, લાભાન્વિત થવાનો અવસર મળી શકે.

પોતાના સંપર્કના લોકોને વિચારશુદ્ધિ માટે પ્રયત્નપૂર્વક વિવશ કરવાની એક નાની સાધના આપણામાંથી દરેકે અનિવાર્ય રૂપે કરવાની છે. યુગ નિર્માણ યોજનાની અંતર્ગત જે સાહિત્યનું સર્જન કરવામાં આવી રહ્યું છે, તે અભિનવ અને અદ્દભુત છે. ધર્મ, સદાચાર, અધ્યાત્મ વગેરેના નામે આમ તો ઘણાં વિચાર અને ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે, પરંતુ યુગ નિર્માણના વિચારો તેના મૌલિક વિચારો છે. તેની અંતર્ગત યુગની દરેક સમસ્યા પર સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે અને એ રીતે સમાધાન રજૂ કરવામાં આવ્યું છે કે જેને અજોડ કહી શકાય છે. પ્રચલિત નિંદ્ય માન્યતાઓ પર ડગલે ને પગલે પ્રહાર કરવામાં આવ્યા છે અને નીર-ક્ષીર વિવેકની એક સ્વસ્થ દૃષ્ટિ લોકમાનસને પ્રદાન કરવામાં આવી છે. આ વિચારો દરેકના મગજ તથા મનને હચમચાવી નાખવા સક્ષમ છે. આ વિચારોમાં વ્યક્તિને બદલવાની તથા તેના વિચારો અને કાર્યોને પલટાવવાની પરિપૂર્ણ ક્ષમતા વિદ્યમાન છે.

તેથી, જ્ઞાનયજ્ઞની અંતર્ગત આપણે પોતે સ્વાધ્યાયશીલ બનવાનું છે. યુગ સાહિત્ય અને માસિકને ખૂબ ધ્યાનપૂર્વક વાંચવું જોઈએ, જેથી આપણા અંતરંગ અને બહિરંગ જીવનને સુદૃઢ આધારે નિર્મિત કરવાની પ્રેરણા મળી શકે. એ સાથે જ કુટુંબના દરેક શિક્ષિત અને અશિક્ષિત સભ્યને આ વિચારોના સંપર્કમાં લાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવાનો છે. જેઓ ભણેલા છે, તેમને અનુરોધપૂર્વક અને આગ્રહપૂર્વક આ વિચારપદ્ધતિને વાંચવા-સમજવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ અને જેઓ વાંચતાં નથી, તેમને સંભળાવવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માટે પરિવાર ગોષ્ઠિનું આયોજન કરવું જોઈએ. નિબંધ, જીવનચરિત્ર, કથા-સાહિત્ય તથા પોકેટ બુક્સ બધામાં રોચકતા છે. જો તેને પ્રતિદિન વંચાવવાનો ક્રમ સારી રીતે ગોઠવી લેવામાં આવે, તો કુટુંબની દરેક વ્યક્તિ વધુ સંભળાવવા માટે આગ્રહ કરશે. પરિવારના સભ્યોના વિચાર બદલવાથી જ આપણું વિચાર પરિવર્તન સમગ્ર માની શકાય છે, અન્યથા એક ઘરમાં રહેનારાઓની દિશાઓ જ જ્યારે જુદી-જુદી હોય ત્યારે એક સાથે રહેવું એક વિડંબના માત્ર રહી જશે. જ્યારે બધાના વિચારો એકસરખા હોય અને એ એકતામાં પણ ઉત્કૃષ્ટતા સમાયેલી હોય, ત્યારે પરિવારમાં આનંદ છે. આવા પરિવારોમાં જ સ્વર્ગીય આનંદ રહે છે. જ્ઞાનયજ્ઞના દરેક અધ્વર્યુએ પોતાના પરિવાર સાથે આ પ્રકારનો પ્રયત્ન કરવો જ જોઈએ. જે રીતે ઘરના લોકો માટે ભોજન, વસ્ત્ર, દવા, શિક્ષણ, મનોરંજન વગેરેની વ્યવસ્થા કરીએ છીએ, તેવી જ રીતે તેમના ભાવનાત્મક ઉત્કર્ષ માટે ઉત્કૃષ્ટ વિચારો ઉપલબ્ધ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ.

મિત્રો અને પરિચિત લોકો સાથે મળવાનું થાય છે. કામની અને કામ વિનાની ઘણી વાતો થાય છે. આ સંદર્ભમાં જ યુગ નિર્માણના વિચારોની ચર્ચા, પ્રશંસા પણ કરી શકાય છે, તેમજ તેમનામાં ઉત્સુકતા પેદા કરી તેવા પુસ્તકો વાંચવા આપી શકાય છે. આ કાર્ય લુખું અને ઝંઝટ જેવું લાગે છે પણ વાસ્તવમાં વ્યવહારમાં અતિ સરળ અને આકર્ષક છે. બે-ચાર અંકો કે પોકેટ બુક્સ મન લગાવીને વાંચ્યા બાદ મિત્રોની ચર્ચાનો વિષય એ જ બની જાય છે અને પછી વાતચીતનો મુખ્ય વિષય પણ એ જ રહે છે. આ રીતે દિશા વાળવામાં પોતાનો, મિત્રોનો અને સમગ્ર સંસારનો લાભ છે. થોડો પ્રયત્ન કરવામાં આવે તો કોઈપણ તેના મિત્રોમાં નવનિર્માણના વિચારોનો પ્રવેશ ખૂબ સરળતાથી કરાવી શકે છે અને કરવો જ જોઈએ.

જેમણે ઉત્કૃષ્ટ વિચારોનું મહત્ત્વ અને તેના દ્વારા ઉત્પન્ન થતા મહાન સત્પરિણામોને બરાબર સમજી લીધું છે તેમને માટે રોજ પચાસ પૈસા આ પ્રયોજન માટે કાઢતા રહેવામાં જરાપણ મુશ્કેલ લાગશે નહીં. હા, જેમની સમજમાં જ આ તથ્ય આવ્યું નથી તેમને આર્થિક તંગી કે સમય ન મળવાનું બહાનું બતાવીને જૂઠો આત્મવિશ્વાસ કરી લેવામાં સંકોચ નહિ થાય. તેઓ આને ઝંઝટ પણ સમજશે અને બેકાર પણ માનશે. યુગ શક્તિ ગાયત્રીના વાચકોની મનોભૂમિ એટલા નીચલા સ્તરની ન હોઈ શકે. તેથી એમની પાસેથી એવી સહજ અપેક્ષા રાખી શકાય કે જ્ઞાનયજ્ઞમાં ભાગીદાર બની પોતાનું, પરિવારનું અને પોતાના મિત્રોની ભાવનાનું સ્તર ઊંચે ઉઠાવવામાં નિશ્ચિતપણે તત્પર રહેશે અને આ મહાન પ્રયોજન માટે એક કલાકનો સમય તથા રોજ પચાસ પૈસા ખર્ચવામાં સંકોચ કરશે નહીં. એ ખુશીની વાત છે કે આ પ્રક્રિયાને મોટાભાગના વાચકોએ અપનાવી લીધી છે, જેઓ બાકી છે તેઓ યુગચેતનાના અવતરણના હીરક જયંતી વર્ષમાં અપનાવી લેશે, એવી આશા સહજ રાખી શકાય છે.

જ્ઞાનયજ્ઞનું આ વ્યક્તિગત સ્વરૂપ થયું. આને હજી મોટું સ્વરૂપ આપવું જોઈએ. દરેક કેન્દ્રીય સ્થળેથી અને દરેક કસ્બામાંથી એક એવી રીટાયર્ડ સુશિક્ષિત અને સ્વાધ્યાયશીલ વ્યક્તિનું નિર્માણ થવું જોઈએ, જે પરમાર્થ બુદ્ધિથી આ મહાન કાર્યમાં પોતાનો પૂરો સમય આપવા લાગે. સવારથી બપોર સુધી અથવા ત્રીજા પ્રહર સુધી એમણે પોતાનું ઝોલા પુસ્તકાલય લઈને તેમના વિસ્તારના શિક્ષિત લોકો પાસે જેવું જોઈએ અને યુગ નિર્માણ સાહિત્યનું મહત્ત્વ સમજાવી એમનામાં વાંચવાની ઉત્સુકતા પેદા કરવી જોઈએ. જે વ્યક્તિની જેવી મનોભૂમિ હોય તેને અનુરૂપ પુસ્તક વાંચવા આપવું જોઈએ. મનુષ્યની રૂચિ, પ્રવૃત્તિ અને આવશ્યકતાને અનુરૂપ સાહિત્ય આપવાનું મનોવિજ્ઞાન જેને સમજાઈ ગયું તે ઘર-ઘરમાં ઉત્સુક રહેનાર વાચક પેદા કરી દેશે. જો આ ન સમજી શક્યો, રૂચિ વિરૂદ્ધ સાહિત્ય વહેંચવા લાગે, તે અસફળ રહેશે. તેની ઉપેક્ષા થશે અને મહેનત વ્યર્થ જશે. તેથી વાચકની રૂચિ પાછળથી ધીરે-ધીરે બધું સાહિત્ય વંચાવવાની સ્થિતિ લાવવી જોઈએ. શિક્ષક, શિક્ષિકાઓ, ઉંમરલાયક વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ આ સાહિત્યના સારા વાચક હોઈ શકે છે. આ વર્ગમાં પહોંચવા માટે વિશેષ રૂપથી પ્રયત્ન થવો જોઈએ. યુવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજમાં આ સાહિત્ય વધુ લોકપ્રિય થાય છે. વિચારશીલ બુદ્ધિજીવીઓ પણ આને ઘણું પસંદ કરે છે. જેમને વાંચવામાં રૂચિ નથી અને જેમની ઉંમર આમ જ વીતી ગઈ એવા લોકોમાં ઉત્સુકતા ઉત્પન્ન કરવાનું મુશ્કેલ તો છે, પરંતુ અસંભવ નથી.

પ્રચારક સવારે આ પ્રકારના પુસ્તકોનું ઝોલા પુસ્તકાલય ખભે લટકાવીને નીકળે અને લોકોના સુવિધાના સમયને ધ્યાનમાં રાખી તેમને મળે. પુસ્તકો વાંચવા આપવા તથા પાછા લેવાનું કામ કરે. સાંજના સમયે કોઈ મંદિર, પાર્ક, ચાર રસ્તા, ઘાટ કે બજારમાં જ્યાં રૂચિ ધરાવતા લોકો આવ-જા વધુ કરતા હોય ત્યાં એક નક્કી કરેલ સ્થાને પોતાની દુકાન લગાવી દેવામાં આવે. દુકાનની ચારે બાજુ આકર્ષક બોર્ડ લાગેલાં હોય, જે સાહિત્યનું મહત્ત્વ દર્શાવતા હોય. સુસજ્જાનું ધ્યાન રાખવાથી આકર્ષણ વધે છે અને લોકોનું ધ્યાન ખેંચાય છે, આ તથ્યને જે કોઈ ધ્યાનમાં રાખશે, તે વધુ ગ્રાહક પ્રાપ્ત કરશે. જે પુસ્તક જુએ તેને આવશ્યક માહિતી આપતા રહેવાથી ગ્રાહકને વધુ પુસ્તકો વેચી શકાય છે. શક્ય હોય ત્યાં દુકાન પણ ખોલી શકાય છે. ચાર પૈડાંવાળી હાથલારી પર પણ દુકાન લગાવી શકાય છે. જ્યાં જેવી સુવિધા હોય, તે મુજબ કરવું જોઈએ. દરેક સ્થળે એક પ્રશિક્ષિત પ્રચારક એવો હોવો જોઈએ, જે યુગ નિર્માણનું સત્સાહિત્ય લોકો સુધી પહોંચાડવામાં પોતાનું બધું સામર્થ્ય લગાડી દે. ઝોલા પુસ્તકાલય દ્વારા મફત પુસ્તક વાંચનારાઓ પણ ઘણીવાર પસંદગીના પુસ્તકો ખરીદતા રહે છે. એમનામાંથી જે વધુ પ્રભાવિત થયા હોય તેમને ખર્ચ ઓછો કરીને પોતાના ઘરમાં યુગ નિર્માણ પુસ્તકાલય રાખવાની પ્રેરણા આપી શકાય છે. આ રીતે પણ ઘણું સાહિત્ય વેચાતું રહી શકે છે.

ભવિષ્યમાં આ સાહિત્ય પ્રચારકોના માધ્યમથી દરેક ક્ષેત્રમાં સુવિધાપૂર્વક સાહિત્ય પહોંચાડવાનું શક્ય બનશે. આથી દરેક જગ્યાએ ઓછામાં ઓછો એક પ્રચારક ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવામાં આવે. તેમને માટે કમિશનની જોગવાઈ પણ રાખવામાં આવી છે, જેથી રોજિંદા ખર્ચ માટે થોડી આવક પણ મળતી રહી શકે છે. આમ આ કાર્ય કોઈ મોટા લાભનું કાર્ય નથી, વધુ આવક મેળવવાની ઇચ્છા રાખનારાઓને એમાં કોઈ આકર્ષણ નથી, પરંતુ જે લોકો લોકમંગલની, માનવતાની અને પરિષ્કારની દૃષ્ટિએ આ કાર્ય કરશે, તેમને આત્મસંતોષ વધારે મળશે. જે કાંઈ થોડી ઘણી આવક થશે, તેને પણ એક દિવ્ય પ્રસાદ સમજીને સંતુષ્ટ રહી શકશે. જેમને આ કાર્યમાં રૂચિ હોય તેઓ કમિશન વગેરેના સંબંધે પત્રવ્યવહાર કરી શકે છે.

જ્યાં પૂરો સમય આપતા પ્રચારકો ન મળી શકે, ત્યાં સામાન્ય પુસ્તક વિક્રેતા અથવા બીજા દુકાનદારો પોતાને ત્યાં આ સાહિત્ય પણ વેચાણ માટે રાખી શકે છે, પરંતુ એનું ધ્યાન રાખવું પડશે કે આ સાહિત્ય વિના પ્રયાસે ઓછું જ વેચાશે. જ્યાં એને રાખવામાં આવે છે ત્યાં આકર્ષક રંગના કાચના કબાટો વગેરેમાં સજાવીને રાખવામાં આવે. ગ્રાહકોને તેનું મહત્ત્વ સમજાવવામાં આવે તેમજ તે ખરીદવા અને વાચવાનો અનુરોધ કરવામાં આવે, ત્યારે જ તેને લોકોના ગળે ઉતારી શકાય છે. જેમનામાં આવી પ્રતિભા છે, ફક્ત તેઓ જ આ પ્રકારના વેચાણની વાત વિચારે. સીધાસાદા, સંકોચી, વાતચીત કરવામાં સંકોચ રાખનારાઓ તથા જેમણે આ સાહિત્ય પૂરું વાંચ્યું ન હોય, તેઓ પ્રચારક બનવાનું ન વિચારે. એમને સફળતા નહીં મળે, કેમ કે આ સાહિત્ય જનતાની પસંદગીનું નથી, આને તો કોઈ રીતે લોકોના ગળે ઉતારવાનું છે. જેમનામાં આવી ચતુરાઈ હોય, તેઓ જ આ મુશ્કેલ કાર્યમાં સફળ થઈ શકે છે.

જ્ઞાનયજ્ઞને વધુ ને વધુ વ્યાપક બનાવવું જોઈએ. આપણામાંથી પ્રત્યેક વ્યક્તિએ વ્યક્તિગત રૂપે આ પુણ્યકાર્યમાં એક કલાકનો સમય અને પચાસ પૈસા રોજ વાપરવા જ જોઈએ. સાથે જ દરેક જગ્યાએ સામૂહિક પ્રચારકાર્યની વ્યવસ્થા પણ થવી જોઈએ. એક નાની દુકાન અને એક રિટાયર્ડ પ્રચારક દરેક સ્થળે નિયમિત રૂપે કામ કરે તો સમજવું જોઈએ કે વિચારક્રાંતિની દિશામાં એક ઘણું મોટું પરિવર્તન થઈ રહ્યું છે અને નવનિર્માણનો પાયો મજબૂતાઈ સાથે નંખાવાની વ્યવસ્થા થઈ ગઈ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હે પ્રભુ ! રક્ષા કરો, રક્ષા કરો

જ્યારે જ્યારે પૃથ્વી પર અત્યાચાર, અન્યાય, સ્વાર્થીપણું, સંકુચિતતા, મારકાપ, વ્યભિચાર ખૂબ જ વધી જાય છે, ત્યારે આ અત્યાચારોને કારણે પૃથ્વી કંપી ઊઠે છે. વિજ્ઞાનની શોધોએ એ સિદ્ધ કરી દીધું છે કે જ્યારે મોટા પ્રમાણમાં જીવોની હત્યા કરવામાં આવે છે, પછી તે મનુષ્યની હોય કે પશુપક્ષીઓની હોય, તેનાથી જે વેદના ઉત્પન્ન થાય છે, તેના જ ઈ.પી. તરંગો (આઈન્સ્ટાઈન પેન વેવ્જ) પેદા થાય છે અને આ તરંગોમાં એવી જબરદસ્ત શક્તિ હોય છે કે પૃથ્વી કંપી ઊઠે છે, જેને બોલચાલની ભાષામાં ભૂકંપ કહેવામાં આવે છે. આ કારણે જ આપણા ધર્મગ્રંથોમાં જીવહત્યાને સૌથી મોટું પાપ બતાવવામાં આવ્યું છે અને ગાય વગેરે પવિત્ર અને પૂજ્ય પશુઓની હત્યાને સૌથી ધૃણાસ્પદ, હલકું અને બ્રહ્મહત્યાનું પાપ બતાવવામાં આવ્યું છે. આજે વિશ્વના કેટલાય દેશો ગાય જેવા શુદ્ધ શાકાહારી પશુઓનું માંસ મોટેભાગે ખાદ્યસામગ્રીના રૂપમાં ઉપયોગ કરે છે. તેની પૂર્તિ માટે દરરોજ હજારો-લાખો ગાયોની સામૂહિક કતલ કરવામાં આવે છે. વિશ્વના મોટાભાગના દેશો પૈસાની લાલચમાં નિત્ય નવા-નવા કતલખાના ખોલીને માંસ નિર્યાતમાં વિશ્વ રેકોર્ડ તોડવાની હરીફાઈ કરી રહ્યા છે અને એમાંથી એક દેશ ભારત પણ છે. કતલની હરીફાઈમાં લાગેલા આ દેશો એ જાણતા નથી કે આ દુષ્પ્રયાસ સમગ્ર માનવતા માટે કેટલો ખતરનાક સાબિત થઈ શકે છે. બધા પ્રાણીઓમાં આત્મા છે, તેની હત્યાથી આપણું કલ્યાણ ન થઈ શકે. જો આ રીતે અત્યાચારો અને હત્યાઓ થતી રહેશે તો મનુષ્યની દુર્બુદ્ધિ વિશ્વને પ્રલય સુધી પહોંચાડી દેશે. આવા સમયે પ્રજ્ઞા અવતારનું અવતરણ થયું છે. પ્રજ્ઞા અવતાર કોઈ વ્યક્તિ નથી, એ દૂરદર્શિતા, વિવેકશીલતા અને સમજદારીનો અવતાર છે. આજે સંપૂર્ણ વિશ્વમાં અજ્ઞાન ફેલાયેલું છે. અજ્ઞાનને લીધે જ અત્યાચાર, દુરાચાર અને હત્યાઓ થઈ રહી છે. જ્ઞાનના અભાવમાં જ્ઞાનનો અવતાર થયો છે. જ્યારે માનવીય પુરુષાર્થ નિષ્ફળ અને કમજોર સિદ્ધ થાય છે, ત્યારે પ્રાર્થનાનો જ એકમાત્ર રસ્તો રહી જાય છે, જેના માધ્યમથી આત્મબળમાં વધારો થાય છે. પ્રાર્થનાથી પેદા થતા સદ્ભાવના તરંગો વાતાવરણમાં ફેલાય છે, જે સર્વ લોકોના હૃદયમાં સદ્ભાવ અને જનમાનસમાં સદ્વિચારોની વૃદ્ધિ કરે છે. આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રે પ્રાર્થનાનું અતિ મહત્ત્વનું સ્થાન છે. પ્રાર્થના ઈશ્વર સાથે વાર્તાલાપ કરવાની એક આધ્યાત્મિક પદ્ધતિ છે. પ્રાર્થનામાં હૃદય બોલે છે અને વિશ્વહૃદય સાંભળે છે. પરમાત્મચેતનાને જ્યાં ક્યાંય અને જ્યારે પણ શ્રદ્ધાયુક્ત, ભાવભરેલી અભિવ્યક્તિ મળે છે ત્યારે તેની પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ સહાયતા મળ્યા વિના રહેતી નથી. આપણી પ્રાર્થના પુરુષાર્થનું એક અંગ હોવું જોઈએ, ભીખ નહીં. પરમાત્માને પ્રસન્ન કરવા માટે પ્રાર્થના સૌથી સરળ સાધન છે. એક ચોક્કસ સમયે પવિત્ર તન-મનથી તેને વિહ્વળતાથી યાદ કરી પીડાયુક્ત વાણીથી આર્ત સ્વરે પ્રાર્થના કરવી જોઈએ. રોમ-રોમમાં, કણ-કણમાં, અણુ-અણુમાં શ્રદ્ધાની અખંડ ધારા ભરી લો અને પછી પ્રાર્થનાનો પ્રારંભ કરો. શ્રદ્ધાથી ભરેલી પ્રાર્થના ''ઇચ્છા કલ્પતરુ'' છે, જેના બળે મનુષ્ય મનવાંછિત ફળ મેળવી શકે છે.

પ્રાર્થનાની શક્તિને સમજીને જ ગાયત્રી તપોભૂમિ મથુરામાં દરરોજ સામૂહિક પ્રાર્થના શરૂ કરવામાં આવી છે. પ્રકૃતિના પ્રકોપથી જીવમાત્રની રક્ષા માટે પ્રાર્થના કરવાની છે. દરેક શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠ, પ્રજ્ઞામંડળ અને મહિલામંડળોમાં સવાર-સાંજ પ્રાર્થના અને ગાયત્રી જપ શરૂ કરવાં જોઈએ. જે ભાઈબહેનના જે ઇષ્ટ હોય, તે પોતાના ઇષ્ટનો જપ કરે. અન્ય ધર્મના લોકો મસ્જીદ, ચર્ચ, ગુરુદ્વારામાં નિયમિત પ્રાર્થના કરે. બહેનો બપોરે બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી મહોલ્લા, કોલોનીમાં એકત્રિત થઈને પ્રાર્થના, જપ અને કીર્તન કરે. કાર્યકર્તા ભાઈઓએ ગામેગામ જઈને પ્રાર્થના, જપ અને કીર્તનની શરૂઆત કરવી જોઈએ. પ્રત્યેક ભાઈબહેન સવારે કામ પર જતી વખતે પ્રાર્થના કરીને ઘરેથી નીકળે. આ માધ્યમથી જ આપણે ભવિષ્યમાં આવનારી દૈવી આપત્તિઓથી પોતાને અને માનવતાને સુરક્ષિત રાખી શકીશું. મુખપૃષ્ઠ એપ્રિલ અંકમાં પ્રાર્થના આપવામાં આવી છે. દરેકે એકલા કે સામૂહિક રૂપથી નિત્ય પ્રાર્થના કરવી જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉજ્જવળ ભવિષ્યનું શુભ ચિહ્ન

ગાયત્રી પરિવાર પ્રગતિશીલ ધર્મસેવી સત્પુરુષોનું સંગઠન છે. તેઓ મિશનનું માસિક વાંચીને માત્ર વાંચનનો શોખ પૂરો કરતા નથી, પરંતુ સ્વાધ્યાય દ્વારા આત્મનિર્માણ કરીને જીવનને સફળ બનાવવાનો રસ્તો શોધવાનો પ્રયત્ન કરે છે. આ પરિવારના દરેક સભ્યના અંતઃકરણમાં એ તથ્ય સારી રીતે જામી ગયું છે કે ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા, સ્વર્ગીય શાંતિનું રસાસ્વાદન કરવા, જીવનમુક્તિનો આનંદ લેવા તથા આત્માને પરમાત્મામાં લીન કરવા જેવા આધ્યાત્મિક લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કેવળ જપ, ધ્યાન, પૂજા, ઉપવાસ, હવન વગેરે પર્યાપ્ત નથી, પરંતુ એ પણ જરૂરી છે કે પોતાનું જીવન સદ્‌વિચારો તથા સત્કાર્યોથી પરિપૂર્ણ બનાવવામાં આવે અને એમાં લોકસેવાનું યોગ્ય સ્થાન રહે.

વ્યક્તિગત સ્વાર્થોની પૂર્તિ જ જેના જીવનનો દૃષ્ટિકોણ છે, તે ચોક્કસપણે ખૂબ જ હલકો અને તુચ્છ માણસ છે. સંસારમાં એવી અસંખ્ય વ્યક્તિઓ છે, જેમનું મગજ સ્વાર્થના જ વિચારોથી ભરાયેલું રહે છે. તેઓ સ્વાર્થ સિવાય બીજી વાત વિચારી જ શકતા નથી. તેમના કાર્યોમાં સ્વાર્થ જ સ્વાર્થ ભરાયેલો રહે છે. તેમને પરમાર્થની, લોકહિતની, જનસેવાની કોઈ ઉપયોગિતા તથા આવશ્યકતા સમજાતી નથી. આને તેઓ વ્યર્થ વાત સમજે છે. જે કાર્યથી સ્વાર્થ સિદ્ધ ન થતો હોય તે કાર્ય તેમના દૃષ્ટિકોણમાં નકામું લાગતું હોય છે. આવા સ્વાર્થી લોકો તેમની સ્વાર્થપૂર્તિ માટે ખરાબમાં ખરાબ કાર્ય કરવામાં સંકોચ રાખતા નથી. અધ્યાત્મના ક્ષેત્રમાં પણ આવા લોકોની કમી નથી. પોતાની જાતને ધર્માત્મા સમજતી અને કહેવડાવતી અનેક વ્યક્તિઓ પણ આવા જ સ્વાર્થમાં ડૂબી જતી જોવા મળે છે. મને સ્વર્ગ-મુક્તિ, રિદ્ધિ-સિદ્ધિ, દેવકૃપા અને વરદાન પ્રાપ્ત થાય અને તે ઉપલબ્ધ કરીને હું પોતે આ લોક કે પરલોકમાં ખૂબ મોજમજા કરું, એ જ એમનો દૃષ્ટિકોણ હોય છે. જે રીતે ધન કમાવા માટે માણસ રાતદિવસ આવક મેળવવાના ગોરખધંધામાં લાગેલો રહે છે, તે જ રીતે આ આધ્યાત્મિક કે ધાર્મિક કહેવાતા લોકો પણ જે જપ-તપ કરે છે તો તેના મૂળમાં એમનું સ્વાર્થીપણું જ મુખ્ય હોય છે. આ બન્ને સ્વાર્થી પરમાત્માની દૃષ્ટિએ એકસમાન છે. અંતર ફક્ત કાર્યક્રમ અને યોજનાનો જ છે, બન્નેનું લક્ષ્ય એક છે. એક મુંબઈના તાજમહેલ હોટલમાં, કાશ્મીરમાં, ફ્રાંસમાં જઈને મોજમજા કરવા ઇચ્છે છે, તો બીજો સ્વર્ગ અને જન્નતમાં લહેર કરવાના સપના જુએ છે. આજે અધ્યાત્મક્ષેત્રમાં પણ મોટાભાગના જપ-તપ કરનારા સ્વાર્થી લોકો કામનાઓ અને વાસનાઓ માટે જ ઉત્સુક રહે છે. જપ-તપને વાસનાઓની પૂર્તિનો એક ઉપાય માત્ર સમજીને તેઓ ચાલે છે. જો તે કામનાની પૂર્તિમાં બાધા કે વિલંબ થતો દેખાય તો સાધના છોડી દે છે, એટલું જ નહીં, પરંતુ તેને વ્યર્થ સમજીને કોપાયમાન પણ થાય છે.

એ ખુશીની વાત છે કે ગાયત્રી પરિવારના ધર્મપ્રેમી પરિજનો આવી હલકી શ્રેણીના નથી, આટલા વર્ષો સુધી ઉચ્ચકોટિના તત્ત્વજ્ઞાનના માસિકનું અધ્યયન કર્યું છે, પરિણામે તેમની એ માન્યતા સુદૃઢ થઈ ચૂકી છે કે પરમાત્માનો સાચો અનુગ્રહ પ્રાપ્ત કરવા માટેના બે માધ્યમો- સાધનાથી સેવાનું મહત્ત્વ કોઈ રીતે ઓછું નથી. આ બેમાંથી એકને છોડી દેવામાં આવે તો લક્ષ્ય તરફ પ્રગતિ થઈ શકતી નથી. વીજળીની ધારા વહેતી કરવા માટે બે તારોની જરૂર હોય છે, જો એક તૂટી જાય તો વિદ્યુતપ્રવાહ રોકાઈ જશે. ઈશ્વરીય કૃપાની વિદ્યુતધારા અંતઃકરણમાં લાવવા માટે સાધના અને સેવાના બન્ને તારોની જરૂર છે. એકના અભાવમાં પ્રગતિ રોકાઈ જશે. ફક્ત સાધના કરનારાઓ તેમના સ્વાર્થીપણાને કારણે ઈશ્વરની દૃષ્ટિમાં ખૂબ જ હલકાં અને સ્વાર્થી લાગશે. આવા લોકો ગમે તેટલી વિનવણીઓ કરે, માથાં પછાડે, સ્તોતપાઠ અને પ્રાર્થનાઓ કરે તો પણ એ અંતર્યામીની દૃષ્ટિએ સ્વાર્થી જ હશે; તેમને ક્યારેય પ્રભુનો સાચો પ્રેમ મળી ન શકે. એ જ રીતે જેઓ ફક્ત સેવાકાર્યોમાં જ વ્યસ્ત છે, પરંતુ તેમના આત્મામાં જો ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા નથી, તો તેમના સેવાકાર્યોમાં મુખ્યત્વે સાંસારિકતા જ રહેશે. આજકાલ જે રીતે અનેક રાજનૈતિક પાર્ટીઓ તેમજ સામાજિક સંસ્થાઓના કાર્યકર્તાઓ અને નેતાઓમાં સ્વાર્થ માટે સંઘર્ષ જોવા મળે છે, તે પરથી સ્પષ્ટ થાય છે તેમની સેવા ફક્ત બાહ્ય સ્તરે આધારિત છે. જો તેમણે આ સેવાનું લક્ષ્ય આધ્યાત્મિક તથા ધાર્મિક સ્તરે અપનાવ્યું હોત, તો એ ખેદજનક વાતો તેમના ચરિત્રમાં જોવા ન મળત જેને કારણે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમનું સંપૂર્ણ સેવાકાર્ય એક રીતે વ્યર્થ જ સિદ્ધ થઈ રહ્યું છે.

ગાયત્રી પરિવારનું લક્ષ્ય તથા દૃષ્ટિકોણ ખૂબ જ સ્પષ્ટ અને સ્વચ્છ છે. એનો દરેક સભ્ય અનુભવે છે કે સેવાને જીવનમાં યોગ્ય સ્થાન આપ્યા વિના આધ્યાત્મિક લક્ષ્ય કદાપિ પૂર્ણ ન થઈ શકે. તે જપ-તપની અનિવાર્યતાને પણ સારી રીતે જાણે છે, પરંતુ સાથે જ એ પણ જાણે છે કે જો જનસેવાની ઉપેક્ષા કરવામાં આવે તો ઈશ્વરને પ્રસન્ન કરવાનું અને પોતાના અંતઃકરણને દેવભૂમિકામાં વિકસિત કરવાનું કદાપિ શક્ય નથી. ''બધા પ્રાણીઓમાં પોતાના આત્માને અને પોતાના આત્મામાં બધા પ્રાણીઓને જોવાં'' એ જ અધ્યાત્મનો તાત્પર્ય છે. જ્યાં આવી દૃષ્ટિ હશે ત્યાં સેવા કરવાની વૃત્તિ અનિવાર્યપણે વિકસિત થશે. દાન અને દયા આ બે ગુણોને અધ્યાત્મનું મુખ્ય ચિહ્ન માનવામાં આવ્યા છે. દયાને કારણે બીજાના કષ્ટો જોઈ જે વેદના ઉત્પન્ન થાય છે, તેનું પ્રાગટ્ય દાનના રૂપમાં થાય છે. ભૌતિક વસ્તુઓના અભાવમાં દુઃખ ભોગવતા લોકોને અન્ન, જળ, વસ્ત્ર, ઔષધિ તથા શારીરિક સેવા કરીને તેમની મદદ કરવામાં આવે છે. આ અજ્ઞાન અને પાપની પીડાથી કણસતા દીનદુઃખીઓની તકલીફો દૂર કરવા માટે એ સદ્જ્ઞાનની જરૂર છે, જેનાથી જીવનક્રમમાં સતોગુણની વૃદ્ધિ થાય અને સ્થાયી સુખશાંતિનો માર્ગ પ્રશસ્ત થાય. અધ્યાત્મવાદી વ્યક્તિઓ પોતાની સાધના કરે છે, સાથે જ સદ્જ્ઞાનનું સદાવ્રત પણ વહેંચે છે. તેમના અંતરાત્મામાંથી દયા છલકાય છે, પરિણામે તેઓ દાન કરવા માટે વિવશ થઈ જાય છે. દાનોમાં જ્ઞાનદાનને સૌથી શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. આ મહાદાનનો સંયોજક બ્રાહ્મણ આ દૃષ્ટિએ જ લોકોમાં પૂજ્ય ગણાય છે. બ્રાહ્મણત્વનું અનિવાર્ય કર્તવ્ય જ્ઞાનદાન છે. હિંદુ ધર્મગ્રંથોના દરેક પૃષ્ઠો દાનની મહત્તાથી ભરાયેલાં છે, પરંતુ ખેદની વાત છે કે આપણા અન્ય ઘણા આદર્શો માત્ર રૂઢિ બની જવાથી જે રીતે દુર્ગતિ થઈ રહી છે, તેવો જ ભારે દુરુપયોગ દાનતત્ત્વનો થયો છે. જ્યારે માનસમાંથી નીકળેલું ધર્મશ્રદ્ધાનું ઝરણું કુપાત્રો, ગણ્યાગાઠ્યા સ્વાર્થીઓ, વ્યસની અને પાખંડીઓના એશોઆરામનું નિમિત્ત માત્ર બનીને રહી જાય છે, ત્યારે અધ્યાત્મનો આત્મા રડી ઉઠે છે. જે પવિત્ર જળધારાથી સિંચાઈને ધર્મરૂપી ઉદ્યાનને લીલાછમ નંદનવનની તુલનામાં વિકસિત થવું જોઈતું હતું, તે ધારા ગંદા સ્થળોમાં કાદવ વધારવાનું અને ઉત્પન્ન કરવાનું નિમિત્ત બની જાય છે, ત્યારે કોઈપણ દયાળુનું દુઃખી થવું સ્વાભાવિક છે. આજે દાનતત્ત્વની આવી જ દુર્ગતિ થઈ રહી છે. લોકો દાનપુણ્ય બહુ કરે છે, પરંતુ પાત્ર-કુપાત્રનો અને કાર્ય-અકાર્યનો વિચાર કર્યા વિના તેનો ઉદ્દેશ જ વિકૃત બની જાય છે.

ગાયત્રી પરિવાર વિચારશીલ, વિવેકવાન અને દૂરદર્શી લોકોનું સંગઠન છે. એમાં શ્રદ્ધા ઠાસીઠાસીને ભરવામાં આવી છે. સાથે જ યોગ્ય માત્રામાં વિવેક પણ મોજૂદ છે. તેથી એ સ્વાભાવિક જ છે કે જ્યારે પણ બધા ભેગા મળીને કોઈ વ્યવસ્થિત આધ્યાત્મિક આયોજન કરે ત્યારે બધા સ્વજનો તેનું યોગ્ય સ્વાગત કરે. પરિજનોની વિચારધારા એક નિર્ધારિત લક્ષ્ય તરફ નિયમિત પ્રવૃત્તિથી પ્રવાહિત થાય છે. તેને લીધે આપણે સૌ કદમથી કદમ મિલાવીને સહજતાથી ચાલી શકીએ છીએ. આ પરિવારનું નિર્માણ થયે ચાળીસ વર્ષ થઈ ગયા. પાછલા ૩૨ વર્ષોથી યુગ શક્તિ ગાયત્રી માસિક પ્રકાશિત થતું રહ્યું છે. આ લાંબી અવધિમાં આ પરિવારના સભ્યોએ તેમના વ્યક્તિગત જીવનમાં ભારે પરિવર્તન કર્યું છે. આપણામાંથી જેમના ફોટાઓ તથા ભાષણો છપાય છે એવા નેતાઓ ભલે ન હોય, પરંતુ ઉજ્જવળ ચરિત્ર, આદર્શવાદ, સેવાભાવના તથા સાચી ઈશ્વરપરાયણતાની દૃષ્ટિએ અતિ ઉચ્ચકોટિના હજારો મહાપુરુષોનું નિર્માણ થયું છે. જો ક્યારેય આ સંસ્થાના આદર્શવાદી તથા ધર્મપરાયણ લોકોનો ઇતિહાસ લખવાનો અવસર આવે અને તેની નિકટ ભવિષ્યમાં સંભાવના પણ છે, તો સમગ્ર સંસાર જોશે કે આદર્શવાદી પરંપરાને કાયમ રાખવામાં આ સંસ્થાના પરિજનો કેટલા અગ્રગામી રહ્યા છે.

પ્રશંસા અને વિજ્ઞાપનોથી બચીને નક્કર ધર્મસેવા કરવામાં આસ્થા ધરાવતા ગાયત્રી પરિવારના સભ્યો પાછલા વર્ષોમાં જે કાર્ય કરી ચૂક્યા છે, તે માટે ભારતમાતા ગર્વ અનુભવી શકે છે. અમારા આ અગ્રગામી પગલાં મંદ થવાના નથી. અત્યાર સુધી વણથંભી ગતિએ આપણે બધા આગળ વધતા રહ્યા છીએ. આ પ્રગતિ મંદ નહીં થાય. આગળ બમણા ઉત્સાહથી આપણે આગળ વધીશું. આ ભારતભૂમિને પ્રાચીનકાળ જેવી ઋષિભૂમિ બનાવવાનું, આ દેશમાં દેવપુરુષોની અધિકતા કરવાનું, નૈતિક તથા સાંસ્કૃતિક પુનરુત્થાનનું જે લક્ષ્ય નિર્ધારિત કર્યું છે, તે અધૂરો રહેવા દેવામાં નહિ આવે. તે પૂરો થવા જઈ રહ્યો છે, પૂર્ણ થઈને રહેશે. શ્રેષ્ઠ પુરુષોની એ વિશેષતા પ્રસિદ્ધ છે કે તેઓ કોઈ કદમ ઉઠાવતા નથી, પરંતુ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉઠાવે છે ત્યારે મંજિલ સુધી પહોંચીને રહે છે. ગાયત્રી પરિવારે જે યુગ નિર્માણ માટે સંકલ્પ કર્યો છે, તેને એ અધૂરો છોડી શકતો નથી.

યુગ નિર્માણ આંદોલનની રૂપરેખા સામે આવે ત્યારે ગાયત્રી પરિવારના સભ્યોએ ખૂબ હર્ષ અને ઉત્સાહ પ્રગટ કર્યો છે, કેમ કે આ યોજનાથી તેમના કેટલાય મનગમતા લક્ષ્યો એકસાથે પૂર્ણ થાય છે. આત્મકલ્યાણ, આધ્યાત્મિક ઉન્નતિ, જીવનમુક્તિનું લક્ષ્ય તેનાથી પૂરું થાય છે, કેમકે સર્વશ્રેષ્ઠ ઉપાસના 'ગાયત્રી'નો આશ્રય લેવાથી આત્મા પર ચઢેલા દોષદુર્ગુણો છૂટે છે, પવિત્ર આત્મામાં ઈશ્વરીય પ્રકાશનો તત્કાળ આવિર્ભાવ થાય છે અને પરમાત્માની સમીપતાનો માર્ગ અતિ સરળ બની જાય છે. આ આંદોલનમાં ભાગ લેનાર પ્રત્યેક પરિજન માટે ગાયત્રી ઉપાસના અનિવાર્ય છે. આ સંકલ્પમાં સામેલ થવાથી ઉપાસનાની ઢીલ દૂર થઈ જાય છે. ખભા ઉપર નિયમિત ઉપાસનાનું કર્તવ્ય આવી જવાથી જેવી રીતે પરીક્ષાનું લક્ષ્ય રાખનાર વિદ્યાર્થીને વાંચવાનો રંગ ચઢી જાય છે.તેવી જ તત્પરતા આવી જાય છે. આંદોલનકારીનો સંકલ્પ એક રીતે પરીક્ષાનું ફોર્મ ભરવા સમાન છે, જેની પ્રેરણાથી તેને ઉપાસના કરવી જરૂરી બની જાય છે. આત્મબળ તથા જીવનના લક્ષ્યને ભેદવા માટે તેનો પ્રથમ સંકલ્પ ખૂબ જ સહાયક સિદ્ધ થાય છે. સાધનામાં પ્રેરણા આપવા માટેનો આ અત્યંત સરળ તથા પ્રભાવશાળી રસ્તો છે.

અજ્ઞાન અને પાપથી પીડાતા માનવપ્રાણીઓ પ્રત્યે સાચો દયાભાવ ચરિતાર્થ કરી તેમને સદ્દ્જ્ઞાનનું દાન કરવાની પ્રતિભા આ આંદોલન સાથે જોડાયેલી છે. કોઈને સન્માર્ગ પર ચાલવાની પ્રેરણા આપવાથી વધારે બીજો કોઈ ઉપકાર થઈ શક્તો નથી. સમયનું દાન સૌથી મોટું દાન છે. ધનદાન તો ઉપેક્ષાપૂર્વક પણ કરી શકાય છે. જેમની પાસે ધન વધુ છે, તેઓ કોઈ કાર્યમાં વધુ પૈસા પણ આપી શકે છે, પરંતુ સમય બધાની પાસે સમાન છે. જેટલી સાચી શ્રદ્ધા હોય તેટલો જ તે આપી શકાય છે. શ્રદ્ધાના અભાવમાં સમયદાન થઈ શકતું નથી. યુગ સૈનિક માટે સદ્દ્જ્ઞાનના પ્રસાર અને ધર્મ-ફેરી માટે સમયદાનની જે શરત રાખવામાં આવી છે તેની પાછળ સાચી સેવાનું અને સાચા દાનનું તત્ત્વજ્ઞાન છુપાયેલું છે. આ ધર્મસેવાથી જ કોઈ સાધક ઈશ્વરને પ્રસન્ન કરી શકે છે અને અક્ષય પુણ્યનો ભાગીદાર બની શકે છે. ધનનું દાન તુચ્છ છે, કારણ કે તે તુચ્છ સંયોગથી પણ કમાવી શકાય છે અને ભારરૂપ બિનજરૂરી ધનને કોઈ વધુ માત્રામાં આપી પણ શકે છે. તે અનીતિથી કમાયેલું પણ હોઈ શકે છે, પરંતુ સમયને આ એકેય વાત લાગુ પડતી નથી. જ્યારે કોઈ વ્યક્તિમાં પૂરી નિષ્ઠા હશે, ત્યારે જ તે સમયદાન કરશે. નિષ્ઠાપૂર્વક સદ્દ્જ્ઞાનના પ્રસાર માટે સમયદાન કરવું તે ત્રિવિધ સંયોગની પુણ્યની મહાન ત્રિવેણી છે, જેમાં સ્નાન કરનાર સાધક પેઢીઓ સમેત તરી જાય છે.

આ આંદોલનમાં આત્મકલ્યાણની બન્ને સાધનાઓ, ઉપાસના અને સેવાનો પૂરો સમન્વય તથા સંમિશ્રણ છે. આ આંદોલનમાં યુગ નિર્માણની જે મહાન સંભાવના છે તેને સમયનો સૌથી મોટો પોકાર કહી શકાય છે. નૈતિક બુરાઈઓ, દુષ્પ્રવૃત્તિઓ અને કુરીતિઓથી આજે વાતાવરણ એવું ગંદું અને વિષમય બની રહ્યું છે કે એમાં શ્વાસ લેતી વખતે શ્વાસ ઘૂંટાય છે. જો આ વાતાવરણને બદલવામાં ન આવ્યું તો આપણું ભવિષ્ય બધી રીતે અંધકારમય જ બની જશે. જાગૃત ધર્માત્માઓ પર એ જવાબદારી છે કે જનસમાજને કુમાર્ગે જવાથી રોકે અને સન્માર્ગની પ્રેરણા આપે. શ્રેષ્ઠ પુરુષોના સત્પ્રયત્નોથી પહેલા પણ યુગ બદલાયા છે, હવે પણ બદલી શકે છે. ગાયત્રી પરિવારનું શક્તિશાળી સંગઠન જો તન્મયતા અને તત્પરતાપૂર્વક યુગ નિર્માણના સંકલ્પને પૂર્ણ કરવા ઊભું થાય તો આજે જે અનૈતિકતાના કાળા વાદળાં ચારે તરફ ગરજતા દેખાય છે, તે ફાટી શકે છે, હટી શકે છે. આપણે ફરીથી ભારતીય સંસ્કૃતિની પ્રખરતાનો પુણ્ય પ્રવાહ લાવી શકીએ છીએ, તે લાવવા માટેનું જ આ આંદોલન છે.

ગાયત્રી પરિવારના સભ્યોએ આ આંદોલનની મહાનતા સમજી અને સ્વીકારી છે, એ આપણા શુભ ભવિષ્યનું ચિહ્ન છે. પરિજનો આ યોજનાને સફળ બનાવવા માટે જે ઉત્સાહ અને નિષ્ઠા સાથે અગ્રેસર થઈ રહ્યા છે, તે જોતાં એવો વિશ્વાસ દિવસે-દિવસે દૃઢ થતો જાય છે કે ભારતભૂમિમાં ધાર્મિક ચેતનાની જે મહાન પરંપરા અનાદિકાળથી ચાલતી આવી રહી છે, તે મૂર્છિત ભલે થઈ ગઈ હોય, પરંતુ મરી નથી. હવે એ મૂર્છા પણ સમાપ્ત થવા જઈ રહી છે. નવચેતનાનો, ધર્મજાગૃતિનો, સંયમ અને સદાચારનો, નૈતિક તથા સાંસ્કૃતિક પુનરુત્થાનનો સુવર્ણકાળ હવે અતિ નિકટ છે. પરિવારના પરિજનોનો ઉત્સાહ એ જ ઉજ્જ્વળ ભવિષ્યના શુભ શુકન છે.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હીરક જયંતી વર્ષમાં દીપયજ્ઞોની શ્રૃંખલા

ધરતી પર યુગ ચેતનાના અભ્યુદયનું આ હીરક વર્ષ છે. ધરતી પર સતયુગી ઉલ્લાસ પ્રગટ થવાની પ્રક્રિયાને હવે કોઈ રોકી નહીં શકે. ગાયત્રી પરિવારની લાલ મશાલ આ જ દિવ્ય જ્યોતિનું પ્રતીક છે. તેથી વસંત પર્વ ૨૦૦૧થી વસંત પર્વ ૨૦૦૨ સુધીના એક વર્ષને યુગચેતનાના અવતરણના હીરક જયંતી વર્ષના રૂપમાં ઉજવવામાં આવી રહ્યું છે. હીરક જયંતી વર્ષ માત્ર કોઈ ઔપચારિકતા નથી. તે ઉચ્ચસ્તરીય સાધનાની નવી કસોટીઓ તથા નવસર્જનના નવા પડકારો લઈને આવ્યું છે. જેઓ પોતાની જીવનસાધના અને સર્જનના પુરુષાર્થને વધુ પ્રૌઢ અને તેજસ્વી બનાવવાની સમજદારી, સાહસિકતા તથા કુશળતા બતાવી શકશે તેમને માટે જ એ સ્વીકારવાનું શક્ય બનશે.

પ્રચારાત્મક ક્રમ એક લક્ષ્ય સુધી પહોંચી ચૂક્યો છે. હવે વિસ્તારની સાથે ઉત્પાદનની જવાબદારી ઉપાડવાની છે. યુગઋષિના સંદેશવાહકોમાંથી જ હવે યુગસૈનિક તૈયાર થવાના છે. સમયને અનુરૂપ વ્યક્તિત્વ બનાવવાનાં છે. સર્જનશીલ સંગઠનો ચલાવવાના છે. સર્જનનિષ્ઠ આંદોલનો જગાડવાના છે. વિભૂતિવાનોને સર્જન આંદોલનોમાં યજ્ઞીય ભાવના સાથે જોડવાના છે. વિકૃત અહંકારથી પેદા થતી સંકુચિત બંધનોની સીમાઓ તોડવાની છે. ઉદાર આત્મીયતા સાથે પરિષ્કૃત સૂત્રોને જોડવાનું છે. સંકુચિતતાના આધારે બનેલી જૂથબંધીઓ સમાપ્ત કરવાની છે તથા ઉત્કૃષ્ટ આદર્શોના આધારે બનેલા યુગસેના સંગઠનોને વિકસિત અને પુષ્ટ બનાવવાના છે. આ બધા કાર્યો સાધકોના સહકાર અને પુરુષાર્થ દ્વારા ઋષિઓના માર્ગદર્શન અને અનુશાસનમાં ઈશ્વરીય યોજના તથા શક્તિના અનુદાનોના સુસંયોગથી પૂરાં થશે.

પૂજ્ય ગુરુદેવે એ વાતને વારંવાર દોહરાવી છે કે એકવીસમી સદીમાં નારી તેના તેજસ્વી સર્જનશીલતાના રૂપમાં બહાર આવશે અને દરેક ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા નિભાવશે. શક્તિસ્વરૂપ વંદનીય માતાજીના અવતરણના ૭૫ વર્ષ પૂરાં થવાથી હીરક જયંતી વર્ષને નારી ઉત્કર્ષ માટે વિશેષરૂપે ઉજવવાનું છે. ઋષિ ચેતનાના સૂક્ષ્મ પ્રભાવથી ભારત સરકારે પણ આ વર્ષને "નારી શક્તિ જાગરણ વર્ષ"ના રૂપમાં ઉજવવાની ઘોષણા કરી છે. આ સાત આંદોલનોમાં એક આંદોલન નારી જાગરણ પણ છે. આ એક જ આંદોલન એવું છે, જેની સાથે વિશ્વની લગભગ સિત્તેર ટકા વસ્તી (૫૦ ટકા મહિલાઓ અને ૨૦ ટકા બાળકો)ને સીધો સંબંધ છે. દરેક ક્ષેત્રે મહિલા મંડળ-મહિલા સંગઠન એટલા સક્ષમ બને કે તેઓ સાધનાના બળે બધા આંદોલનોને પોતાને માટે પસંદ કરે અને પોતાની રીતે ચલાવવા લાગે. એ માટે દરેક ક્ષેત્રમાં એવી નાની-નાની દીપયજ્ઞોની શ્રૃંખલાઓ શરૂ કરવામાં આવશે, જેનું સંપૂર્ણ સંચાલન દેવીઓ જ કરશે. પુરુષપ્રધાન સમાજને કારણે પુરુષ તેમને ફક્ત અપ્રત્યક્ષ મદદ કરતો રહે. નવા ક્ષેત્રોમાં પ્રચાર કરવા તથા સાધના-સ્વાધ્યાય સાથે જોડવાના પ્રયાસ કરે. જૂના ક્ષેત્રોમાં સંગઠનને પુષ્ટ, પ્રામાણિક બનાવી જરૂરિયાત તથા સામર્થ્યને અનુરૂપ આંદોલનોને ગતિ આપવાના પ્રયાસ કરે. વિસ્તારના વિભૂતિવાનોને પ્રેરિત કરીને કોઈ સંગઠનના માધ્યમથી સર્જન આંદોલનોની જવાબદારી લેવા માટે તૈયાર કરે. યુગની સૌથી મોટી માંગને પૂરી કરતું પરમપૂજ્ય ગુરુદેવનું **વિચારક્રાંતિ અભિયાન** યુગની અભૂતપૂર્વ મહાક્રાંતિ છે, જે વિશ્વમાનવની યુગપીડા સાથે સઘન તાદાત્મ્ય સ્થાપતી યુગઋષિની પ્રચંડ તપસાધના, ગહન અધ્યયન, અન્વેષણ અને યુગમંથનમાંથી ઉદ્ભવી છે. આ જ યુગના સંકટનું મૂળ સમાધાન છે, જે વ્યક્તિના ચિંતન અને ચેતનાને દિશા આપી નવનિર્માણનો આધાર રજૂ કરશે. પૂજ્ય ગુરુદેવે લખ્યું છે, "આજના સમયે જે વ્યાપક પરિવર્તનની આવશ્યકતા છે, તે પાછલા બધા પરિવર્તનો તથા ક્રાંતિઓ કરતા મહત્ત્વની છે. ઊંધા વિચારોને પલટાવી યોગ્ય વિચાર કરવાનું સાહસ જનમાનસમાં પેદા કરવો, એ જ એ વિચારક્રાંતિનું સ્વરૂપ છે, જે નવયુગનું, નવા વ્યક્તિત્વનું તથા નવા સમાજનું નિર્માણ કરવામાં સમર્થ થઈ શકે છે."

વિચારક્રાંતિના સારસૂત્રોના રૂપમાં યુગ નિર્માણ સત્સંકલ્પને સમજી શકાય છે. જેની ઘોષણા ૧૯૬૧માં થઈ. પરમપૂજ્ય ગુરુદેવ એના પ્રત્યેક સૂત્રને યુગ નિર્માણ સુનિશ્ચિત કરનાર વિચારબીજ માનતા હતા. એમણે નિત્ય ઉપાસના સાથે સત્સંકલ્પ દોહરાવવા-પાઠ કરવાની વાત કહી છે. આ સત્સંકલ્પને જ એકવીસમી સદીનું સંવિધાન કહ્યું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે, ''અમારી આત્મીયતાની એક જ કસોટી છે કે અમારું દર્દ કોની નસોમાં કેટલા પ્રમાણમાં ઊતર્યું અને અમારી આગની કેટલી ચિનગારીઓ કેટલા અંશોમાં, કોના હૃદયમાં સળગવા લાગી. કોણે અમારા પ્રાણોથી સીંચેલા સંગઠનને મજબૂત બનાવવાનો સંકલ્પ લીધો ?''

પૂજ્ય ગુરુદેવ સમજાવતા રહ્યા કે અજ્ઞાન સદ્‌બુદ્ધિથી મરશે, સમૂહભાવનાથી મરશે. અજ્ઞાનથી પેદા થયેલી આસુરી વૃત્તિઓ અને આસુરી કર્મો જ્ઞાનની અસંખ્ય જ્વાળાઓથી બળશે, માટે દરેકજણના મનમાં આ જ્વાળાને પ્રગટાવી દો, પ્રજ્ઞા સંતાનો જ્ઞાનયજ્ઞ કરો. જ્ઞાનયજ્ઞ જ મહાકાળની સેવા છે. તેથી પોતાની પૂરી શક્તિ સાથે જ્ઞાનયજ્ઞ કરો અને મહાકાળના આશીર્વાદ તથા સંરક્ષણ મેળવો.

પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી જ હીરક જ્યંતી વર્ષમાં વિરાટ જ્ઞાનયજ્ઞ અભિયાનનો સંકલ્પ લીધો છે. જેને બે લાખ પ્રચારકોના માધ્યમથી બે લાખ જ્ઞાનયજ્ઞ પ્રધાન દીપયજ્ઞોના માધ્યમથી કરવાનો છે. ઉપરોક્ત બધા કાર્યક્રમોનું સંચાલન દીપયજ્ઞોના માધ્યમથી જ્ઞાનયજ્ઞ કરતા રહી સરળતાથી થઈ શકે છે. આ આયોજન જનસહયોગ દ્વારા સાદાઈથી કરવાનું છે.

જુલાઈ ૧૯૮૫માં પૂજ્ય ગુરુદેવે હીરક જ્યંતી ઉજવવા વિશે લખ્યું હતું કે ''હીરક જ્યંતીનો એક જ સંદેશો છે કે જો કોઈની પ્રજ્ઞા અભિયાનમાં, તેના સૂત્રસંચાલક પ્રત્યે વાસ્તવિક શ્રદ્ધા હોય, તો તેના વખાણ કરીને નહીં, પરંતુ પોતાના પ્રભાવક્ષેત્રમાં દીપકની જેમ પોતાને દીપકનું પ્રતીક બનાવવામાં આવે અને સંપર્ક વિસ્તારમાં યુગચેતનાનો આલોક જગાડવામાં આવે. ઘર-ઘરમાં નવ પરિવર્તનનો અલખ જગાડવા માટે કટિબદ્ધ થઈને નીકળવામાં આવે.''

ફેબ્રુઆરી ૧૯૮૬માં ગુરુદેવે લખ્યું છે, ''દેશના ગામેગામ યુગચેતનાનો સંદેશ સંભળાવવાનો છે, દરેકના મનમાં અલખ જગાડવાનો છે. પ્રજ્ઞાયુગના ચાર આધાર હશે-સમજદારી, ઈમાનદારી, જવાબદારી અને બહાદુરી. આ બધી વાતો માટે દરેક મનમાં ગુંજાશ પેદા કરવાની છે અને પ્રચલનના નામે આ દિશામાં જે અનર્થ અને અવિવેક છવાયેલો છે, તેને નાબૂદ પણ કરવાનો છે. આ કાર્ય અમે બદલીશું, યુગ બદલાશેની નીતિને અનુરૂપ ચાલશે અને નર ઔર નારી એકસમાન, જાતિવંશ સબ એકસમાનનો આદર્શ હૃદયંગમ કરવાથી શક્ય બનશે. આજે નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્ષેત્રે અનેક અનીતિઓ પ્રચલિત છે. તેમના વિરુદ્ધ જનમત અને આક્રોશ પણ જાગૃત કરવાનો છે. એ માટે જનસંપર્ક સાધવાની જરૂર પડશે. આ પ્રચાર પરસ્પર વાર્તાલાપ દ્વારા નાની ગોષ્ઠિઓ દ્વારા દીપયજ્ઞોના માધ્યમથી ચાલશે.''

***<u>વિરાટ જ્ઞાનયજ્ઞ અભિયાન સાથે દીપયજ્ઞ પણ કરવાનો છે :</u>***

બધા પ્રાણવાન કાર્યકર્તાઓને આપણું વિરાટ જ્ઞાનયજ્ઞ અભિયાન તથા આયોજિત દીપયજ્ઞમાં ઉદ્‌બોધન આ બન્ને પુસ્તકો મોકલવામાં આવ્યા છે. બધાને અનુરોધ છે કે પોતપોતાના વિસ્તારમાં વધુ ને વધુ જ્ઞાનયજ્ઞ આયોજનો દીપયજ્ઞોના માધ્યમથી કરવામાં લાગી જાય. જો કોઈ ભાઈઓને પુસ્તકો ન મળ્યા હોય, તો તેઓ પત્ર મોકલીને મગાવી શકે છે.

***<u>આયોજન આ રીતે કરવાનું છે :</u>***

બધા વરિષ્ઠ પ્રાણવાન પરિજનો, પ્રજ્ઞાપુત્રો, વાનપ્રસ્થી, જાગૃત મહિલાઓ, સમયદાનીઓ, શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠોના સંચાલકો પોતાના વિસ્તારના કોલોની, મહોલ્લા, વાર્ડ તથા નજીકના ગામોનું કાર્યક્ષેત્ર અંદરોઅંદર વિચારવિમર્શ કરીને પસંદ કરી લે અને હીરક જ્યંતી વર્ષમાં તેઓ કેટલા આયોજનો કેટલા ગામોમાં અને સ્થળોએ કરાવવાનો સંકલ્પ લે છે તેનો નિર્ણય કરી લે. પોતપોતાની ટોળી બનાવી લે. તે પછી જ્યાં યજ્ઞ કરવાનો છે, ત્યાં વિચારશીલ ધાર્મિક ભાવના ધરાવતા ભાઈબહેનોની વિચારગોષ્ઠિ કરે. દીપયજ્ઞ-જ્ઞાનયજ્ઞ કરાવવાનો ઉદ્દેશ શું છે ? કેવી રીતે કરવાનો છે ? કઈ વ્યવસ્થાઓ કરવાની છે ? તેની તૈયારીની જવાબદારી પાંચ ભાઈબહેનોની એક આયોજન સમિતિ બનાવીને સોંપી દેવાની છે. દરેક દીપયજ્ઞમાં મિશનના ઘોષણાપત્રની જાણકારી આપવા માટે યુગચેતના સાહિત્ય અંતર્ગત યુગ નિર્માણ સત્સંકલ્પના ન્યૂનતમ ૫૦૦ સેટ (૨૦ પુસ્તક)નું વિતરણ કરવાનું લક્ષ્ય નક્કી કરવાનું છે. એક સેટના છ રૂપિયાના હિસાબે ત્રણ હજાર રૂપિયા તથા ૧૦૦ સાધકો દ્વારા દીપયજ્ઞ સંચાલન વ્યવસ્થા માટે પાંચસો રૂપિયા મળીને ઓછામાં ઓછા કુલ પાંત્રીસો રૂપિયા જનસહયોગથી એકઠા કરવાના છે. વધુ દાનની રકમ એકત્રિત થઈ જાય તો તેનો ઉપયોગ અન્ય વિષયોનું યુગચેતના સાહિત્ય મગાવીને લોકોને દીપયજ્ઞના પ્રસાદરૂપે વિતરીત કરી દેવાનું છે. સમિતિ બની ગયા બાદ દરેક ઘરમાં જઈને યજ્ઞના ભાગીદાર ઉપાસક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બનાવવાનું કાર્ય શરૂ કરીને સો સાધકો તૈયાર કરવાના છે. ગાયત્રી મંત્રલેખન કરાવવામાં આવે અથવા ચાલીસા પાઠ અથવા પોતપોતાના ઇષ્ટમંત્રનો નિયમિત જપ કરવાનો સંકલ્પ કરાવવાનો છે તથા દીપયજ્ઞમાં પોતાની થાળી કે પ્લેટમાં પાંચ ઘીના દીવા, પાંચ અગરબત્તી અને માચિસ લઈને યજ્ઞમાં ભારતીય વેશભૂષામાં નક્કી કરેલા યજ્ઞસ્થળે આવવાનું છે. આવા સો-સો સાધક દરેક વિસ્તારમાં બનાવવાના છે.

દીપયજ્ઞ માટેની ૩૫૦૦ રૂપિયાની રકમ આયોજન સમિતિ પોતાના વિસ્તારના ઉદાર, દાની ભામાશાહો પાસેથી, કોઈ વ્યક્તિ દ્વારા અથવા સામૂહિક સ્વેચ્છાએ પણ પ્રાપ્ત કરી એકત્રિત કરી શકાય છે. યુગ નિર્માણ સત્સંકલ્પના પાંચસો સેટ મંગાવવા માટે પચીસો રૂપિયા ગાયત્રી જ્ઞાનપીઠ, અમદાવાદ મોકલી મંગાવી લેવું. દાનની રકમના હિસાબે દાનદાતાઓને વિતરીત કરી દેવું, જેથી તેઓ પોતે જન-જનમાં વિતરીત કરી શકે. ઉપર્યુક્ત કાર્ય પૂરું થયા બાદ બધાની સહમતિથી યજ્ઞસ્થળ નક્કી કરીને યજ્ઞની તિથિઓની ઘોષણા કરી દેવી. આજે દરેક શાખામાં, જિલ્લામાં, દીપયજ્ઞ સંપન્ન કરાવતા યજ્ઞાચાર્ય, પ્રવચનકર્તા, સંગીત આપતા ભાઈબહેન તથા આવવા-જવા માટે પ્રચારવાહન છે. દીપયજ્ઞમાં ઉદ્‌બોધન પ્રવચનમાં શું કહેવાનું છે તે અહીંથી મોકલી જ દીધું છે. જો આ વ્યવસ્થાઓ ન થઈ શકતી હોય તો મથુરા દ્વારા ટોળી મોકલવાની વ્યવસ્થા પણ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. એક જિલ્લામાં દસ દીપયજ્ઞોની તૈયારી થઈ જાય તો વાહન દ્વારા ટોળી મોકલવાની વ્યવસ્થા કરીશું. પ્રત્યેક દીપયજ્ઞમાં ૨૫૦૦ રૂપિયાના ૧૦,૦૦૦ પુસ્તકો જન-જન સુધી પહોંચાડવાં અનિવાર્ય છે. જો પોતાના જિલ્લામાં પોતે જ વ્યવસ્થા બનાવી લો તો કાર્યક્રમોની જાણકારી માટે અમને પણ તિથિઓ મોકલી આપશો, જેથી આયોજનોની સૂચિમાં લખી શકાય. આપણે બધાએ યુદ્ધ સ્તરે આ શ્રૃંખલા શરૂ કરવાની છે.

પૂજ્ય ગુરુદેવની આકાંક્ષા હતી કે લાખો ગામડાઓ અત્યાર સુધી અમે જોયાં નથી ત્યાં આ વખતે જવાની અમારી ઇચ્છા છે. તેની વ્યવસ્થા આપ કરો. અમારું કહેવું એ છે કે એક ગામમાં એક યજ્ઞ થાય. અમારો સંકલ્પ અધૂરો ન રહી જાય. અમારા પછી આપ શક્તિવાન હશો.

દીપયજ્ઞ પૂરું થયા બાદ પ્રજ્ઞામંડળનું ગઠન કરીને સાધકોની વિચારગોષ્ઠિ કરવી અને સાત આંદોલનો શરૂ કરવાની ચર્ચા કરવી. દરેક આંદોલનની વિસ્તૃત જાણકારી આપીને કયા-કયા ભાઈઓ કયા આંદોલન ચલાવવામાં રુચિ ધરાવે છે, તેમને તે જ આંદોલનનો સંચાલક બનાવી દેવામાં આવે.

સાધના દરેક આંદોલનનો પ્રાણ છે. સાધના દ્વારા પોતાના આત્મબળમાં વૃદ્ધિ કરીને પોતાની અંદરના દોષદુર્ગુણો દૂર કરીને આંદોલન ચલાવવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકાય છે. સાધનારહિત આંદોલનકારી શીઘ્ર નિરાશ થઈને પાછળ હટી જાય છે. આ દૃષ્ટિએ જ સૌપ્રથમ સાધનાપ્રધાન દીપયજ્ઞ-જ્ઞાનયજ્ઞ આયોજનોની શ્રૃંખલા શરૂ કરવામાં આવી છે. તે ઉપરાંત જ સાધકોને આંદોલનકારી બનાવવાના છે અને યુગસૈનિક બનાવીને આંદોલન ચલાવવાનું છે. પ્રત્યેક આંદોલનની વિચારધારાને અનુકૂળ જનમાનસ બનાવવાની દૃષ્ટિએ પછીના દરેક આંદોલનના દીપયજ્ઞ શરૂ કરાવવામાં આવે.

***જાગૃત બહેનોને અનુરોધ :***

મિશનની દરેક શાખામાં હવે મહિલામંડળ છે. જાગૃત બહેનો અને કાર્યક્રમનું સંચાલન કરતા બહેનોની કમી નથી. તેથી જે જિલ્લાઓમાં સક્રિય બહેનો તથા મહિલામંડળ હોય, તેઓ સ્વતંત્રરૂપે પોતપોતાના વિસ્તારમાં ઉપરોક્ત કાર્ય કરવાના પ્રયાસમાં લાગી જાય, જેથી પુરુષવર્ગના પ્રજ્ઞામંડળ તથા આપના મહિલામંડળનું દરેક ગામ અને વિસ્તારમાં બરાબર ગઠન થતું રહે તથા મહિલા સંગઠન બની ગયા બાદ મહિલાઓ દ્વારા પણ પરિવાર નિર્માણ અને બધા આંદોલનો ચલાવવામાં સક્રિય સહયોગ મિશનને મળી શકે. જે જિલ્લાઓમાં હાલ મહિલામંડળ નથી, ત્યાં પ્રજ્ઞામંડળ જ કાર્ય કરે. પ્રજ્ઞામંડળમાં જે બહેનો હોય તેમને જાગૃત કરવામાં આવે અને સક્રિય બનાવીને શક્ય તેટલો સહકાર આપીને મહિલામંડળ સંગઠિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ, જેથી યુગ નિર્માણનું કાર્ય વ્યાપક રૂપથી થઈ શકે. મહિલામંડળની સ્થાપના કેમ, કેવી રીતે કરવાની છે ? તે માટે "જો દેશની નારીઓ જાગી જાય." પુસ્તક મંગાવીને કાર્યક્રમની શરૂઆત કરે. મહિલા જાગરણ સાહિત્ય મગાવીને શિક્ષિત બહેનોએ સંગઠિત થઈ પોતાના વર્ગનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે મહિલા સંગઠન માટે પૂરા મનોયોગ સાથે કાર્ય કરવા અગ્રેસર થવું જ જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજકાલ એવા મણિમુક્તકોની શોધ થઈ રહી છે, જેનો સુગઠિત હાર યુગ ચેતનાની મહાશક્તિના ગળામાં પહેરાવી શકાય. યુગ નિમંત્રણ પહોંચાડીને આવા સુસંસ્કારીઓની શોધ થઈ રહી છે, જેઓ જીવિત હશે તેઓ પાસું ફેરવીને ઊઠીને ઊભા થશે અને સંકટકાળમાં શૌર્ય પ્રદર્શિત કરતા સેનાપતિઓની જેમ પોતાને વિજયશ્રી અપાવવાના હકદારના રૂપમાં રજૂ કરશે. કંજૂસ અને કાયરો જ કર્તવ્યનો પોકાર સાંભળી કંપે છે, ગભરાય છે અને કોઈ કોતરમાં પોતાનું મોઢું છુપાવવાની વિડંબના રચે છે. એક દિવસ તો તેઓ પણ મરે છે, પરંતુ ખેદ અને પશ્ચાતાપના કલંકની કાલિમા માથે લઈને મરે છે.

પૂજ્ય ગુરુદેવે વિદાય સમયે કહ્યું હતું, ''આ વિદાયની વેળાએ અમારા પ્રિય પરિજનોને બે જવાબદારીઓ સોંપીને જઈ રહ્યા છીએ.''

(૧) જ્ઞાનયજ્ઞમાં સતત આહુતિ આપતા રહેવામાં કોઈ પાછળ ન રહે.

(૨) યુગ પરિવર્તન માટેના અનિવાર્ય સંઘર્ષમાં પોતાના ભાગે આવેલા કાર્યોથી વિમુખ ન થાય.

જેઓ અમને પ્રેમ કરતા હોય, અમારા પ્રત્યે સાચે જ મમતા અને આત્મીયતા રાખતા હોય તેઓ આ બન્ને વાતો નોંધી લે. અમે એ કસોટીએ જ દરેક પરિજનની વાસ્તવિકતો કસીને પારખતા રહીશું.

પૂજ્ય ગુરુદેવે આશ્વાસન આપ્યું છે કે ''અમારી સત્તા દશ્ય રહે કે અદશ્ય, લોકમાં રહે કે પરલોકમાં, તેનાથી કશું બનતું કે બગડતું નથી. વાત ફક્ત મિશનની પ્રગતિમાં સહકાર આપવાની છે, જે અમે કોઈપણ સ્થિતિમાં રહીને સતત કરતા રહીશું. અમારા ગયા બાદ ત્રણ સ્થળોએ, ત્રણ શક્તિઓ ત્રણ ગણું કાર્ય કરશે અને અમારી ત્રિવિધ કાર્યપદ્ધતિ દિવસે-દિવસે વધુ સમર્થ અને વધુ ગતિશીલ થતી જશે. નિરાશા, નિષ્ફળતા અને અંધકારની વાત વિચારવી તે અમારા તથા અમારા માર્ગદર્શક અને એ ભગવાન ઉપર અવિશ્વાસ કર્યા બરાબર હશે કે જેમણે આ મહાઅભિયાનને સફળ બનાવવા માટે પોતાની પ્રતિષ્ઠાને હોડમાં મૂકી દીધી છે.''

જાગૃત આત્માઓનું સમયદાન જ આવનાર સમયની સૌથી મોટી આવશ્યકતા છે. પ્રસ્તુત સમસ્યાઓનું એકમાત્ર સમાધાન લોકમાનસનો પરિષ્કાર છે. દુષ્પ્રવૃત્તિ હટાવવા અને સત્પ્રવૃત્તિ વિકસાવવા માટે કઠોર શૌર્ય અને સાહસ અપનાવ્યા વિના બીજી કોઈ ગતિ નથી. સંકુચિત સ્વાર્થીપણા સિવાય જેમને બીજું કશું જ દેખાતું નથી, સૂઝતું નથી તેમની વાત જુદી છે, પરંતુ જેમનામાં ઉદાર દૂરદર્શિતાના બીજાંકુર વિદ્યમાન છે, તેમણે તૃષ્ણાઓ પર અંકુશ લગાડવા તથા યુગ નિમંત્રણ સ્વીકારવા માટે આગળ આવવું જ જોઈએ. એ માટે આજ કરતા બીજો સારો મુહૂર્ત ફરી આવવાનો નથી. હીરક જયંતી વર્ષમાં દીપયજ્ઞોના આયોજનોને જ્ઞાનયજ્ઞ સાથે સંપન્ન કરાવવા માટે એક વર્ષની પ્રવજ્યા માટે વરિષ્ઠ પરિજનોને કહેવામાં આવી રહ્યું છે. મિશનમાં જે પણ અનુભવી પ્રવચનકર્તા, દીપયજ્ઞ સંચાલનકર્તા અને સંગીત આપવામાં અનુભવી હોય તેઓ પોતાનો ન્યૂનતમ એક માસ અને અધિકતમ સ્વેચ્છાએ પરિસ્થિતિ મુજબ બહાર જવાની સ્થિતિમાં હોય તેઓ પોતાના પૂર્ણ પરિચય અને અનુભવો સાથે ક્યારે-ક્યારે સમય આપી શકશે તેની શીઘ્ર સહમતિ મોકલી આપે. જેમની બહાર અન્ય જિલ્લાઓમાં જવાની સ્થિતિ ન હોય, તેઓ પોતાના જિલ્લાઓમાં અને પોતાની શાખાઓમાં પણ સમયદાનની સહમતિ મોકલી શકે છે. પ્રત્યેક સમયદાનીએ ન્યૂનતમ ૨૪ દીપયજ્ઞ-જ્ઞાનયજ્ઞ કરવાનો સંકલ્પ લેવો જ જોઈએ. વધારાના સંકલ્પ આપના અંતરાત્માની સહમતિ તથા પરિસ્થિતિ પર આધારિત છે.

એક વર્ષની પ્રવજ્યા માટે નિર્વાહ ખર્ચ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. હીરક જયંતી વર્ષ ઘણી દષ્ટિએ અતિ મહત્ત્વનું છે. એમાં પ્રતિભાશાળી, ભાવનાશીલ તથા અનુભવી પ્રજ્ઞા પરિજનોના સમયદાનની સૌથી વધુ આવશ્યકતા છે.

''આપણામાંથી દરેકે ગાંઠ બાંધી લેવી જોઈએ કે નવું ભવન બની રહ્યું છે. નવયુગનો પાયો રચવામાં આવી રહ્યો છે. આ થઈને રહેશે, પછી ભલે તે માટે કૃપણોનો સહયોગ ન પણ મળ્યો હોય. એ યાદ રાખવું જોઈએ કે આવનાર સમય ઉજ્જ્વળ ભવિષ્ય સાથે જોડાયેલો છે. જેઓ એમાં અવરોધ બનીને બાધા નાખશે, તેઓ માત્ર દુર્ગતિ જ સહન કરશે.''

વિશ્વાત્માએ, પરમાત્માએ જ્યારે સર્જનના સંકલ્પ કરી લીધાં છે, તો એનાં પૂર્ણ થવામાં શંકા રાખવી જ ન જોઈએ. એકવીસમી સદી એટલે ઉજ્જ્વળ ભવિષ્યનો ઉદ્ઘોષ ખાલી સૂત્ર નથી. એની પાછળ મહાકાળનો પ્રબળ સંકલ્પ રહેલો છે. એને પ્રતિભા પરિષ્કારના રૂપમાં ચરિતાર્થ થતો જોઈ શકાશે.

✧ ✧ ✧



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભારતભૂમિ સ્વર્ગાદપિ ગરીયસી

આપણને બાળપણથી જ પ્રાચીન ઈતિહાસ દ્વારા એ જ્ઞાન આપવામાં આવે છે કે આપણા પૂર્વજો આર્યજાતિના ભટકતા જંગલી જાતિના (અર્ધ સભ્ય) લોકો હતા અને તેઓ મધ્ય એશિયાના રહેવાસી હતા. તેમણે ઉત્તર-પશ્ચિમ ભાગમાંથી ભારતમાં પ્રવેશ કર્યો. ત્યાં તે સમયે એક હજાર વર્ષોથી પણ વધારે સમયથી સિંધુ ઘાટીની સભ્યતા ફૂલીફાલી રહી હતી, જેના નિવાસી મૂળરૂપે દ્રવિડો હતા. આક્રમણકારી આર્યોએ આ સભ્યતાને રોળી નાખી અને દ્રવિડોને દક્ષિણ તરફ હાંકી કાઢ્યા. પછી થોડી સદીઓમાં તેમણે વેદોની રચના કરી, સમગ્ર ભારતમાં સંસ્કૃતનો પ્રચાર કર્યો અને મહાન ગંગાની સભ્યતાનું નિર્માણ કર્યું.

આપણા પૂર્વજોનું વિદેશથી આવનાર આ બર્બર, જંગલી અને અસભ્ય રૂપ એક પણ નક્કર સત્ય પર આધારિત નથી, પરંતુ ભારત વિરોધી યુરોપીય શાસકો, મિશનરીઓ તથા ઈતિહાસકારો દ્વારા કલ્પિત ષડ્યંત્રનો એક ભાગ હતો. આ છદ્મ જાળથી સાવધાન રહેવાની ચેતવણી આપતાં સ્વતંત્રતાનો મંત્ર આપનાર બંકિમચન્દ્ર ચેટર્જીએ દેશવાસીઓને કહેલું, મારે તમને લોકોને મારી ચેતવણી કડક શબ્દોમાં કહેવી છે, કેમકે તમને લોકોને પ્રમાણપત્ર આપનાર યુરોપીય વિદ્વાનોની સામાન્ય બુદ્ધિ આપણા ભૂતકાલીન ઇતિહાસને લાંછન લગાવવાની છે. તેની ગૌરવમય સ્મૃતિઓને તમારા મગજમાંથી ભૂંસી નાખવાની છે અને તમને લોકોને વિપરીત દિશામાં ધકેલવાની છે. વિદેશી ચડામણીમાં આપણા ગૌરવભર્યા અતીતને ભુલાવી દેવાની આ વાત આજે પણ એટલી જ પ્રાસંગિક છે.

સાચું તો એ છે કે આર્યો વિદેશી આક્રમકો હોવાનો મત ક્યારેય પણ કોઈ નક્કર સત્ય પર આધારિત રહ્યો નથી. જૂઠના આધાર પર ઊભેલો તેમનો વૈચારિક મહેલ આજે સત્યશોધકોની શોધ, નિષ્કર્ષોના પ્રવાહોથી જમીનદોસ્ત થઈ ગયો છે. આર્યો પરદેશથી આવેલ બર્બર (જંગલી) આક્રમણકારી હતા; ભારતના મૂળ નિવાસી નહિ-આ મતને સર્વપ્રથમ પડકાર્યો સ્વામી દયાનંદ સરસ્વતીએ. તેમણે સ્પષ્ટ કર્યું કે વેદમાં ઉલ્લેખાયેલ 'આર્ય' શબ્દ કોઈ જાતિસૂચક ન હોતાં નૈતિક અને આંતરિક ગુણનો પરિચાયક છે.

ત્યારબાદ સ્વામી વિવેકાનંદે, પોતાની દિવ્યશક્તિથી દેશવાસીઓને પોતાના ભૂતકાળના ગૌરવ-ગરિમાથી વાકેફ કર્યા. તેમને માત્ર ભારતીય ગ્રંથોનું અનુભૂત જ્ઞાન જ ન હતું, પણ પાશ્ચાત્ય ઈતિહાસ અને ધર્મનું પણ ઊંડું જ્ઞાન હતું. તેમને આર્યોના સંદર્ભમાં પશ્ચિમની કુટિલતા સમજતાં વાર ન લાગી. તેથી જ તો અમેરિકામાં એક ભાષણમાં કટાક્ષ કરતા તેમણે કહ્યું હતું, ''તમારા પાશ્ચાત્ય વિદ્વાનો આર્યોએ વિદેશી ભૂમિમાંથી આવી આદિવાસીઓની ભૂમિ છીનવી લઈ તેમને ભગાડી ત્યાં જ નિવાસ કરનાર હોવાની વાત કરે છે. આ બધો નર્યો બકવાસ છે, મૂર્ખતાપૂર્ણ-નાદાન વાતો છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે અમારા ભારતીય વિદ્વાનો પણ આંખ મીંચીને આવી વાત સ્વીકારે છે.'' સ્વામીજીએ બહુ દુઃખી થઈને કહ્યું કે આ બધાં ભયંકર જૂઠાણાં અમારાં બાળકોને ભણાવવામાં આવે છે.

આગળ ચાલતાં શ્રી અરવિંદે પોતાના ગ્રંથ 'સિક્રેટ ઑફ ધી વેદાઝ'માં દેશવાસીઓને વેદના સંદર્ભમાં યુરોપીય વિદ્વાનોની દુર્ભાગ્યપૂર્ણ ખોટી ધારણાઓથી સાવધાન અને સચેત કર્યા છે અને ઉત્તર-પશ્ચિમથી આર્ય આક્રમકોના સિદ્ધાંતને નિરાધાર અને અનિશ્ચિત તથ્યો પર આધારિત જણાવ્યા છે. તેમના કહેવા મુજબ આનો વેદોમાં ક્યાંય ઉલ્લેખ નથી. આ રીતે આર્યો અને દ્રવિડોની ભિન્નતા પણ ભ્રામક તથ્યો પર આધારિત છે. તમિલના ગહન અધ્યયન ઉપરાંત શ્રી અરવિંદે સંસ્કૃત અને તમિલની વચ્ચે ગાઢ સંબંધ જોયો અને બન્ને ભાષાઓને એક લુપ્ત આદિવાસીની બે શાખાઓના રૂપમાં જોઈ.

શ્રી અરવિંદનાં ૧૦ વર્ષો પછી ગણિતજ્ઞ અને ભાષા-શાસ્ત્રી આર. સ્વામિનારાયણ અય્યર પણ દ્રવિડ ભાષાઓની ઊંડી શોધના આધારે તમિલ અને સંસ્કૃત વચ્ચે ગાઢ સંબંધ હોવાના નિર્ણય પર પહોંચ્યા. તેમના કહેવા મુજબ દ્રવિડ ક્રિયાપદો (VERBES) ઈન્ડો-આર્યન શબ્દોના હતા. જે સમય જતાં બહુ વિકૃત બની ગયા અને તેથી ઓળખવા બહુ મુશ્કેલ બન્યા. દક્ષિણ ભારતના ભાષાવિદ્ અને ગણિતજ્ઞ એન.એસ. રાજારામ પણ પોતાના શોધ-સંશોધનના નિર્ણયોના આધારે કહે છે કે દ્રવિડ ભાષાઓ સંસ્કૃતની જેમ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમરૂપતા પર પ્રકાશ પાડે છે. કેટલેક અંશે દ્રવિડ ભાષાઓએ સંસ્કૃતના પ્રાચીન સ્વરૂપને હિન્દી જેવી ઉત્તર ભારતીય ભાષાઓ કરતાં વધારે સારી રીતે સુરક્ષિત રાખી છે.

ભારતીય સંવિધાનના નિર્માતા વી. આર. આંબેડકર પણ પોતાના વેદોના અભ્યાસ-અધ્યયન પછી એ નિર્ણય પર પહોંચ્યા હતા કે આર્યો આક્રાંતા હોવાનો મત એક એવું સંશોધન છે જે તથ્ય પર આધારિત નથી. આ સિદ્ધાંત પૂર્વ કલ્પનાઓ પર આધારિત છે, જેમાં તથ્યોને મારી મચડીને તેને સિદ્ધ કરવા માટે પ્રયોજવામાં આવ્યાં છે. વેદોમાં 'આર્ય' નામની જાતિ વિશે કોઈ ઉલ્લેખ નથી. વેદોમાં આર્ય જાતિ દ્વારા ભારત પર આક્રમણ થયાનું પણ કોઈ પ્રમાણ મળતું નથી. ભારતના મૂળ નિવાસીઓ દાસ-દસ્યુઓ પર વિજય, આર્ય અને દાસ-દસ્યુઓની વચ્ચે જાતિભેદ જેવી કોઈ ચીજનું પ્રમાણ નથી કે નથી તેમની વચ્ચે રંગભેદ જેવી કોઈ વાતનો ઉલ્લેખ. માનવશાસ્ત્ર (Anthropology) એક વિજ્ઞાન છે, જે જાતિનું નિર્ધારણ કરવામાં સહાયક છે તો તેની શોધ એ સિદ્ધ કરે છે કે બ્રાહ્મણ અને અછૂત એક જ જાતિના છે. જો બ્રાહ્મણ આર્ય છે, તો અછૂતો પણ આર્ય છે. જો બ્રાહ્મણ દ્રવિડ છે, તો અછૂતો પણ દ્રવિડ છે.

આર્યોના સંદર્ભમાં, વેદમાં કે અન્ય સંસ્કૃત ગ્રંથોમાં ભારતની બહાર કોઈ મૂળભૂત ગૃહભૂમિનો ઉલ્લેખ આવ્યો નથી. હકીકતમાં આર્યોની ભૂમિના સંદર્ભમાં આવેલાં બધાં સ્થાનો જેવાં કે સપ્તસિંધુ, આર્યાવર્ત, ભારતવર્ષ બધાં ભારતીય ભૂમિદ્વીપમાં જ છે. રામાયણ, મહાભારત અને પુરાણોમાં પણ ઉચ્ચસ્તરીય વિકસિત સભ્યતાની ચર્ચા ભારતમાં જ છે, જે કેટલીય સહસ્રાબ્દીઓ સુધી ચાલી.

બહુચર્ચિત લેખક ભગવાન એસ. ગિડવાણીએ પણ પોતાના પુસ્તક 'રિટર્ન ઓફ ધ આર્યન્સ'માં આ ઐતિહાસિક વિશ્વાસનું ખંડન કર્યું છે કે યુરોપીય મૂળના આર્યોએ ઉત્તર-પશ્ચિમથી ભારતમાં ઘૂસીને હડપ્પા સભ્યતાને નષ્ટભ્રષ્ટ કરી હતી. શ્રી ગિડવાણીનો નિષ્કર્ષ ભારત, યુરોપ અને એશિયાના લગભગ ૨૦ દેશોના લોકોમાં યુગોથી પ્રચલિત આર્યોનાં ગીતો, પુરાતાત્ત્વિક અને ઐતિહાસિક પ્રમાણોનાં મંથનમાંથી તારવ્યો છે. તેમનો તો દૃઢ વિશ્વાસ છે કે આર્યો મૂલતઃ ભારતવર્ષના જ નિવાસી હતા.

૧૯૨૦-૨૨માં ભારતીય પુરાતત્ત્વ વિભાગ દ્વારા હડપ્પા અને મોહેંજોદડોમાં થયેલા ખોદકામે આ વિષય પર ઊંડો પ્રકાશ પાડયો છે. તે પછીનાં વર્ષોમાં કેટલાંય અન્ય સ્થળોએ પણ એવાં જ સ્થાન મળી આવ્યાં. જે આ સભ્યતાની વ્યાપકતા જ નહીં, પરંતુ તેના વિકસિત સ્વરૂપ પર પણ પ્રકાશ પાથરે છે. આ સભ્યતાને સિંધુ ઘાટીની સભ્યતાનું નામ આપવામાં આવ્યું હતું, પરંતુ ત્યાર બાદની શોધો અનુસાર આ સભ્યતા મુખ્યત્વે સરસ્વતી નદીને કિનારે વસી હતી. તેથી તેને સિંધુ-સરસ્વતી સભ્યતા કહેવી વધારે ઉચિત લેખાશે. આ ૩૫૦૦ થી ૧૯૦૦ ઈ.પૂ. સુધી ફૂલીફાલી. અત્યાર સુધી સંશોધિત ૧૫૦૦ સ્થાનોના આધારે આ પૂર્વે અનુમાન કરેલી સીમાઓથી લગભગ કેટલાય ગણી વ્યાપક હતી. તેનો વિસ્તાર પશ્ચિમમાં ઈરાનની સરહદો સુધી, ઉત્તરમાં કાશ્મીર અને હિંદુકુશ પર્વતથી આગળ તુર્કમાનિયા (તુર્કસ્તાન; બેક્ટ્રિયા, તજાકિસ્તાનના પામીર પર્વતોની તળેટી સુધી, દક્ષિણમાં ગોદાવરી નદી સુધી તથા પૂર્વમાં દિલ્હીથી પણ આગળ સુધી લગભગ ૨૦ લાખ વર્ગ કિ.મી. ક્ષેત્રોમા હતો. જે સમકાલીન મિસરની અને મેસોપોટેમિયાની સભ્યતાથી પણ ખૂબ મોટી હતી. તે નિઃસંદેહ મહાનતમ સભ્યતાઓમાંની એક હતી.

સિંધુ-સરસ્વતી ક્ષેત્રમાં થયેલ તમામ પુરાતત્ત્વીય શોધોમાંથી એવું કોઈ પ્રમાણ મળ્યું નથી. જે આર્યોને બહારથી આવવાની વાતને સમર્થન આપે. અહીંના વાસણો, હથિયાર, લિપિ, કલા, મૂર્તિઓ આદિ આ બાબતની પુષ્ટિ કરતાં નથી. આથી ઊલટું, આ સભ્યતાનું વૈદિક સ્વરૂપ જ પ્રમાણિત થાય છે.

ઋગ્વેદમાં કેવળ જહાજરાની અને સમુદ્રી વહાણોનો જ માત્ર ઉલ્લેખ નથી, પરંતુ નગરોથી માંડીને વ્યાપાર અને ઉદ્યોગોનો પણ ઉલ્લેખ છે. જે બધા સિંધુ-સરસ્વતીની સભ્યતા સાથે સામ્ય ધરાવે છે અને મધ્ય એશિયામાંથી આવનાર સાથે તેનો કોઈ સંબંધ સ્થાપિત થતો નથી. આ સભ્યતાની સૌથી મોટી વિશેષતા તેનો નગરવિકાસ અને વ્યવસ્થા હતાં જેનાં સ્તરો યુરોપમાં ૨૦૦૦ વર્ષો બાદ જોવા મળે છે. તેના વિદેશોમાં ઓમાન, બહરાન, સુમેર જેવા દેશો સાથે વ્યાપારી સંબંધો હતા. તેના 'લોથલ'ને વિશ્વનું સર્વપ્રથમ ગોદીવાડો (Dockyard) અને ભરતી અવરોધક (Tidal Lock) બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.

અહીંથી મળેલી મુદ્રાઓથી ધાર્મિક પ્રચલનોનું વૈદિક સ્વરૂપ ઊપસી આવે છે. દેવતાઓની મૂર્તિઓ યોગમુદ્રામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્થિત બેઠી અને ઊભેલી મળી આવી છે. અગ્નિ પૂજા, શક્તિ ઉપાસના, નંદી, પશુપતિ, શિવ આદિ રૂપોમાં વૈદિક સભ્યતાનાં સબળ પ્રમાણો મળે છે. યોગ-આસનમાં ધ્યાનસ્થ યોગીની મુદ્રા, તે સમયની યોગ સાધના પર પ્રકાશ પાડે છે. સેંકડો મુદ્રાઓથી ઉપલબ્ધ રહસ્યમયી સિંધુ લિપિનો સંસ્કૃત સાથેનો સંબંધ જાણી શકાયો છે.

પોતાના વ્યાપક રૂપમાં સિંધુ-સરસ્વતી સભ્યતા વૈદિક રૂપની હતી એટલે કે જેની સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ વેદ સાથે જોડાયેલ હતી. ૬૦૦૦ વર્ષો જૂની માટીમાંથી ખોદકામમાં એવું કાંઈ હાથ લાગ્યું નથી જે (આજે હિંદુ ધર્મના રૂપમાં) પ્રચલિત વૈદિક સભ્યતાથી કોઈ રીતે ભિન્ન હોય. આર્ય આક્રાંતા દર્શનના પ્રબળ સમર્થક જોન માર્શલ પણ 'મોહેંજોદડો એન્ડ ધી ઇન્ડુ સિવિલાઈઝેશન'માં એમ કહેવા મજબૂર બન્યા છે કે સિંધુ ઘાટીના લોકોનો ધર્મ એટલો ભારતીય છે કે તેને વર્તમાન હિન્દુ ધર્મથી કોઈપણ રૂપે અલગ ગણી શકાય નહિ. મોહેંજોદડો અને હડપ્પા બન્ને સ્થળોની સભ્યતા આરંભિક સભ્યતા નથી, એક પરિપક્વ સભ્યતા છે, જેની પાછળ સહસ્રાબ્દીઓનો માનવશ્રમ નિહિત છે.

સિંધુ-સરસ્વતી સભ્યતાની મુખ્ય નદી સરસ્વતીનું આજે ભલે કોઈ અસ્તિત્વ ન હોય, પરંતુ પુરાતત્ત્વીય શોધોથી તેના પુરાતન અસ્તિત્વની જાણ થાય છે. ઉપગ્રહીય ચિત્રો દ્વારા આ બાબત પ્રમાણિત થઈ ચૂકી છે. તે હિમાલયની તળેટીમાં શિવાલિક પહાડીઓમાંથી વહેતી હતી. પંજાબમાં અંબાલા પાસે મેદાનોને સ્પર્શતી હતી. સિન્ધુ નદીની લગભગ સમાંતરે વહેતી રાજસ્થાનના રણપ્રદેશમાં થઈને અંતે ગુજરાતના કચ્છના રણમાં વહેતી હતી અને અરબ સાગરને મળતી હતી. આ ત્રણથી દસ કિ.મી.ની પહોળાઈવાળી વિશાળ નદી હતી. એક સમયે સતલજ અને યમુના નદી પણ આની જ શાખાઓ હતી. તેનો પ્રવાહ ૧૦૦૦૦ ઈ.પૂ. માં સમાપ્ત થયેલ અંતિમ હિમયુગમાં હિમાલયના ગ્લેશિયર અને હિમશિલાઓના પીગળવાના કારણે અખંડિત હતો. વિસ્તૃત સંશોધનથી એ હકીકત ઊપસી આવી છે કે સરસ્વતી નદીએ કેટલીય વાર પૂર અને ભૂકંપને કારણે પોતાનો પ્રવાહ બદલ્યો, જેનાથી સતલજ નદી સિંધુ નદીની તરફ અને યમુના પૂર્વની તરફ પોતાનું વહેણ બદલીને વહેવા લાગી. પ્રમાણોથી એ પણ સ્પષ્ટ થાય છે કે વચ્ચે સદીઓ સુધી લાંબા દુષ્કાળ પડ્યા, જેને કારણે સરસ્વતી કેટલાય ભાગોમાં વિભાજિત થઈ ગઈ અને અંતે ઈ.પૂ. ૨૦૦૦ સુધીમાં પૂરેપૂરી સુકાઈ ગઈ.

વૈદિક કાળમાં ઋષિ-મુનિઓ (આર્યોના)નાં ક્રિયાકર્મો, તપ-સાધનાનું આ કેન્દ્ર સ્થાન રહ્યું. ઋગ્વેદ કાળમાં તે પોતાના પૂર્ણ વેગથી પ્રવાહિત થતી હતી. આર્યો તેને કિનારે રહેતા હતા અને તેના વિવિધ અનુદાન વરદાનોથી પ્રભાવિત થઈને તેની સ્તુતિ કરતા હતા. ઋગ્વેદમાં તેની સ્તુતિ શ્રેષ્ઠ માતા અને શ્રેષ્ઠ નદીના રૂપમાં કરવામાં આવી છે.

(ઋગ્વેદ ૨.૪૧/૧૬)

ઋગ્વેદ, મહાભારત અને અન્ય પુરાણોથી નદીની સ્થિતિનું જ્ઞાન, તેના તટ પર વસેલાં તીર્થસ્થાનોના રૂપમાં થાય છે. ઋગ્વેદમાં લખ્યું છે કે આ મહાન નદી પર્વતથી સાગર સુધી વહે છે. મહાભારતમાં, રણપ્રદેશમાં તે લુપ્ત થઈ જવાની વાત કહેવાઈ છે. આર્યો વિદેશી આક્રમણકારો હોવા વિશેનો મત આ બધા ગ્રંથોને ઈ.પૂ. ૧૦૦૦ પછીના કાળના બતાવે છે. અર્થાત્ સરસ્વતી નદીના સુકાઈ જવાનાં ૧૦૦૦ વર્ષો પછીની વાત કરે છે જે સંપૂર્ણપણે નિરાધાર પુરવાર થાય છે.

પુરાતત્ત્વવેત્તાઓએ તેના સૂકા તળની સાથે જુદા જુદા આકારનાં ૭૦૦ સ્થાનો શોધ્યાં છે, જ્યારે સિંધુ નદીને કિનારે એવાં ૧૦૦ સ્થાનો મળ્યાં છે. આના આધારે પણ જીવનદાત્રી સરસ્વતીને આ સભ્યતાનું ગુરુત્વ કેન્દ્ર માનવું ન્યાયસંગત રહેશે. આ સેંકડો સ્થાનો એક બીજી બાબત પ્રસ્થાપિત કરે છે. સૂકી નદીની વચ્ચે રહેઠાણનાં સ્થળોનું અસ્તિત્વ તે સિદ્ધ કરે છે કે સરસ્વતી નદી ઈ. ૩૦૦૦ વર્ષ પૂર્વે સુકાવા લાગી હતી, જ્યારે તે ઋગ્વેદ કાળમાં પૂરા વેગથી વહેતી હતી. ઈ.પૂ. ૧૨૦૦થી ૧૯૦૦ના સમયગાળાના ભયંકર દુષ્કાળમાં સરસ્વતી નદીનો અંત આવ્યો. આનાથી બીજાં પણ કેટલાંક ક્ષેત્રો પર અસર થઈ હતી. મેસેપોટેમિયાની સુમેર સંસ્કૃતિ પણ આમાં જ ક્ષત-વિક્ષત થઈ ગઈ હતી. સિન્ધુ-સરસ્વતી સભ્યતાના પતનની સાથે ત્યાંના રહેવાસી પહેલાં યમુનાના નવા પ્રવાહ તરફ વળ્યા અને પછી ગંગા તરફ આવ્યા. અહીં તેમણે નવી સભ્યતા વિકસાવી, જે આપણને સૌને વારસામાં મળી છે, જેના આધારે આપણે ગૌરવ સાથે કહી એમ શકીએ છીએ કે અમારા 'આદિ પૂર્વજ' આર્યો ભારતવાસી જ હતા, જેમણે પોતાની આ ભારતભૂમિને 'स्वर्गादपि गरीयसी' સ્વર્ગથી પણ મહાન બનાવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ૨૧મી સદીમાં સૂર્યદેવતાની કોપદૃષ્ટિ

સૌરમંડળમાં સૂર્ય મુખ્ય છે. વેદ અનુસાર સૂર્ય માણસને જગાડીને ઈષ્ટ કાર્યમાં પ્રવૃત્ત કરે છે. સૂર્ય આત્મા જગતસ્તસ્થુષશ્ચ । કરીને સૂર્યને બધા ચર-અચરનો આત્મા માનવામાં આવ્યો છે. આ સમસ્ત ભૂમંડળ પર સૂર્ય સર્વત્ર ગૂઢ વિચરણ કરીને જીવો અને મનુષ્યોની ગતિવિધિઓ નિહાળે છે. ગ્રીક ભાષામાં સૂર્યને 'હેલિયસ' કહ્યો છે. આ શબ્દનો અર્થ છે, તેજોમય. સૂર્યનું આ તેજ તેમાં ઉત્પન્ન અનંત ઊર્જાનું પરિણામ છે. આ ઊર્જાને કારણે પૃથ્વીમાં પ્રાણનો સંચાર થાય છે. વૈજ્ઞાનિકોના મતાનુસાર પૃથ્વી પરથી આગળના ગોળા રૂપે દેખાતા સૂર્યમાં પણ હલચલો થાય છે, જે સૌરજવાળા અને કાળા ધાબાના રૂપમાં જોઈ શકાય છે.

જો કે સૂર્ય સૌરમંડળની મુખ્ય ધરી છે, પરંતુ પોતાની આકાશગંગામાં એ પણ એક નાનકડો તારો છે. સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ૧૪ કરોડ ૯૬ લાખ કિલોમીટરનું અંતર છે. તો પણ માત્ર આઠ જ મિનિટમાં સૂર્યના કિરણો આ લાંબુ અંતર કાપે છે. સૂર્યનો વ્યાસ ૧૩ લાખ ૯૨ હજાર કિલોમીટર છે. જ્યારે પૃથ્વીનો વ્યાસ લગભગ ૧૨ હજાર ૭૫૬ કિ.મી. છે. પૃથ્વીથી કેટલાય ગણો મોટો અને ભારે સૂર્ય એક સળગતો પિંડ છે એ કલ્પના કરવી પણ સરળ નથી.

તેના બધા જ ભાગોનું તાપમાન એકસરખું હોતું નથી. તેની સપાટી પરનું તાપમાન લગભગ ૬૦૦૦ ડિગ્રી સેલ્સિયસ છે. સૂર્યની રોશની અને ગરમીની પાછળ સૌરઊર્જા કામ કરે છે. આ ઊર્જા પૃથ્વીનો પ્રાણ છે. આ પ્રાણથી જ પૃથ્વીમાં જીવનનો વિકાસ સંભવિત બન્યો છે. આ ઊર્જા સૂર્ય કેન્દ્રમાં ન્યૂક્લિયર ક્રિયાથી ઉત્પન્ન થાય છે. આને પરિણામે, હાઈડ્રોજન ગેસ હીલિયમમાં પરિવર્તિત થતો રહે છે. સૂર્યના કેન્દ્રમાં ૫૬૪૦ લાખ ટન હાઈડ્રોજન એક સેકંડમાં ૫૬૦૦ લાખ ટન હીલિયમમાં બદલાઈ જાય છે. તેનાથી ૪૦ લાખ ટન હાઈડ્રોજન જેટલી ઊર્જા કિરણો રૂપે સૂર્યની બહાર નીકળે છે. સૂર્ય પ્રત્યેક સેકંડ $૩.૮x૧૦^{-૨૬}$ 'જે' ઊર્જા અંતરિક્ષમાં ઉત્સર્જિત કરે છે.

પાછલાં પાંચ અબજ વર્ષોથી સૂર્ય પોતાના વાયુને ઊર્જાશક્તિમાં પરિવર્તિત કરતો રહ્યો છે. ઊર્જાની ખપત પણ તેને અનુરૂપ થાય છે. તેની સપાટી પરનું જે તાપમાન છે તે સમગ્ર સપાટી સ્તર પર એકસરખું નથી. સૂર્યના ફોટોસ્ફીયરમાં ૬૦૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન હોય છે. તેમાં અનિયંત્રિત વાયુનું એક પડ ફોટોસ્ફીયર હોય છે. આ બન્નેની વચ્ચે એક પડ હોય છે. તેનું તાપમાન ૪૫૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ હોય છે. આ સૂર્યનો સૌથી ઠંડો પ્રદેશ છે. તેને સૂર્યગ્રહણની શરૂઆતમાં અને અંતમાં મૈગ્નેટા ફ્રીઝના રૂપે જોઈ શકાય છે.

સૂર્યના જે સપાટી સ્થાન પર તાપમાન ઓછું હોય છે અને અંધારું તથા ઠંડક માત્ર હોય છે, તેને 'સન સ્પોટ' કહેવામાં આવે છે. સન સ્પોટનું તાપમાન પોતાના નિકટવર્તી ગેસના તાપમાનથી ૨૦૦૦ સેન્ટિગ્રેડ ઓછું હોય છે. તે ફોટોસ્ફીયરમાં ચાલીસ હજાર વચ્ચેની હોય છે. આ ધબ્બા એકબીજાની જોડમાં કે સમૂહમાં ભ્રમણ કરે છે તથા તેમનો જીવનકાળ થોડા દિવસોથી માંડીને થોડા મહિનાઓ સુધીનો હોય છે. આ ધબ્બા સૌ પ્રથમ શોધી કાઢવાનું શ્રેય મહાન વૈજ્ઞાનિક ગેલીલિયોને ફાળે જાય છે.

સૂર્ય કદી શાંત નથી હોતો. તેની ભીતર હલચલો પેદા થતી રહે છે. આ હલચલો ક્યારેક એટલી તીવ્ર હોય છે કે સૂર્યની સપાટી પર ઊંચી ઊંચી જ્વાળાઓ ફૂટી નીકળે છે. અમેરિકી ભૌતિકવિજ્ઞાની યૂનીન નારમન પાર્લરના જણાવ્યા મુજબ હાઈડ્રોજન અને હીલિયમની આયનીત ગેસથી બનેલી એક ધારા સતત અને નિરંતર સૂર્યમાંથી પ્રવાહિત થતી રહે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ પ્રવાહમાં પ્રોટોન અને ઈલેક્ટ્રોનની સંખ્યા સરખી હોય છે. આને જ સૌર વાયુના નામે ઓળખવામાં આવે છે. સૌર વાયુની ગતિ કલાકના ૧.૨૬ થી ૨.૮૮ મિલીયન કિલોમીટરની હોય છે.

'સૌર્ય જ્વાળા' સન સ્પોટમાંથી ઊર્જા રૂપે ફૂટી નીકળે છે. તે ભારે માત્રામાં સૌર વાયુમાં કણોને વિખેરી નાંખે છે, જે ક્યારેક ધરતીની સીમા ઓળંગીને આવી જાય છે. આ ઊર્જાકણો ધરતીમાં જબરદસ્ત ચુંબકીય ક્ષેત્રનું નિર્માણ કરે છે. આનાથી ધરતીનાં સંચાર માધ્યમો સંપૂર્ણપણે ધરાશાયી થઈ શકે છે. સૌરજ્વાળા અંતરિક્ષમાં સેંકડો માઈલના વિસ્તારમાં ફેલાઈ જાય છે. અત્યાર સુધીમાં સૌરજ્વાળાઓ અત્યાધિક ઉગ્ર રૂપમાં ૨૮ ફેબ્રુઆરી ૧૯૪૨, ૧૯ નવેમ્બર ૧૯૪૯, ૧૩ સપ્ટેમ્બર ૧૯૭૧ તથા એપ્રિલ ૧૯૯૦માં જોવા મળી હતી.

૨૦મી શતાબ્દીના છેવટના તબક્કામાં ઈ.સ. ૨૦૦૦માં સૂર્યની હલચલ ફરીથી પોતાના પ્રચંડ રૂપમાં જોવા મળી. ગત વર્ષ ઇ.સ. ૨૦૦૦ના માર્ચની ત્રીજી અને ચોથી તારીખે સૂર્યની બહારની સપાટી પર સો મેગાટન ક્ષમતાના કરોડો હાઈડ્રોજન બોમ્બ જેટલી શક્તિના વિસ્ફોટો થયા હતા. આનાથી પૃથ્વીની અંદર ઘાતક પારજાંબલી કિરણોનું ભીષણ તોફાન પ્રવેશી ગયું. પ્રસિદ્ધ અંતરિક્ષ ભૌતિકશાસ્ત્રી આર. એસ. શ્રીવાસ્તવના મતાનુસાર આ ઘટનાથી પૃથ્વી પર એક (X Rays) કિરણો તથા પારજાંબલી વિકિરણની વર્ષાના કારણે દિવસના અગિયાર વાગ્યાથી દોઢ વાગ્યા સુધીનો સમય ખૂબ ખતરનાક હતો.

અમેરિકાના જે. એમ. ફ્રીઝ અને ડૉ. શ્રીવાસ્તવના કથન અનુસાર સૂર્યના કોરોના ક્ષેત્રમાં બે બિંદુઓ છે. આ બિંદુઓને ૮૮૮૨ અને ૮૮૮૧ની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. વર્તમાન સમયમાં આ બન્ને બિંદુઓ અચાનક જ અતિશય સક્રિય બની ગયા છે. આ બન્ને સ્થાનોમાંથી ૨૦ કરોડ ટન કોરોના દ્રવ્યનો આવેશિત કિરણપૂંજ બહાર નીકળી રહ્યો છે. તેની ગતિ સેકંડે ૩૦૦૦ કિલોમીટરની છે. તેની દિશા ગમે ત્યારે પૃથ્વી તરફ વળી શકે છે. સામાન્ય રૂપે તેની આ પ્રક્ષેપણ ગતિ દસગણી વધારે છે. આ કિરણોમાં બીટા અને ગામા કિરણોનો પણ સમાવેશ છે. આ ખગોળવિષયક ઘટનાઓના સંદર્ભમાં દિલ્હી વિશ્વવિદ્યાલયના વૈજ્ઞાનિક પ્રોફેસર વિષ્ણુ ભાટિયાએ સ્પષ્ટ કર્યું છે કે ક્યારેક ક્યારેક પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર સૂર્યમાંથી નીકળનાર ઉચ્ચ ઊર્જાકણોને વિચલિત કરી દે છે. આ વખતે પણ આવી જ કોઈ ઘટના બની અને પૃથ્વી એક બહુ મોટા સંકટમાંથી બચી ગઈ.

પૃથ્વી પર તોફાનનું વિધ્વંસક રૂપ તો ક્યારેક ક્યારેક જોવા મળે છે, પરંતુ સૂર્ય પર તો તેથીય વિકરાળ, ભયંકર અને તીવ્ર તોફાન હંમેશા થતાં રહે છે. આ તોફાનને કારણે સૂર્ય પર વિદ્યમાન સૌરકલંકની સક્રિયતા દર ૧૧ વર્ષે પોતાની ચરમ સીમાએ પહોંચે છે. તેનાથી સૂર્યના આભામંડળના આકાર અને આકૃતિમાં સમયે સમયે પરિવર્તન થતું રહે છે. આ સૌરકલંકના તીવ્ર સંવેદનશીલ ચુંબકીય ક્ષેત્રની નજીકનું તાપમાન બાકીના ક્ષેત્રની સરખામણીમાં ઓછું હોય છે. બીજી બાજુના ચુંબકીય ક્ષેત્રમાં અત્યાધિક તાપમાન પર ઇલેક્ટ્રોન, પ્રોટોન અને પરમાણવિક આયન સમરૂપ વિદ્યુતકણ અત્યંત જટિલ માર્ગ પર ભ્રમણ કરે છે. સૂર્યની સક્રિયતાનું ૧૧ વર્ષીય ચક્ર ચાલતું રહેવાનું આ જ કારણ છે. દર ૧૧મા વર્ષમાં આ સક્રિયતા પોતાની ચરમ સીમા પર હોય છે. ૨૪ એપ્રિલ, ૧૯૯૦ના દિવસે આ સૌર હલચલ દરમિયાન સૂર્યના ઉત્તર-પશ્ચિમ ભાગથી સૂર્યના કેટલાક પદાર્થો અત્યંત વેગથી અલગ પડી જતા જોવા મળ્યા હતા. તે પદાર્થો સૂર્યથી ૧૦ લાખ કિ.મી. દૂર સુધી ફેલાઈ ગયા હતા.

સૌરકલંકની અધિકતમ સક્રિયતાને કારણે ઘણું ખરું પૃથ્વી પર બહુતરંગી ધ્રુવીય જ્યોતિ પ્રગટ થાય છે.

***ભલાઈનો પુરસ્કાર મેળવવામાં અને બુરાઈનો દંડ ભોગવવામાં વાર નથી લાગતી. આત્માના સંતોષ અને પશ્ચાત્તાપના રૂપમાં તે હાથોહાથ મળે છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ જ્યોતિને ઉત્તર ધ્રુવમાં 'અરોરા બોરિયાલિસ' તથા દક્ષિણ ધ્રુવમાં 'અરોરા આસ્ટ્રિયાલિસ' કહે છે. સૌર કલંકોમાંથી ઉદ્‌ભવતાં ચુંબકીય તોફાનોનાં વિદ્યુતકૃત કણોને પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર શોધી લે છે. આના પરિણામે પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ધ્રુવ પર પ્રકાશના મનહર સુંદર દશ્યો દષ્ટિગોચર થાય છે.

> જ્યાં સુધી વિશ્વમાં ક્યાંય પણ અન્યાય પ્રવર્તે છે, ત્યાં સુધી વીરતા પ્રગટ કરવાનો સમય પૂરો થતો નથી.

સૌરકલંકમાં બનનારી અભિક્રિયાઓથી નીકળનાર કિરણો પૃથ્વીના અયનમંડળ સુધી પહોંચી જાય છે. આનાથી પૃથ્વીનું ભૂ-ચુંબકીય ક્ષેત્ર પણ પ્રભાવિત થયા વિના રહેતું નથી. સૌર હલચલની અધિકતમ તીવ્રતા પૃથ્વીના આયનોસ્ફીયરમાં ઊથલપાથલ મચાવી દે છે. આને કારણે ધરતીમાં ચુંબકીય તોફાન આવવાની સંભાવનાઓ વધી જાય છે. આનાથી રેડિયો સંચારમાં અવરોધ પેદા થાય છે અને વિદ્યુત આપૂર્તિની વેરવિખેર થવાની આશંકા રહે છે. આપણી પૃથ્વી કેટલીય વખત આ ઘટનાઓનો કડવો અનુભવ લઈ ચૂકી છે. આ ખગોળવિષયક ઘટનાઓથી અનેક દેશોમાં વિદ્યુત વ્યવસ્થા ધ્વસ્ત થઈ ગઈ હતી. આ જ કારણે કેનેડાના હાઈડ્રોક્યૂબિક વિદ્યુત યંત્રો પણ નષ્ટ થઈ ગયાં હતાં અને કેનેડા તથા અમેરિકાનાં કેટલાંય શહેરો કલાકો સુધી અંધકારમાં ડૂબી ગયાં હતાં.

વર્તમાન સૌરકલંકો વધવાની શરૂઆત ૧૯૯૬થી શરૂ થઈ અને માર્ચ, ૨૦૦૦માં પોતાની ચરમસીમાએ પહોંચી. સૂર્ય પર જ્યારે ચુંબકીય સક્રિયતા વધારે હોય છે ત્યારે તેના આભામંડળમાં સમરૂપતા રહે છે, પરંતુ જ્યારે તેના પર ચુંબકીય સક્રિયતા ઓછી હોય છે ત્યારે તેના આભામંડળમાં અનેક જ્યોતિઓ નજરે ચડે છે, જે અંતર્ગ્રહીય અંતરિક્ષમાં દૂર સુધી પ્રવેશી જાય છે. અમેરિકાના 'નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન'ના ઋતુ વૈજ્ઞાનિક ગૈરી હેકમેનનું કહેવું છે કે આ વખતે સૌરચક્રમાં થનારા વિસ્ફોટ અને તેના કારણે આવનારાં કિરણોનું ઘાતક વિનાશક તોફાન પૃથ્વીથી એક લાખ પચાસ હજાર કિલોમીટર દૂરથી પસાર થઈ ગયું, આને એક દૈવી કૃપા જ કહેવી જોઈએ. નહીં તો અંતરિક્ષમાં સ્થાપિત મોટાભાગના બધા કૃત્રિમ ઉપગ્રહો અને તેના પર આધારિત આધુનિક ઉદ્યોગ એક મોટી દુર્ઘટનાનો શિકાર બની જાત.

સૂર્યમાં થનારી આ બધી હલચલો વ્યાપક પરિવર્તનની પરિચાયક છે. વૈજ્ઞાનિકોનું એમ માનવું છે કે આ હલચલોના પરિણામે આવનારા સમયમાં ધરતી પર મોટા સ્વરૂપે પરિવર્તન થશે. તેમનું કહેવું છે કે પૃથ્વીની આકૃતિ તો એ જ રહેશે, પરંતુ પ્રકૃતિ સંપૂર્ણપણે બદલાઈ જશે. આ બાબતને ૨૧મી સદીમાં થનાર યુગપરિવર્તનના રૂપમાં પણ જોઈ શકાય.

✦ ✦ ✦

> **સુલોચનાએ જીવનભર પતિવ્રતની કઠોર સાધના દ્વારા મેઘનાદને એવું બળ પ્રદાન કર્યું હતું કે તેની આગળ દેવતાઓ પણ ટકી શકતા ન હતા. આવા અપરાજિત યોદ્ધાને મારનાર મહારથી લક્ષ્મણને પણ આવું સૌભાગ્ય તેમની મહાન પતિવ્રતા ઊર્મિલાએ જ પ્રદાન કર્યું હતું. ઊર્મિલા ભારતીય નારીના ગૌરવમય ઈતિહાસનો ચન્દ્ર, જેણે ચૌદ વર્ષો સુધી પોતાના પતિની અનુપસ્થિતિમાં આંખ ઊંચી કરીને કોઈ પુરુષના દર્શન પણ કર્યાં ન હતાં. તેણે રાજ્ય-ભોગ, આભૂષણ-ઘરેણાં, અને સ્વાદિષ્ટ ભોજનનો ફક્ત એટલા માટે ત્યાગ કર્યો હતો કે તેના પતિ વનવાસી હતા. આવી નિષ્ઠા ભારતીય સમાજને એ શક્તિ પ્રદાન કરે છે જેની યશગાથા આજે પણ વિશ્વ ઈતિહાસના આકાશમાં સૂર્યની જેમ દેદીપ્યમાન છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાચી સફળતા માટે કેટલીક અનિવાર્ય શરતો

સફળતા માત્ર સંજોગનું નામ નથી. તે દષ્ટિકોણનું પરિણામ છે. નીતિને માર્ગે ચાલવાથી જ સાચી સફળતા પ્રાપ્ત કરી શકાય છે. આ માર્ગે મળતી નિષ્ફળતા પણ એટલી જ પ્રશસ્ય અને શ્રેષ્ઠ છે. અસફળતા એક અનુભવ છે. સફળતા કોઈ રહસ્ય નથી, પરંતુ બુનિયાદી નિયમોનું સતત પાલન કરવાનું સુખદ પરિણામ છે. આથી ઊલટું, નિષ્ફળતા કોઈ ભૂલોનું સતત પુનરાવર્તન કરવાનું પરિણામ છે.

અર્લ નાઈટિંગેલના મંતવ્ય અનુસાર ''મૂલ્યવાન લક્ષ્યની સતત પ્રાપ્તિનું નામ સફળતા છે.'' સફળતા સતત પ્રયાસનું નામ છે. સફળતા એક યાત્રા છે, મંજિલ નથી. મંજિલ પર પહોંચ્યા પછી કે લક્ષ્યસિદ્ધિ બાદ અટકી જવું એટલે સફળતાનો અંત. ધ્યેય સિદ્ધ થતાં સુખાનુભૂતિ થાય છે. સફળતા આ જ અનુભૂતિનો વિષય છે. અંતરથી તેની પ્રતીતિ થાય છે. સફળતાની યાત્રા ધ્યેયના મૂલ્યના મહત્ત્વ પર નિર્ભર છે. જો લક્ષ્ય ઉત્કૃષ્ટ હોય તો સફળતા પણ એટલી જ મહાન અને પવિત્ર હશે. આ જ સફળતાની કથની છે, પરંતુ આ કથની પૂર્ણતા અને સંતોષ વિના અધૂરી છે.

શ્રેષ્ઠતાનો પ્રયાસ જ સફળતા છે. આ જગતમાં એવું કશુંય નથી જેને સુધારી કે સુગ્રથિત બનાવી ન શકાય. પૂર્ણતાની પ્રાપ્તિ અસંભવિત નથી. હા, મુશ્કેલ લક્ષ્ય જરૂર હોઈ શકે, પણ શ્રેષ્ઠતા તો પ્રાપ્ત કરી શકાય છે. શ્રેષ્ઠતામાં સફળતા સમાયેલી છે. આ હેતુની સિદ્ધિ માટે સંઘર્ષ આવશ્યક છે. સંઘર્ષ કર્યા વિના સફળતા પ્રાપ્ત થઈ શકતી નથી. સંઘર્ષ વિના જીવનમાં કશુંય પ્રાપ્ત થતું નથી. સંઘર્ષ મુશ્કેલીઓ સામે ઝઝૂમવાની કલા શીખવે છે. માણસમાં આત્મવિશ્વાસ ત્યારે જ જાગૃત થઈ શકે, જ્યારે તે મુસીબતો કે મુશ્કેલીઓનો સામનો કરે છે અને તેમના પર વિજય મેળવે છે. મુશ્કેલીઓ અને કઠણાઈઓ જીવનનું અનિવાર્ય અંગ છે. તેની સામે ઝૂઝતા રહેવું એ સંઘર્ષ છે. વિજેતા કદી ઉદાસ કે હતાશ થતો નથી. તે સંઘર્ષરત રહે છે. સંઘર્ષ જ સફળતા છે. દરેક બાબત સરળ હોવા પહેલાં તો અઘરી જ હોય છે. મુશ્કેલીઓથી ભાગી છૂટવું ન જોઈએ. એટલા માટે તો કહેવાયું છે, 'શાંત સમુદ્રમાં નાવિક કદી કુશળ બની શકતો નથી.'

સાચી સફળતાનો માપદંડ છે યોગ્ય કાર્ય યોગ્ય રીતે પૂર્ણ કરવું અને પોતાના ધ્યેયને સિદ્ધ કરવું. બીજાની સરખામણીમાં આપણે શું કરી રહ્યા છીએ તેના પરથી જીવનની સફળતા આંકી ન શકાય. આપણી સફળતા તો એ તથ્ય પર આધારિત છે કે આપણે આપણી ક્ષમતાની તુલનામાં શું કરીએ છીએ. સફળ વ્યક્તિ પોતાની જાત સાથે ઝઝૂમે છે. તેઓ પોતાનાં કાર્યોમાં સદાય સુધારો કરતા રહે છે અને પ્રગતિ કરે છે. પ્રાપ્ત ઊંચાઈ એ સફળતાનો માનદંડ ન બની શકે. પરંતુ આપણે પડીને કેટલી વાર ઊભા થઈએ છીએ તેના પરથી તે નિર્ણીત થાય છે. પડીને વારંવાર ઊભા થવાની શક્તિ જ સફળતાની કેડી કંડારે છે.

સફળતાનો પંથ મુશ્કેલ નથી, તો સરળ પણ નથી. આ માર્ગે અનેક મુશ્કેલીઓ આવે છે. મુશ્કેલીઓ છે- અહંકાર, સફળતા-અસફળતાનો ડર, યોજનાની ઊણપ, ધ્યેયનો અભાવ, જીવનમાં પરિવર્તન, વિશ્વાસનો અભાવ, આર્થિક અસલામતી, અસહ્ય કૌટુંબિક જવાબદારી, દિશાહીનતા, એકલતાની પ્રતીતિ, બધો બોજ પોતે જ ઉપાડવો, શક્તિથી વધારે પોતાને સાંકળવા, પ્રશિક્ષણ, દૃઢતા અને પ્રાથમિકતાની ઊણપ. આ મુશ્કેલીઓ પાર કર્યા પછી જ સફળતાનો સાફો શિરે બંધાય છે.

સફળતા માટે દૃઢ મનોસ્થિતિ આવશ્યક છે. કોઈપણ સ્થિતિમાં આપણે આપણી જાતને કેવી રીતે સંભાળી લઈએ છીએ અને પરિસ્થિતિ મુજબ જાતને ઢાળીએ છીએ તેનાથી આપણી સફળતા નક્કી થાય છે. અસફળતા બે પ્રકારની હોય છે-તેઓ કાર્ય કરે છે પણ વિચારતા નથી. બીજા જેઓ વિચારે જ છે, પરંતુ કશું કરતા નથી. વિચારશક્તિનો ઉપયોગ કર્યા વિના જીવન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવવું એટલે નિશાન વિના તીર તાકવું.

સફળ ન થઈ શકવા પાછળ ઘણાં કારણો છે. પડકારનો સામનો કરતાં અચકાવું તે એક કારણ છે. જીવનમાં જોખમ આવે જ છે. તેનાથી ડરી જવું એ સફળતા માટે ઘાતક છે. જોખમ ઉઠાવનાર હંમેશાં જાગૃત અને સતર્ક હોય છે અને નિષ્ફળતા તેમની પાસે ફરકતી નથી. અવિરત પ્રયત્ન-પુરુષાર્થના અભાવમાંથી નિષ્ફળતા જન્મે છે. મુશ્કેલીઓ ભારે હોય ત્યારે પલાયન એ સૌથી સરળ માર્ગ છે. વિજેતા વ્યક્તિ વારંવારની નિષ્ફળતા પછી પણ હાર નથી સ્વીકારતી. મોટાભાગના લોકો જ્ઞાન અને પ્રતિભાની ઊણપથી પરાજિત થતા નથી, પરંતુ ભાગી જવાથી તેઓ હારી જાય છે. સફળતાનું રહસ્ય છે સતત પ્રયાસ અને વિરોધ. રાલ્ફ વાલ્ડો ઈમર્સનના શબ્દોમાં કહીએ તો કોઈ વ્યક્તિ બીજાઓ કરતાં વધુ બહાદુર હોવાને કારણે નેતા નથી બનતી, પરંતુ બીજાઓની તુલનામાં તે પોતાની બહાદુરી દસ મિનિટ વધુ દાખવે છે તેથી નેતા બને છે.

અસફળતાનાં કારણોમાં છે-ત્વરિત ઇચ્છાપૂર્તિ, પ્રાથમિકતાની ઊણપ, કામચોરી, સ્વાર્થ અને લાલચ. લાલચનો અંત નથી. સ્વાભિમાનની ઊણપથી લાલચ જન્મે છે. લાલચ મિથ્યાભિમાન, દંભ, પ્રદર્શનવૃત્તિ અથવા દેખાદેખીની આદતના રૂપમાં દેખાય છે. સ્વાર્થી અને લાલચુ વ્યક્તિઓના જીવનમાં સાચી સફળતા કદી આવતી નથી. વિશ્વાસનો અભાવ પણ અસફળતાનું એક કારણ છે. તે સાહસ અને આત્મવિશ્વાસના અભાવનું દ્યોતક છે. આવા લોકો બીજાઓની સ્વીકૃતિ પામવા માટે બીજાઓની સાથે ચાલે છે. તેઓ બીજાઓની નજરમાં સારા બની રહેવા માટે જાણી જોઈને ખોટાં કામો કરતા રહેવા મજબૂર બને છે. શ્રદ્ધામાંથી દઢ વિશ્વાસ નીપજે છે. આસ્થા વિનાનું દરેક કામ દિવાસ્વપ્ન જેવું છે. શ્રદ્ધા ચમત્કારની પ્રતીક્ષા કરતી નથી, પરંતુ તેને સાકાર કરે છે. આ જ કારણે હેનરી ફોર્ડે કહ્યું છે, 'જો આપ વિચારતા હો કે આપ કરી શકો છો અથવા આપ એમ વિચારતા હો કે આપ નહીં કરી શકો તો આપ બન્ને રીતે સાચા છો. પ્રકૃતિ અથવા ઈશ્વરના નિયમોને સમજવાનો અભાવ પણ અસફળતાનું કારણ બની શકે છે. પરિવર્તન અને ફેરફાર પ્રકૃતિનો નિયમ છે. દરેક પ્રગતિ એક ફેરફાર છે, પરંતુ દરેક ફેરફાર એક પ્રગતિ નથી. તેથી પરિવર્તનને કે ફેરફારને સમજી પરખીને સ્વીકારવાં જોઈએ. અસફળતાનાં કારણોમાં યોજના બનાવવાની અને તૈયારી કરવાની અનિચ્છાનો પણ સમાવેશ થાય છે. આ પરિપ્રેક્ષ્યમાં વિંસ લિંબાર્ડીનું કથન બહુ જ યથાયોગ્ય જણાય છે. તેમના મંતવ્ય મુજબ જીતવાની ઇચ્છા તો બધામાં હોય છે, પરંતુ જીતવા માટે તૈયારી કરવાની ઇચ્છા બહુ થોડા લોકોમાં હોય છે. બિલકુલ સાચું અને લગભગ સાચું એ બેની વચ્ચે અંતર છે, તેવું અંતર સફળતા અને નિષ્ફળતાની વચ્ચે છે.

કોઈપણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પૂરી તૈયારી કરવી આવશ્યક છે. આને માટે જરૂરી છે ઉદ્દેશ, સિદ્ધાંત, યોજના, અભ્યાસ, સતત પ્રયાસ, ધીરજ અને ગર્વ. આનાથી જ પૂરી તૈયારી થાય છે. તૈયારીનો અર્થ છે પોતાની ભૂલોમાંથી શીખવું. કોઈપણ ત્રુટિ કે ભૂલને સુધારવાનો સૌથી સારો ઉપાય છે ભૂલનો ત્વરિત સ્વીકાર. ભૂલને વળગી ન રહેતાં તેમાંથી શીખવું, તેને બેવડાવવી નહિ, વધારવી નહિ કે બીજા પર દોષારોપણ કરવું નહિ. બહાનાં, તકને ઓળખવાની અણઆવડત, ડર, શિસ્તની ઊણપ, કમજોર-સ્વાભિમાન, જ્ઞાનનો અભાવ, પ્રારબ્ધવાદી દષ્ટિકોણ, ઉદ્દેશની ઊણપ, સાહસનો અભાવ પણ અસફળતાનાં કારણો છે. આ કારણોને દૂર કરીને જ સફળતાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકાય.

અસફળતાના ગર્ભમાંથી જ સફળતારૂપી શિશુનો જન્મ થાય છે. આથી જ ટામ વૈટરસન કહે છે, ''જ્યારે પણ અસફળતાનો આંક બમણો કે તેથીય વધારે થતો જાય ત્યારે સમજવું કે સફળતા મળવાની જ છે.'' બસ, સફળતા સામે ઝૂઝવા માટે સાહસ કરવાની જ જરૂર છે. અસફળતાની કથાઓ ભારે નિષ્ફળતાઓની કથાઓ પણ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકને અસફળતાના તપ્ત રણમાં સફળતારૂપી ભવ્ય મહેલ ઊભો કરી દીધો હતો. લિંકન હજાર વાર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિષ્ફળ ગયા, પરંતુ તેમણે હાર ન માની.

ઈ.સ. ૧૯૧૩માં જી.ડી. ફોરેસ્ટએ ટ્રાયોડ ટ્યૂબની શોધ કરી. આ શોધ પૂર્વે તેમને વારંવાર અસફળતા મળી અને ધોખાબાજી જેવા સખ્ત આરોપ પણ મુકાયા. ૧૦ ડિસેમ્બર ૧૯૦૩ના ન્યૂયોર્ક ટાઈમ્સના સંપાદકીય લેખમાં 'રાઈટ બ્રધર્સ'ની સમજણ પર સવાલોનાં તીર વરસ્યાં, પરંતુ તેઓ આ ઉપાલંભ તથા નિષ્ફળતાથી નિરાશ થયા નહોતા અને વિમાનની શોધ કરી. ૬૫ વર્ષની ઉંમરમાં કર્નલ સૈંડર્સની પાસે એક જૂની મોટર અને સોશ્યલ સિક્યૂરિટીમાંથી પ્રાપ્ત માત્ર ૧૦૦ ડોલર જ હતા. તેનાથી તેમને કશુંક કરવાની ઇચ્છા થઈ. હજારો લોકોનાં દ્વાર ખટખટાવ્યાં ત્યારે માંડ તેમને પહેલો ગ્રાહક મળ્યો. નિષ્ફળતાની આ હારમાળા છતાં તેઓ કદી નિરાશ કે હતાશ ન બન્યા. આને જ પરિણામે આજે કેંટુકી, 'ફ્રાયડ ચિકન'ના નામે પ્રખ્યાત છે.

યુવાન કાર્ટૂનિસ્ટ વાલ્ડ ડિસ્નીનાં કાર્ટૂનોને અત્યંત નિમ્ન કોટિનાં ગણવામાં આવતાં હતાં. તેઓ હિંમત હાર્યા નહિ અને તેમણે મિની હાઉસની પરિકલ્પના કરી. મહાન વૈજ્ઞાનિક થોમસ એડીસનના જીવનમાં હજાર વાર અંતહીન અસફળતાઓ આવી હતી, પરંતુ તેની સામે તે ઝૂકી ન ગયો, સંસારને રોશની આપનાર વીજળીનો બલ્બ તેની જ શોધનું પરિણામ છે.

સફળ નીવડેલ વ્યક્તિઓ નાનાં-નાનાં કાર્યોને જ કુશળતા અને ધીરજપૂર્વક કરે છે. તેઓ કોઈ મહાન કાર્યની પ્રતીક્ષામાં બેસી રહેતા નથી. હેનરી ફોર્ડે જે પહેલી મોટર બનાવી હતી તેમાં 'રિવર્સ ગિયર' નાખવાનું ભૂલી ગયા હતા. પછી ૪૦ વર્ષની ઉંમરમાં તેઓ દેવાળિયા બની ગયા હતા. તેમણે સફળતા મેળવવા માટે અથાક પરિશ્રમ અને ધૈર્ય ટકાવી રાખ્યાં અને સફળતા મેળવી. યુવાન બીથોવનને કહેવામાં આવ્યું કે તેનામાં સંગીતકારની પ્રતિભા નથી. આ જ બીથોવને સંગીતની સર્વોત્કૃષ્ટ રચનાઓ કરીને વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું. જીવનમાં અસફળતાઓ તો સાચી સહિયર છે. તેમને આવકારવી જોઈએ. અસફળતાઓ વિનમ્રતા, સંયમ અને ધૈર્યનું શિક્ષણ આપે છે. કષ્ટ કઠણાઈમાં મળતાં સાહસ અને વિશ્વાસ અસફળતા સામે ઝૂઝવામાં અને પાર ઉતરવામાં સહાય પૂરી પાડે છે. વ્યક્તિએ હંમેશાં કઠોર પરિસ્થિતિઓથી ઉપર ઊઠીને જીવતાં અને જીતતાં શીખવું જોઈએ.

સફળ થવા માટે કેટલાય ગુણોની જરૂર પડે છે. દૃઢ ઇચ્છાશક્તિથી સફળતા પ્રાપ્ત કરવાની પ્રેરણા મળે છે. નૈપોલિયન હિલનું કહેવું છે કે માણસ જે વિચારી શકે છે અને જેમાં વિશ્વાસ મૂકે છે તે પ્રાપ્ત પણ કરી શકે છે. પ્રતિબદ્ધતા સફળતાનો આવશ્યક ગુણ છે. નિષ્ઠાઓ અને બુદ્ધિમત્તા પ્રતિબદ્ધતા બનાવવા માટેના બે દૃઢ આધારો છે. અહીં નિષ્ઠાનો અર્થ છે-નુકસાન કે ક્ષતિ હોવા છતાં પોતાનું કાર્ય પૂરું કરવું. બુદ્ધિમત્તાનું તાત્પર્ય છે આવાં ખોટાં કાર્યો જ ન કરવાં.

## નાના લોકોનાં મોટાં કામ

ભગવાન બુદ્ધનું અભિયાન થોડાક જ બૌદ્ધ ભિક્ષુઓએ ચલાવ્યું અને એક દિવસ એ સમગ્ર ભારત તથા એશિયામાં છવાઈ ગયું. કંસ નિર્દય હતો. બાળકોમાં કૃષ્ણએ દૂધ-દહીં માટે સત્યાગ્રહ જગાડ્યો અને સક્રિય બન્યા તો ચેતન શક્તિએ તેનો સંહાર કરી બતાવ્યો. જુલ્મી રાવણ પ્રત્યે દેવોનો ક્રોધ સંયુક્ત ઉત્સાહરૂપે વધ્યો તથા વાનર જૂથોએ ચેતન શક્તિની મદદથી તેનો સંહાર કરી નાખ્યો. થોડા લોકોના પ્રયત્નોથી મળેલી સફળતાને ઈશ્વરીય જ ગણવી જોઈએ.

માનવીય પુરુષાર્થ જ્યારે યોગ્ય દિશા મેળવીને પોતાના કામે લાગી જાય છે ત્યારે આપમેળે જ એવી પરિસ્થિતિઓ સર્જાય છે જેને 'યુગ પરિવર્તન' નામથી ઓળખવામાં આવે છે. ગાંધીજીનું ઉદાહરણ આપણી સામે જ છે. દાંડીકૂચ, મીઠાના કાયદાનો ભંગ, ખાદી આંદોલન, વિદેશી વસ્તુઓનો બહિષ્કાર આવા નાના સરળ કાર્યક્રમોમાં તેમણે ઉત્સાહી આગેવાનોને ગોઠવી દીધા. નાના લગતાં આ કાર્યોના પરિણામે જ આખરે સ્વતંત્રતા મળી. મહામાનવોની આ જ કાર્યપદ્ધતિ છે, જે સૂક્ષ્મ સત્તા દ્વારા સંચાલિત તથા પ્રેરિત થતી રહે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સફળતા માટેની જવાબદારી પણ હોવી જોઈએ. સારા ચારિત્ર્યવાળી વ્યક્તિ જવાબદારીઓ સ્વીકારે છે. તેઓ પોતાનો નિર્ણય પોતે જ લે છે અને પોતાના જીવનની દિશા પણ પોતે જ નક્કી કરે છે. સફળતા એટલી સરળ અને સહજ નથી કે એમ જ અનાયાસ સંજોગવશાત મળી જાય. તેના માટે તો સખ્ત મહેનતની જરૂર છે. મહેનત સ્વયં આરંભ છે અને અંત પણ છે. સખ્ત મહેનત સફળતાની ચાવી છે. 'પેરેડાઈઝ લૉસ્ટ' લખવા માટે મિલ્ટન દરરોજ સવારે ચાર વાગે ઊઠી જતા. તેમણે વર્ષો સુધી આવો પરિશ્રમ કર્યો. નોહા વૈબસ્ટરને 'વૈબસ્ટર ડિક્શનરી'નું સંકલન કરવામાં ૩૬ વર્ષો લાગ્યાં. ચાર્લ્સ ડાર્વિને પોતાની પ્રખ્યાત કૃતિ 'ઓરિજીન ઓફ સ્પિશીઝ' વીસ વર્ષોના કઠોર પરિશ્રમ પછી પૂર્ણ કરી હતી.

'ચરિત્ર' એ સફળતાનો અનિવાર્ય ગુણ છે. વ્યક્તિનાં નૈતિક મૂલ્યો, વિશ્વાસ અને ખાનદાની મળીને ચારિત્ર્ય ઘડાય છે. જ્યોર્જ વોશિન્ગટન કહે છે, હું આશા રાખું છું કે મારામાં સદા એટલી દઢતા અને ચારિત્રિક ગુણો હોય કે હું એક પ્રામાણિક વ્યક્તિ રૂપે ઓળખાઉં. સંસારના કોઈપણ મહત્ત્વપૂર્ણ પદ કે પ્રતિષ્ઠા કરતાં મારા માટે આ ચડિયાતી બાબત છે. ચિંતનની ઉત્કૃષ્ટતા સફળતાનું એક અંગ છે. સાચી વિચારશક્તિનો ભરપૂર ઉપયોગ કરવામાં તે સહાયક બને છે. સાચો વિશ્વાસ આ વિચાર કરતાં કેટલાય ગુણો ધરાવે છે. સાચો વિશ્વાસ આત્મવિશ્વાસુ હોવાનો દષ્ટિકોણ છે. તે વ્યાપક તૈયારીઓથી જ ઉપલબ્ધ થાય છે.

સાચી સફળતા માટે શરત એ છે કે જેટલું પ્રાપ્ત કરીએ તેથી વધારે પ્રદાન કરીએ. આપનારનો કોઈ પ્રતિસ્પર્ધી હોતો નથી. તે પોતે જ પ્રતિસ્પર્ધી બની રહે છે. તેમાં ઈર્ષા-દ્વેષ તિરસ્કારનો ભાવ પાંગરતો નથી અને તેનાં આગળ વધતાં કદમોનો કોઈ પ્રતિકાર પણ કરતું નથી. આ ગુણ કોઈપણ પદવીથી ક્યાંય વધારે મહત્ત્વપૂર્ણ છે. આ સિવાય સાહસનું બળ, પ્રભુ સમર્પિત કર્મ, સતત જિજ્ઞાસાભરી પ્રવૃત્તિ સફળતાનાં સૂત્રો છે. આ સૂત્રો દ્વારા વ્યક્તિ સફળતાના દરવાજા ખખડાવી શકે છે અને સફળતાના ભવ્ય ભવનમાં પ્રવેશ કરી શકે છે.

સફળતાના કેટલાક મુખ્ય ઉપાયો છે-જિંદગી જીવવા માટે છે નહિ કે હારવા માટે. હંમેશા બીજાઓની ભૂલોમાંથી શીખવું, ચારિત્ર્યશીલ વ્યક્તિઓ સાથે સંબંધ બાંધવો, મેળવવા કરતા આપવાનું વિચારવું અને કશું આપ્યા વિના ક્યારેય કાંઈ મેળવવાનો પ્રયત્ન ન કરવો. દૂરગામી વિચારણા, વિવેક અને સાહસ સાથે ડગલાં ભરવાં અને ડગલું ભર્યા પછી કદી પાછા ન હટવું, આ સફળતાનાં સૂત્રો છે. સફળતા પ્રાપ્ત કરવા ઇચ્છુક વ્યક્તિએ પોતાની પ્રામાણિકતા સાથે ક્યારેય પણ બાંધછોડ કરવી ન જોઈએ.

✤ ✤ ✤

### માની સાચી શિખામણ

એક સાધુ બારણે બેઠેલા ત્રણ ભાઈઓને ઉપદેશ આપી રહ્યો હતો-વત્સ! સંસારમાં સંતોષ જ સુખ છે. જે કાચબાની જેમ બધી બાજુથી હાથ-પગ અંદર ખેંચી લઈ આત્મલીન થઈ જાય છે, તેવા નિરૂદ્યોગી પુરુષ માટે સંસારમાં કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી.

ઘરની અંદર કચરો વાળી રહેલી માના કાને સાધુની આ વાત પડી તો તે ચોંકી ઊઠી. તે તરત જ બહાર આવી અને ત્રણેય છોકરાઓને ઊભાકરીને સૌથી નાનાને કહેવા લાગી-"લે આ ઘડો પાણી ભરીને લઈ આવ." વચલાને કહ્યું-'આ સાવરણી લે અને ઘર બહારના ભાગમાંથી કચરો કાઢી નાખ. છેલ્લા ત્રીજા પુત્રને ટોપલી આપીને કહ્યું-"તું જો બધો કચરો ટોપલીમાં ભરીને બહાર ફેંકી આવ." પછી અંતે સાધુ તરફ જોઈ એ કર્મવતીએ ઉપદેશ આપ્યો-"મહાત્માજી! નિરૂદ્યોગી મેં ઘણાય જોયા છે. પડોશમાં જ કેટલાય બીમારીથી પીડાતા, દેવાના ભારથી દબાયેલા શેતાનની દુકાન ખોલીને પડ્યા છે, હવે મારા પુત્રોને એ ઝેર દારૂ પીવડાવવાના બદલે આપ જ નિરૂદ્યોગી રહો અને તેમને કંઈક કરવા દો.' જ્ઞાનને કર્મનો સહયોગ ના મળે તો જ્ઞાન ગમે તેટલું ઉપયોગી હોવા છતાં નિરર્થક છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**મનોવિજ્ઞાન**

# આપણો ચહેરો આપણા મનોભાવનું દર્પણ

મનુષ્યને પોતાના અંતરની પ્રસન્નતા અને અપ્રસન્નતા જ બાહ્ય જગતમાં દૃષ્ટિગોચર થાય છે. સંસારની દરેક વસ્તુ કે વ્યક્તિની સુંદરતા-અસુંદરતા સાથે પણ આ જ તથ્ય જોડાયેલું છે. વસ્તુઓ જડ પરમાણુઓનો સમૂહ માત્ર છે. પણ તેમનાં રૂપ, રંગ, નામ અને ગુણ અનેક છે, આમ છતાં તે પ્રાણીઓની સમકક્ષ ન ગણાય. તેમનો નિશ્ચિત આકાર-પ્રકાર હોવા છતાં એમનામાં એવું કશું નથી હોતું જેનાથી તેઓ પોતાની ભાવનાત્મક પ્રતિક્રિયા વ્યક્ત કરી શકે. મનુષ્યની આ પોતાની અંગત માન્યતા છે, જે તેની સાથે સારા-નરસાનું આરોપણ કરે છે અને પ્રિય-અપ્રિયની મહોર મારે છે. પોતાના-પરાયાની આ જ ભાવના કોઈને પ્રિય બનાવે છે, તો કોઈએ અયોગ્ય અને તિરસ્કાર પાત્ર બનાવે છે.

કોઈકે સાચું જ કહ્યું છે કે ભ્રાંતિઓ મનુષ્ય દ્વારા સ્વનિર્મિત અને સ્વનિર્ધારિત છે, જેમાં તે એકને ભલો અને બીજાને ભૂંડો દર્શાવે છે. માણસ જેને ચાહે છે તેનાથી પ્રભાવિત થઈને પોતાપણું-આત્મીયતા વધારે છે, ઘનિષ્ઠતા કેળવે છે અને તેમાં રાગ-દ્વેષનું આરોપણ કરે છે, ધૃષા કે પ્રેમ કરે છે. જ્યારે હકીકતમાં આવું નથી. બધાં પ્રાણીઓ અને વસ્તુઓ નિયતિ-નટીના કોઈ મહાન ઉદ્દેશની પરિપૂર્તિ માટે રચવામાં આવ્યાં છે. તેની પોતપોતાની વિશિષ્ટતા અને મહત્તા છે. મનુષ્યને આ જ સત્ય લાગુ પડે છે. દૃષ્ટિકોણનું પરિવર્તન મનોસ્થિતિને પણ બદલી નાખે છે. માન્યતાઓ બદલાતાં જ ધૃણાની જગ્યાએ પ્રેમની રસાનુભૂતિ થતાં વાર લાગતી નથી.

સર્વત્ર જોવા મળતી વ્યથા-વેદનાઓનું કારણ મનુષ્યની પોતાની સ્વનિર્મિત માન્યતાઓ જ છે. કઈ વસ્તુઓ અને વ્યક્તિઓ તરફ કોઈનો રાગ-દ્વેષ, કેટલો તીવ્ર છે તે તેના ચહેરા પર અથવા આંખોમાં જોવાથી સ્પષ્ટ થાય છે. કારણ કે મનની પ્રસન્નતા-અપ્રસન્નતા, પ્રિયતા-અપ્રિયતા વ્યક્ત કરવા માટે આ બન્નેય દર્પણની ભૂમિકા ભજવે છે. તે પોતાના હાવભાવની પાછળ ગૂઢ રહસ્યોને ગોપવીને બેસે છે. મનોવૈજ્ઞાનિકો આ સત્યને સુપેરે જાણે છે અને કહે છે કે મન અને શરીર સહજીવી જેવાં છે. બન્નેને એકબીજા સાથે ઘનિષ્ઠ સંબંધ છે અને બન્ને મળીને ચહેરા ઉપર પ્રસન્નતા કે દુઃખની ઝલક ઉપસાવે છે. આ જ કારણથી મનોચિકિત્સિક માત્ર ચહેરો જોઈને જાણી લે છે કે વ્યક્તિને કઈ વ્યથા છે.

વિકૃત દૃષ્ટિકોણ ધીમે ધીમે મનને પોતાની પકડમાં પૂરેપૂરું જકડી લે છે અને તેને તનાવગ્રસ્ત બનાવી દે છે. આની અસર મનુષ્યના સૌંદર્ય પર પણ પડે છે અને સ્થૂળ રીતે સ્વસ્થ દેખાવા છતાં વ્યક્તિ કુરૂપ લાગવા માંડે છે. હકીકતમાં આ મનની જ કુટિલતા છે, જે અંદરની ઝેરી પ્રવૃત્તિઓને ઢાંકી દેવાનો પ્રયત્ન કરે છે. પરિણામે વ્યક્તિ બાહ્ય જગતમાં કૃત્રિમ ચહેરો બનાવી ફરે છે, પરંતુ ઊંડાણથી દૃષ્ટિપાત કરતાં એ સ્પષ્ટ થાય છે કે તણાવપૂર્ણ માંસપેશીઓ વિશેષ પ્રકારની સ્થિતિમાં ગંઠાઈને કઠોર બની ગઈ છે. હોઠ અને તણાયેલી ભ્રમરો અંતે તો સાબિત કરે

---

એક યહૂદી અભણ હતો સાથે ગામડિયો પણ. પ્રાયશ્ચિત્તના પર્વ પર બધાને પ્રાર્થના કરતા જોઈને તે પણ ત્યાં બેસી ગયો અને બારાખડીના અક્ષરોનો પાઠ કરતાં ભાવના કરવા લાગ્યો, 'હે પ્રભુ ! મને તો કોઈ મંત્ર યાદ નથી, આ અક્ષરોને સાંકળીને તમે જ મંત્ર રચી લેજો. હું તો તમારો સેવક છું, પૂજા માટે નવીન ભાવો હું ક્યાંથી લાવું ?' જ્યાં સુધી બીજા લોકો પ્રાર્થના કરતા રહ્યા, તે તો એમ જ ભગવાનનું ધ્યાન કરતો રહ્યો.

સાયંકાળે જ્યારે બધા સામૂહિક પ્રાર્થનામાં ભેગા થયા ત્યારે ધર્મગુરુ રબીએ તે ગામડિયાને ભક્તોની આગળની હરોળમાં બેસાડ્યો. આ જોઈને સાથીએ વિરોધ નોંધાવ્યો, 'શ્રીમાનજી, આને તો મંત્ર પણ બરાબર યાદ નથી.'' રબીએ ગળગળા સ્વરે કહ્યું, 'તો શું થઈ ગયું ? આની પાસે ભલે શબ્દો નથી, ભાવ તો છે !'

---



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે કે વ્યક્તિ કોઈ વિશિષ્ટ મનોસ્થિતિમાં ગૂંચવાયેલ છે.

ઈર્ષા, વેર, ધૃણાની સ્થિતિમાં મનના ઊંડાણમાં કંપન ઝડપી બનવાથી નવા નવા કુવિચારો ઝડપથી જાગે છે, જ્યારે શાંત અને સ્થિર મન તટસ્થ ચિંતન કરે છે. આવી સ્થિતિમાં ભાવનાઓ, વિચારો સાત્ત્વિક રીતે નિસ્સૃત થાય છે અને તેનું આરોપણ જે કોઈના પર થાય છે તેમાં પોતાપણાના તરંગોનો પ્રવાહ ફૂટી નીકળે છે. આવી સ્થિતિમાં પોતાને પ્રસન્નતા થાય છે, સ્નાયુમંડળને વિરામ મળે છે અને વિરોધી આકાંક્ષાઓ ભાવનાઓ મટી જાય છે. મન અને તેની શક્તિઓ વેરવિખેર થતી અટકે છે. આ જ શક્તિઓ મૂળ સ્રોત પર પહોંચીને ઘનીભૂત બને છે અને તન-મનને સ્વસ્થ બનાવે છે.

ચિંતા અને ધૃણાથી મુક્ત થયેલું મન ઘનીભૂત શક્તિઓ સહિત અનંત ચેતન સત્તાથી, વિરાટ બ્રહ્મની સાથે જોડાઈને વ્યાપક પ્રેમની અનુભૂતિ કરાવવામાં સક્ષમ બની જાય છે. આનાથી મનોભાવનાઓ શુદ્ધ અને પવિત્ર તો બને જ છે, સમગ્ર વ્યક્તિત્વ પણ પ્રભાવિત-પરિવર્તિત થયા વિના રહેતું નથી. આ જ ક્રિયા અંતરને, દેવત્વની કક્ષાનું બનાવે છે.

### ❖ અર્જુનને કૃષ્ણનો ઠપકો ❖

*યુદ્ધની અણીએ અર્જુનના હાથમાંથી ગાંડીવ છૂટતું તથા મુખ સુકાતું જોઈ કૃષ્ણ ખીજાઈ ગયા હતા. કથની અને કરણીમાં ભિન્નતા, મોહ તથા દ્વિધા એમનાથી સહન ન થયાં. ભવાં ચઢાવીને તેઓ ગર્જ્યા–*

*"કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્"–હે અભાગી ! આ વિષવેળાએ આંખો ખૂલી અને ઊભરાતા ઉત્સાહે ગાંડીવધારી અર્જુનને મહાભારતમાં વિજયનું શ્રેય અપાવ્યું. કાર્ય તો ઈશ્વરીય ચેતનાએ જ કર્યું પણ જાગૃત અને ભરતીએ ચડેલા સત્સાહસે જ પૂર્વભૂમિકા પૂરી પાડી.*

વાસ્તવમાં આ સંસારમાં કોઈપણ વસ્તુ કે વ્યક્તિ અસુંદર નથી. સર્જનહારની આ ધરતી પર કશુંય કુરૂપ નથી. આપણે જેનો તિરસ્કાર કરવા લાગીએ છીએ તે જ આપણે માટે અસુંદર બની જાય છે. જો આપણો પોતાનો દૃષ્ટિકોણ બદલીને આત્મીયતા-પોતાપણાનો પ્રકાશ પાથરીએ અને સંસારના સૌંદર્યને વખાણીએ, તેની ઉપયોગિતા પર ધ્યાન દઈએ તો એવો માનસિક કાયાકલ્પ થઈ શકે, જેનાથી વિશ્વમાં ક્યાંય પણ કુરૂપતાનું દર્શન ન થાય.

❀ ❀ ❀

### શિવાજીને વૃદ્ધાની શિખામણ

એ દિવસોમાં શિવાજી મોગલોની સામે ગેરીલા યુદ્ધ લડી રહ્યા હતા. રાત્રે થાક્યા-પાક્યા તો એક વનવાસી ઝૂંપડીમાં જઈ પહોંચ્યા અને કંઈક ખાવાપીવાનું માગ્યું. વૃદ્ધાના ઘરમાં કોદરા હતા. તેણે પ્રેમપૂર્વક ભાત રાંધ્યો અને શિવાજીને પતરાળમાં પીરસ્યો. શિવાજી ખૂબ ભૂખ્યા હતા. તેથી ઝડપથી ભાત ખાવાની ઉતાવળમાં આંગળીઓ દાઝી ગઈ. મોંથી ફૂંક મારીને બળતરા શાંત કરવી પડી. વૃદ્ધાએ આંખો પહોળી કરીને જોયું અને બોલી-"સિપાહી, તારો ચહેરો શિવાજી જેવો લાગે છે અને સાથે-સાથે એમ પણ લાગે છે કે તું એના જેવો જ મૂર્ખ પણ છે."

શિવાજી સ્તબ્ધ થઈ ગયા. તેમણે વૃદ્ધાને પૂછ્યું, "માતાજી, શિવાજીની મૂર્ખતા બતાવો અને સાથે સાથે મારી પણ."

વૃદ્ધાએ કહ્યું-'તેં છેડે છેડેથી થોડો થોડો ઠંડો ભાત ખાવાને બદલે વચ્ચેના ભાગમાં હાથ નાખ્યો અને આંગળીઓએ દાઝ્યો, શિવાજી પણ આવી મૂર્ખતા કરે છે. તે દૂર છેડા પર વસેલા નાના કિલ્લાને સહેલાઈથી જીતીને શક્તિ વધારતા જવાના બદલે મોટા કિલ્લાઓ પર હુમલા કરે છે અને માર ખાય છે." શિવાજીને પોતાની યુદ્ધનીતિની નિષ્ફળતાનું કારણ સમજાયું. તેમણે વૃદ્ધાની શિખામણ માની અને પહેલાં નાના કિલ્લાઓને પોતાનું લક્ષ્ય બનાવ્યા. નાની સફળતાઓ મળવાથી તેમની શક્તિ વધી અને અંતે મોટો વિજય મેળવવામાં સફળ થયા.

શુભારંભ હંમેશાં નાનાં નાનાં પગલાંથી થાય છે, પરંતુ યથાર્થતાનાં પ્રકાશ કિરણો એટલા માત્રથી જ એક વ્યક્તિની જીવનધારા બદલી નાખે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યુગગીતા-૨૧

જન્મ રહસ્ય

# ✧ મારો જન્મ અને મારું કર્મ દિવ્ય છે. ✧

(ગીતાના ચતુર્થ અધ્યાયના જ્ઞાનકર્મસંન્યાસયોગની વ્યાખ્યાની ત્રીજી કડી)

**એક બહુ જ મહત્ત્વપૂર્ણ પ્રકરણ 'અવતારવાદ' પર પ્રારંભિક ચર્ચા આગલા અંકમાં કરી હતી. ભગવાન કહે છે, જે પોતાની વાસનાઓને કારણે જન્મ લે તે નર અને જે પોતાની અંતર્નિહિત માયા દ્વારા તેના પર આરૂઢ થઈને પોતાની જાતને પ્રગટ કરે, તે અવતાર નારાયણ. હકીકતમાં લોકશિક્ષણ માટે જ મહાકરુણાનો ભાવ ધારણ કરીને અવતાર પ્રગટે છે. આ સંદર્ભમાં અમે લખ્યું હતું કે ગુરુદેવ સ્વયં કહેતા હતા, "મને ધકેલવામાં આવ્યો છે-સૃષ્ટિની સંચાલક સત્તાઓ દ્વારા ધરતી પર વિશેષ કાર્ય કરવા માટે." ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થતાં ભગવાન પોતે પ્રગટ થાય છે. દરેક યુગમાં તેમના પ્રગટ થવા પાછળ એક જ લક્ષ્ય હોય છે-સાધુ પુરુષોની રક્ષા તથા પાપકર્મ કરનારાનો વિનાશ. સાથોસાથ ધર્મની સારી રીતે સ્થાપના. આ બાબત સાતમા અને આઠમા આ બે શ્લોકોની વ્યાખ્યા દ્વારા સમજાવી હતી. આજે જે પ્રકારની પરિસ્થિતિ છે તેમાં અવતારના પ્રગટીકરણની કેટલી અનિવાર્ય આવશ્યકતા છે તે આ વ્યાખ્યાથી સમજી શકાય છે. શ્રી અરવિંદે અવતારના પ્રગટીકરણની વ્યાખ્યા પોતાની રીતે કરી છે જે અનન્ય છે. તેઓ લખે છે કે ભગવત્સત્તાના દિવ્ય પ્રગટીકરણનાં બે પાસાંઓ છે-એક છે અવતરણ-માનવ આકૃતિ અને પ્રકૃતિમાં ભગવાનનું પ્રગટ થવું અને બીજું છે આરોહણ-ભગવાનના ભાવમાં મનુષ્યનો જન્મ ગ્રહણ, ભાગવત્ ચેતનામાં ઉત્થાન. યોગીરાજ આ બીજાં પાસાંને વધારે મહત્ત્વપૂર્ણ બતાવતાં તેને જીવનો નવો જન્મ કહે છે. અવતારને તેમણે માનવજાતિનો ભાગવત્ નેતા કહ્યો છે તો પૂજ્ય ગુરુદેવે સંત, સુધારક અને શહીદના રૂપમાં અંશાવતારના પ્રગટીકરણની વાત કહી છે. હવે આગળની વ્યાખ્યા આ અંકમા.**

પરમપૂજ્ય ગુરુદેવ ઑગષ્ટ ૧૯૭૯ના અખંડ જ્યોતિના પ્રજ્ઞાવતાર વિશેષાંકમાં લખે છે, 'આદર્શવાદી દુસ્સાહસ જ અવતાર છે. તે એક ભાવનાત્મક પ્રવાહના રૂપમાં ઉત્પન્ન થાય છે અને અસંખ્ય લોકોને અનુપ્રાણિત કરે છે.' આજના સંદર્ભમાં આ કેટલી સચોટ, યુગને અનુકૂળ વ્યાખ્યા છે ? તેઓ આગળ લખે છે, 'પ્રજ્ઞાવતાર બુદ્ધાવતારનો ઉત્તરાર્ધ છે. બુદ્ધિપ્રધાન યુગની સમસ્યાઓ પણ ચિંતનપ્રધાન હોય છે. માન્યતાઓ, વિચારણાઓ, ઇચ્છાઓ જ પ્રેરણાકેન્દ્ર હોય છે અને તેના જ પ્રવાહમાં સમગ્ર સમાજ વહે છે. આવા સમયમાં અવતારનું સ્વરૂપ પણ તેને અનુરૂપ જ હોઈ શકે છે. લોકમાનસને અનિચ્છનીયતા, અનૈતિકતા અને મૂઢ માન્યતાઓથી વિરત કરનાર વિચારક્રાન્તિ જ પોતાના સમયની સમસ્યાઓનું સમાધાન કરી શકે છે.' આ વ્યાખ્યા પરથી સમજી શકાય છે કે અવતારનું સ્વરૂપ પરિસ્થિતિઓને અનુરૂપ ભિન્ન ભિન્ન હોય છે અને તેમને સમજવા માટે દૂરદર્શી વિવેકશીલતા-પ્રજ્ઞાની જાગૃતિ અનિવાર્ય છે. ગાયત્રી સાધનાને તેટલા માટે તો આ સમયની વિશેષ સાધના ગણવામાં આવી છે.

આપણે 'સંભવામિ યુગે યુગે- 'ભગવાનના એ કથનની વ્યાખ્યા ગત અંકથી કરતા આવ્યા છીએ. હું દરેક યુગમાં આવું છું. દરેક સમયમાં આવું છું, પ્રગટ થાઉં છું અને મારો ઉદ્દેશ બહુ જ સ્પષ્ટ હોય છે-ધર્મની સ્થાપના કરવી, તેને યોગ્ય વાતાવરણ તૈયાર કરવું. આ વચનથી એક બાબત સ્પષ્ટ થાય છે કે અવતારો હંમેશાં થતા રહે છે. અવતારનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રગટીકરણ એક સતત ચાલતી પ્રક્રિયા છે. અવતાર અથવા 'ઇનકાર્નેશન' ઈઝ નોટ ધી એન્ડ.' અવતાર કદી અંતિમ પ્રક્રિયાના રૂપમાં નથી થતા. રામકૃષ્ણ મિશનના સ્વામી અખિલાબનંદજીએ જેમ્સ હેવિટે લખેલા પુસ્તક 'ક્રાઈસ્ટ ધી સેવિયર ઓફ હ્યુમન કાઈન્ડ'ની સમીક્ષા કરતાં લખ્યું છે કે આનું શીર્ષક બદલવું જોઈએ. 'ક્રાઈસ્ટ ધી સેવિયર' નહીં 'ક્રાઈસ્ટ એ સેવિયર' શીર્ષક હોવું જોઈએ. તેઓ લખે છે કે 'ધી સેવિયર'નો અર્થ થાય છે એકમાત્ર ઈશુ ખ્રિસ્ત જ ઉદ્ધારક છે, અવતાર છે, જ્યારે 'સંભવામિ યુગે યુગે'નો આશય એ છે કે જ્યારે જ્યારે જરૂરત ઊભી થશે ત્યારે તેઓ પ્રગટ થશે. ક્યારેક બુદ્ધ, ક્યારેક રામ, ક્યારેક કૃષ્ણ, ક્યારેક પયગંબર અને ક્યારેક ઈસુના રૂપમાં. તેઓ લખે છે, 'અવતારને અંતિમ માની લેવા એ ખોટો વિચાર છે. ભગવાન જ્યારે પણ પ્રગટે છે ત્યારે દરેક યુગમાં સતત ચાલતી પરિવર્તનની પ્રક્રિયાને સાકાર કરવા માટે આવે છે. પશ્ચિમમાં સભ્યતાનો વિકાસ, વિચારસરણીનો વિકાસ એટલી હદે નથી થયો જેટલું આપણા ઉપનિષદકાલીન ઋષિઓએ વિચાર્યું હતું, ચિંતન કર્યું હતું. એટલે તેમણે કહી દીધું 'ક્રાઈસ્ટ ઈઝ ધી લિમિટ.' આ જ અંતિમ છે. એટલા માટે તેમની કલમ 'એન્ટીક્રાઈસ્ટ'ની વાત કહે છે, જ્યારે આપણે નવયુગના આગમનની વાત કરીએ છીએ.''

પરમપૂજ્ય ગુરુદેવ લખે છે, ''કાળના પરિવર્તનનું પ્રયોજન પૂરું કરનારી શક્તિનું નામ છે મહાકાળ. યુગ પરિવર્તન, યુગ પ્રવર્તન આ જ સત્તા દ્વારા થાય છે. પરિવર્તન એટલે ફેરફાર અને પ્રવર્તન એટલે તેને આગળ ધપાવવું. આ હંમેશા રુદ્ર દ્વારા રૌદ્ર ભાવથી સંપન્ન થાય છે. શ્રીમદ્ ભાગવતમાં એક વાક્ય છે. 'અવતારા: હ્રૌ અનંતશ્ચ' અર્થાત્ અવતાર એક નહિ, અનેકાનેક હોય છે. આ ઋષિકથિત વાક્ય છે કે અવતાર કોઈની અંદર, કોઈની પણ ચેતનામાં અવતરિત થાય તે દ્વારા મહત્ત્વપૂર્ણ કાર્ય કરાવી શકાય છે. પછી ભલે તે ગુરુ ગોવિંદસિંહ હોય, બંદા વૈરાગી, ભગતસિંહ અથવા સુભાષચન્દ્ર બોઝ, મહાત્મા ગાંધી, શ્રી અરવિંદ કે સ્વામી વિવેકાનંદ હોય.

ઠાકુર રામકૃષ્ણ કહે છે, 'પહેલા દસ અવતાર થવાની વાત મળે છે, પછીથી ચોવીસ અને ત્યારબાદ અસંખ્ય અવતારોની. જેવી જેવી જમાનાની સમસ્યાઓ હોય છે તેમ તેમ ભગવાન અવતાર લે છે. ''પશ્ચિમમાં હેગલ, હ્યૂમ, બધાએ વિચાર્યું, જાત જાતની વાતો પણ કહી છે, પણ એમની વાતોમાં, દાર્શનિકોની વ્યાખ્યાઓમાં અને દેવદૂતોની વાતોમાં અંતર છે. દાર્શનિક હાઈપોથિસીસ ધારણા બાંધે છે, કલ્પનાના ઉડ્ડયનમાં રાચે છે અને ઋષિ વક્તવ્ય આપે છે, ભાવિના ગર્ભમાં ઝાંખી કરીને આવે છે અને સૌને જણાવે છે. ગીતા હાઈપોથિસીસ નથી, પણ એક વક્તવ્ય છે, સ્ટેટમેન્ટ છે, અનુભવ છે, અને અધિકારથી કહેવાયેલું કથન છે.

ભગવાન સાતમા-આઠમા શ્લોકમાં કરવામાં આવેલી ઘોષણાનું સમર્થન પછીના શ્લોકમાં કરે છે.

***જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।***
***ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥***

''આ રીતે હે અર્જુન, મારો જન્મ અને મારાં કર્મ દિવ્ય અર્થાત્ નિર્મળ અને અલૌકિક છે, આ તથ્યને જે મનુષ્ય તત્ત્વથી જાણી લે છે તે શરીરનો ત્યાગ કર્યા પછી પુનર્જન્મ ધારણ કરતો નથી પણ વાસ્તવમાં મને જ પ્રાપ્ત કરે છે.'' (મારા સુધી જ પહોંચે છે.)

આ શ્લોક ખૂબ માર્મિક છે. તેમાં વિશિષ્ટ ગૂઢ અર્થ સમાયેલો છે. તેની વ્યાખ્યા અવતારવાદની અત્યાર સુધી કરાયેલી ચર્ચાઓ પછીથી શરૂ થાય છે અને પુનર્જન્મના સિદ્ધાંત અને તત્ત્વથી પરમસત્તાને જાણી લેવાનો, ત્યાં સુધી પહોંચવાનો માર્ગ કયો છે તેના પ્રતિપાદન સુધી મળે છે.

ભગવાનનું દેહ ધારણ કરવાનું કાર્ય અલૌકિક કાર્ય છે અને તેમના કર્મો પણ દિવ્ય છે. ભગવાન તેમને એક રહસ્યપૂર્ણ ઘટના ગણાવે છે. એક પરિભાષા મુજબ ભગવાન 'અજ' અર્થાત્ જન્મરહિત છે. તેમનો જન્મ થઈ ન શકે. આમ છતાં તેઓ પોતાની માયાશક્તિનો આધાર લઈને દેહધારી બને છે, અવતરિત થાય છે. તેઓ પ્રાણીમાત્રના દુઃખથી દ્રવિત થઈને દુઃખોના સાગરથી તેને ઉગારવા માટે અવતાર લે છે. જ્યારે પણ આવો વિદેહી આત્મા દેહધારી બને ત્યારે કહેવાય છે કે ભગવાન જન્મ ધારણ કરે છે. બધા જ જીવોનો જન્મ કર્મફળ અનુસાર થાય છે. આપણે બધા આપણા પોતપોતાના પ્રારબ્ધને વશવર્તી જન્મ્યા છીએ, પરંતુ ભગવાન પોતાની ઇચ્છાથી તથા લોકકલ્યાણ માટે જન્મ ધારણ કરે છે. શુભ કે અશુભ કોઈ પ્રકારનું પ્રારબ્ધ તેમનામાં નથી. આ રીતે ભગવાનનો જન્મ પ્રારબ્ધવશ ન હોઈ શકે, તે તો દિવ્ય જ હોઈ શકે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અહીં ભગવાન શ્રીકૃષ્ણ, યદુવંશી ભગવાન શ્રીકૃષ્ણ સારથિ શ્રીકૃષ્ણની આ વાત પર ધ્યાનપૂર્વક વિચારીએ, કે તેમણે કહ્યું છે કે મારો જન્મ અને મારું કર્મ આ 'હું' અહંજનિત નથી. આ વાક્ય ઋષિનું વાક્ય છે એક સ્ટેટમેન્ટ છે અને એક અનુભવના નાતે પ્રમાણ રૂપમાં કહેવાયું છે. આ ઈશ્વરનો, પરબ્રહ્મનો 'હું' છું. દક્ષિણ ભારતમાં સ્વામી વિવેકાનંદ પરિભ્રમણ કરી રહ્યા હતા. પંડિતોએ કોઈ શાસ્ત્રાર્થની ચર્ચા દરમિયાન કહ્યું કે આદિ શંકરાચાર્ય આવું કહ્યા કરતા. તો સ્વામી વિવેકાનંદ તરત બોલી ઊઠ્યા કે તેમણે શું કહ્યું હતું તે બાબતને બાજુએ મૂકો. ''હું વિવેકાનંદ આ કરી રહ્યો છું, મારી આ વાત ધ્યાનથી સાંભળો.'' જ્યારે આ વાર્તાલાપ પર શ્રી અરવિંદ પાસે તેમના શિષ્યોએ ટિપ્પણ જાણવા ઇચ્છ્યું તો તેમણે વિવેકાનંદની પ્રશંસા કરી. તેમણે કહ્યું, 'આમાં વિવેકાનંદનો અહંકાર પ્રદર્શિત થતો નથી. તેઓ અહંકારથી પર જઈને પરબ્રહ્મની સત્તામાં સ્થિત થઈને બોલી રહ્યા હતા. તેથી તેઓ જે કાંઈ બોલી રહ્યા હતા તે સત્ય જ બોલી રહ્યા હતા. આ તબક્કે જો તેઓ આદ્ય શંકરાચાર્યને જૂઠા સાબિત કરે તો કોઈ નવાઈ ન લાગવી જોઈએ.

ભગવાનનું 'હું' મંસૂરનું અનલહક છે, સરમતનું અનલહક છે. હું જ આત્મા છું. સરમતે હાથીના પગ વડે પોતાનું મસ્તક કચડાવી દીધું, પરંતુ સુલતાનને અલ્લાહ માનવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. ભગવાનનું 'હું' એટલે સૂફીનું 'હું' મંસૂર અને સરમત આપણા દૃષ્ટાંત બનવા જોઈએ. આપણે દેહધારી છીએ, આપણો જન્મ સાધારણ છે. આપણે શરીરથી પર જઈને આત્મામાં, શુદ્ધ અહંભાવમાં સ્થિત થઈ શકતા નથી. જો આપણે તેમ કરી શકીએ તો આપણે અવતારની ભાષામાં બોલીએ છીએ. દિવ્ય જન્મવાળો દિવ્યકર્મ માટે આવેલો અવતાર સૃષ્ટિની તમામ સંવેદના પોતાની અંદર સાકાર કરીને આવે છે. તેની અંદર જ કરુણાનો મહાસાગર છલકાય છે અને તેને વશ વર્તીને તેઓ દિવ્ય જન્મ ધારણ કરે છે. તેથી જો અવતારીસત્તા મારો જન્મ-મારું કર્મ-એ રીતે પોતાની વાત કરે તો તે ખોટું કરતો નથી.

પરમપૂજ્ય ગુરુદેવ કહેતા, 'તમે લોકો તમારા સુખદુઃખથી પરેશાન છો અને કહો છો કે કોઈપણ પ્રકારે આત્મજ્ઞાન મળી જાય. જે દિવસે તમને આત્મજ્ઞાન મળી જશે તે દિવસે દુનિયાનાં દુઃખદર્દ જોઈને તમારી છાતી ફાટી જશે. દુનિયાનું દર્દ સહેતાં શીખો, જીવતાં શીખો તેમાં ભાગીદારી કરતાં શીખો. દર્દ સહેવા માટે સ્વામી વિવેકાનંદ જેવી, પરમપૂજ્ય ગુરુદેવ જેવી વિશાળ છાતી જોઈએ. સૃષ્ટિના કેન્દ્રમાં સ્થિત થઈને પરબ્રહ્મના સાકાર રૂપ એવા ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે અર્જુનને કંઈક કહે છે તો તેને યોગ્ય રીતે સમજવું જોઈએ-આગળ જતાં તેઓ (શ્રી કૃષ્ણ) વિરાટ રૂપનાં દર્શન કરાવે છે ત્યારે તે (અર્જુન) જાણી શકે છે કે કૃષ્ણ કોણ છે, દિવ્ય જન્મ લઈને દિવ્ય કર્મ કરવા આવેલ મહા અવતાર છે. મારાપણાથી પર જવું અને અવતારની ચેતનામાં સ્થિત થવું એ બહુ મોટા પુરુષાર્થનું કાર્ય છે.

'દિવ્ય' શબ્દનો અર્થ રામાનુજાચાર્યજીએ અને આચાર્ય શંકરે કર્યો છે-અપ્રાકૃત, ઐશ્વર્યથી પરિપૂર્ણ. 'તત્ત્વતઃ'નો અર્થ કર્યો છે 'સ્વરૂપતઃ' વાસ્તવિક રૂપમાં. ભગવાન અહીં કહે છે કે મારો જન્મ દિવ્ય છે, કર્મ પણ દિવ્ય અને અલૌકિક છે. આપણે આપણી સાધારણ બુદ્ધિથી, તેના માપદંડોથી તેમના જન્મ અને કર્મોના કારણનો નિર્ણય કરી શકતા નથી. તેઓ અમાનવ હોવા છતાં પણ માનવ રૂપમાં શા માટે જન્મ લે છે અને ત્રણે લોકોમાં તેમનું કોઈ કર્તવ્ય-કર્મ ન હોવા છતાં પણ તેઓ શા માટે કર્મ કરે છે-આ વાત ઉચ્ચ સ્તરીય મનોસ્થિતિમાં જઈને જ સ્વાનુભૂતિ દ્વારા જાણી શકાય છે. પ્રારબ્ધને વશ ન હોવા છતાં પણ તેઓ શા માટે જન્મ ધારણ કરે છે, કર્મ કરે છે. આ રહસ્ય જાણી શકનાર ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થતાં ચિરમુક્ત થઈ જાય છે. આ જ વાસ્તવિક જ્ઞાન કે વિજ્ઞાન છે, ગીતાનું તે મૂળ તત્ત્વદર્શન છે. આ જ્ઞાનને જાણી લેનાર હંમેશને માટે મુક્ત થઈ જાય છે. પછી તેનો પુનર્જન્મ થતો નથી.

જે રહસ્ય દરેક માણસે જાણવાનું છે તે છે અજ, અવ્યય પરમાત્મા અને તેમના દિવ્ય જન્મ-કર્મનું રહસ્ય. આ જ્ઞાનથી જે કર્મનો પ્રવાહ વહે છે તેમાં સ્નાન કરનાર તમામ બંધનોથી મુક્ત થઈ જાય છે. કેમ કે તેનાં કર્મો પણ તે સર્વલોક મહેશ્વરનાં કર્મો બની જાય છે. આપણે પાછલા શ્લોકોમાં જોઈ ચૂક્યા છીએ કે ભગવાન પોતાના જન્મનો હેતુ બતાવી રહ્યા છે. ભાગવત ધર્મની રક્ષા અને યુગની વ્યવસ્થાનું પુનઃનિર્માણ. તે દિવ્ય કર્મનું બાહ્ય પાસું છે અને તે જ માનવજાતિના ભગવન્મુખ પ્રયાસોને સમસ્ત વિઘ્નો-


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવરોધોથી બચાવીને આગળ ધપાવે છે. આ દિવ્ય કર્મનું આંતરિક પાસું એ કે તે આપણી ચેતનાને દિવ્ય બનાવવા આવે છે, જેથી તે ઊર્ધ્વમુખી બની શકે અને એવી લાખો-કરોડો વ્યક્તિઓની ચેતનામાં નવજીવન લાવી શકાય. સામાન્યપણે સમજવામાં આવે છે તેમ કોઈ બહારનાં કર્મ અથવા બહારની ઘટના અવતાર પ્રગટ થવાનું મૂળ કારણ હોતાં નથી, જે સંકટની અવસ્થામાં ભગવાન આવે છે તે બાહ્ય નજરે સાહજિક ઘટનાઓ અને જડ જગતનાં પરિવર્તનોથી ભરેલો એક નાજુક સમય પ્રતીત થાય છે. પરંતુ જો તેના વાસ્તવિક સ્વરૂપને જોઈએ તો જણાય છે કે આ સંકટ માનવ-ચેતનામાં ત્યારે જ પ્રગટે છે જ્યારે તેનું રૂપાંતર, કોઈ મહાન પરિવર્તન થવાનું હોય. આ પરિવર્તન માટે જ દિવ્ય શક્તિની, અવતારી ચેતનાની આવશ્યકતા રહે છે.

પાછલી બે શતાબ્દીઓને જોઈએ તો ખૂબ જ ઝડપથી રાજનૈતિક, ઔદ્યોગિક, આર્થિક સ્તર પર જનસાધારણની ચેતનામાં પરિવર્તન આવ્યું. એક રીતે આ ક્રાંતિઓએ, વીસમી સદીની અંતિમ વૈજ્ઞાનિક-કૉમ્પ્યુટર ક્રાન્તિ દ્વારા તેને ચરમસ્થિતિ સુધી પહોંચાડી દીધું છે. આ ફેરફાર બૌદ્ધિક-લૌકિક છે, આધ્યાત્મિક નથી. જ્યારે આ કાર્ય આધ્યાત્મિક સ્તરે થાય છે તો ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે અને તેને જ અવતાર કહેવામાં આવે છે. દિવ્ય કર્મ કરનાર અને આજના સંકટના મૂળમાં આધ્યાત્મિક બી જોતાં આખા યુગનું પરિવર્તન કરનાર ભાગવત નેતા જ આજના પ્રજ્ઞાવતાર છે અને એ જ વ્યાખ્યામાં આ નવમો શ્લોક આપણને બધી વાત સમજાવે છે.

ભગવાન આ શ્લોકમાં કહે છે કે જે મનુષ્ય સંસારમાં આ પરમતત્ત્વની અભિવ્યક્તિ અને તેની કાર્યપ્રણાલીને સારી રીતે સમજી લે છે, તે એક વિશિષ્ટ દૃષ્ટિથી સંપન્ન બની જાય છે. તેને બહુ સારી રીતે પ્રતીતિ થઈ જાય છે કે આપણા સઘળાં કર્મો તેની જ દિવ્ય ક્રીડાનું એક અંગ છે તથા આપણી તમામ ઉપલબ્ધિઓ તે જ પરમ સત્તારૂપી ગુહ્ય શક્તિની લીલાનો એક ભાગ છે. આપણામાંથી કોઈએ પણ વૈયક્તિક રૂપમાં અહંકારભર્યું અભિમાન ન કરવું જોઈએ કે આ મેં કર્યું છે. આ કર્તાભાવની અભિવ્યક્તિ દૂર થાય, એનાથી નિવૃત્ત થઈ જવાય તો આપણે મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરી લીધો એમ માનવું જોઈએ.

આવા સાધકો, જે સર્વત્ર એ જ ઈશ્વરની ક્રીડા-કલ્લોલનાં દર્શન કરે છે. શરીરનો ત્યાગ કર્યા પછી (ત્યક્ત્વા દેહં) ફરીથી જન્મ લેતા નથી (પુનર્જન્મ નૈતિ.) એનો અર્થ એ થયો કે તેઓ 'અહંભાવ'થી ઉગરી ગયા છે, જે તેમને જન્મ જન્માંતરો સુધી યોનિઓમાં ભટકી ભટકીને પીડિત કરત. તેમાંથી તેઓ બચી ગયા છે. સ્વાર્થભરી મૂર્ખતામાં ઘસડાઈ જવામાંથી તેઓ બચી જાય છે અને જીવનમુક્તિનો લાભ મેળવે છે. એટલું જ નહિ, ભગવાન કહે છે કે, 'જે મારા દિવ્યજીવન અને કર્મના મર્મને જાણે છે તે નિશ્ચિતપણે મને જ (મામેતિ અર્જુન) પ્રાપ્ત કરે છે. શુદ્ધ 'અહમ્' તથા બ્રહ્મભાવમાં જીવવું તે સાધકની ઉચ્ચ ગતિની અવસ્થાનું પ્રતીક છે. આ જ દરેક સાધકનું લક્ષ્ય પણ હોય છે પણ છે ઘણું મુશ્કેલ. અહંકારનો પરિષ્કાર કરીને કર્તાભાવથી મુક્ત થઈને આકર્ષણોથી વિરક્ત થવાથી આગળની પ્રગતિયાત્રાનો પંથ પ્રશસ્ત થાય છે. ત્યાર બાદ 'અહંભાવ' ફરી ઉત્પન્ન થતો નથી. કેમકે ભગવાનના આશ્વાસન અનુસાર તે ભગવાનને પ્રાપ્ત થાય છે. તેમનામાં જ એકાકાર-થઈ જાય છે અને પુનર્જન્મના ચક્કરમાં ફસાતો નથી.

એક જ શ્લોકમાં જાણે ગાગરમાં સાગરની જેમ બધું તત્ત્વદર્શન છુપાયેલું છે. આ લેખના આરંભથી જ એક જ શ્લોકની વ્યાખ્યા પર આપણે ટકેલા છીએ. જેનો પૂર્વાપર સંદર્ભ છે ભગવાનના અવતારનું રહસ્ય અને ત્યાર પછીનો સંદર્ભ છે વિતરાગ બનીને ભયને નષ્ટ કરી ભગવાનને પ્રાપ્ત કરવાની પ્રક્રિયાને સમજીને તે શૈલીને જીવનનું એક અંગ બનાવી લેવું તે. આ ઉત્તર પક્ષની વ્યાખ્યા દસમા શ્લોકમાં કરવામાં આવી છે અને આપણને ફરીથી સીધા કર્મ-અકર્મ-વિકર્મની વ્યાખ્યા (લગભગ ૨૩મો શ્લોક) સુધી લઈ જાય છે. કેટલું ગુહ્ય, અલૌકિક અને દિવ્ય છે ગીતાનું જ્ઞાન ! તે તેના વિસ્તૃત વિવેચનથી સંભવિત બને છે અને આને માટે કોરા જ્ઞાનની કે તર્કની નહિ, પણ ભગવાનના ભાવમાં જીવવાની જરૂર છે. શ્રદ્ધાથી પરિપૂરિત બની અહંભાવનું બલિદાન દેવાની જરૂર છે. શ્રદ્ધાવાનને જ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે-તે આ અધ્યાયનો અંતિમ સારાંશ પણ છે.

''જન્મ કર્મ ચમે દિવ્યમ્''ની વ્યાખ્યાના પ્રકરણમાં શ્રી અરવિંદ લખે છે, ''આ જગત યુદ્ધની રંગભૂમિ છે તેના બે પાસાંઓ પર ગીતા ભાર મૂકે છે. એક આંતરિક સંઘર્ષ અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બીજું બાહ્ય યુદ્ધ. આંતરિક સંઘર્ષ, પોતાના અંતર્જગતમાં રહેલ કામના, અજ્ઞાન, મોહ, લોભ અને અહંકાર જેવા ઘટકો સાથે છે. તેમને મારવા એ જ આંતરિક વિજય છે. પણ એક બીજું યુદ્ધ બહિર્જગતમાં પણ ચાલી રહ્યું છે. માનવસમૂહમાં ધર્મ અને અધર્મની શક્તિઓની વચ્ચે સતત સંગ્રામ ચાલતો રહે છે. ભગવાનનું અવતરણ અંહકારનો આશ્રય લઈને લડનાર આસુરી અધર્મપ્રધાન તાકાતોનો સંહાર કરવા માટે જ થાય છે. એટલા જ માટે તેમનો દિવ્ય જન્મ થાય છે અને બધાં જ કર્મો દિવ્યતાથી ભરેલાં હોય છે.

> *આદર્શોને માટે ખોટનો સ્વીકાર કરતાં મરી ફીટવાની સાહસિકતાનું અનુદાન અવતાર સિવાય કોઈની પાસે હોતું નથી.*
>
> **–પં. શ્રીરામ શર્મા આચાર્ય**

મહાભારતનું યુદ્ધ એક પ્રકારે દેવાસુર સંગ્રામનું એક રૂપક છે. જેના મહાનાયક શ્રી કૃષ્ણ છે. ધર્મરાજ્યની સ્થાપના માટે લડતા પાંડવો દેવપુત્ર છે. માનવરૂપમાં દેવતાઓની શક્તિઓને તેમણે ધારણ કરેલી છે. કૌરવો આસુરી શક્તિના અવતાર છે. ભગવાન પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપમાં અસુરોને નષ્ટ કરવા, તેમને ચલાવનાર આસુરી શક્તિનું દમન કરવા અને ધર્મના આદર્શોની સ્થાપના માટે પુનઃ અવતાર લે છે. તેમનો સૌથી મોટો ઉદ્દેશ હોય છે સ્વર્ગના રાજ્યને પૃથ્વીની નજીક લઈ આવવું, માનવમાં દેવત્વ ઉજાગર કરવું. તેમના આવવાનો સારો લાભ તેમને જ મળે છે, જે ભગવાનની આ ક્રિયાના માધ્યમથી દિવ્ય જન્મ અને દિવ્યકર્મના વાસ્તવિક મર્મને જાણી લે છે અને પોતાની ચેતનામાં હંમેશા ભગવાનમય થઈને જીવે છે. 'મન્મયા મામુપાશ્રિતાઃ'ના માધ્યમથી ભગવાને એવા તત્ત્વજ્ઞાનીઓને જે તપઃપૂત છે, અપરા પ્રકૃતિથી બહાર નીકળી મુક્ત થઈ જાય છે તેમને આશ્વાસન આપ્યું છે કે, તમે મારા સ્વરૂપ અને સ્વભાવને પામશો. मद्भावमागताः. આ આખું પ્રકરણ નવમા શ્લોક સાથે જોડાયેલું છે પણ આવ્યું દસમા શ્લોકમાં, જેની વ્યાખ્યા આપણે આગળના અંકમાં કરીશું. સમાપન કરતાં પહેલાં પરમપૂજ્ય ગુરુદેવના ચિંતન દ્વારા પાઠક પરિજનોને અવતારની પ્રત્યક્ષ પ્રેરણાથી અનુપ્રાણિત કરવા ઇચ્છીશું.

પરમપૂજ્ય ગુરુદેવ ઓગષ્ટ ૧૯૭૯ના 'અખંડ જ્યોતિ'માં લખે છે, ''અવતારની પ્રથમ પ્રેરણા, પ્રથમ પ્રક્રિયા દેવમાનવોના ઉત્પાદનની હોય છે. તેઓ આત્મ પરિવર્તનનો આદર્શ ઉપસ્થિત કરીને અનેકોને અનુગમનની પ્રેરણા આપે છે. અગ્રગમન જ સાહસિકતા છે. આ પરાક્રમ દેવમાનવોના ભાગ્યમાં જ લખાયેલું હોય છે. અનુગમન તો અસંખ્ય લોકો કરવા લાગે છે. અવતારના દ્વિતીય ચરણમાં અનેક વ્યક્તિઓ આદર્શવાદી સાહસનો પરિચય આપતી જોવા મળે છે. સ્વાર્થીઓને પરમાર્થ અપનાવતાં, અને પતિતોને આદર્શ અપનાવતા જોઈને એ જ સિદ્ધ થાય છે કે 'હવાની દિશા બદલાઈ અને મોસમ પલટાઈ.' પૂજ્યવર ગુરુજી અનુસાર આ બે પ્રેરણાઓ લઈને જ દિવ્ય જન્મ લે છે. અવતાર અને દિવ્ય કર્મ કરવાની પ્રેરણા આપતા જીવન-મુક્તિ, બંધન-મુક્તિનો પથ પ્રશસ્ત કરી જાય છે. હવે આ અંકમાં આટલું જ. બાકીના દિવ્ય કર્મની ઉત્તર વ્યાખ્યા અને વિતરાગ બનવાનો ફલિતાર્થ-માહાત્મ્ય આગલા અંકમાં-

ક્રમશઃ

✵ ✵ ✵

> **પોતાના બેલરકમઠના ઓરડામાં સ્વામીજી બેચેનીથી ટહેલી રહ્યા હતા. સંતોએ પૂછ્યું, 'સ્વામીજી, શું વાત છે ? આપ ઘણા પરેશાન છો.' તેઓ બોલ્યા, 'આજ ક્ષણે જાપાનની નજીક સમુદ્રમાં એક જહાજ ડૂબ્યું છે. મને એનો આભાસ થયો છે અને હું તેમની વ્યથા સાંભળી રહ્યો છું.' ભક્તોએ કહ્યું, 'સ્વામીજી, આપતો કલકત્તામાં ગંગાકિનારે ઊભા છો આપને કેવી રીતે ખબર પડી ?' સ્વામીજી કોઈ જવાબ ન આપતાં મૌનધ્યાનમાં ગરકાવ થઈ ગયા. બીજે દિવસે સમાચાર આવ્યા કે જાપાન નજીક આવી ઘટના બની, જેમાં પાંચસો માણસો ડૂબી ગયા. જે સમયે વિવેકાનંદ બોલી રહ્યા હતા ત્યારે પાંચસો વ્યક્તિઓની કરુણા, અવતારી ચેતનારૂપી વિવેકાનંદના હૃદયમાંથી બોલી રહી હતી. અવતારમાં સૃષ્ટિની તમામ સંવેદના ઘનીભૂત થઈ જાય છે અને તે તેવા જ બ્રહ્મભાવમાં જીવે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

स्वास्थ्य-आरोग्य

# ** शरीरनां જ ડમૂળ સ્વસ્થ હોય તો ** ** ** ** રોગ આવે શું કામ ? ** ** ** **

શરીર, મન-મગજનું આજ્ઞાકારી સેવક છે. બન્ને પરસ્પર અવિચ્છિન્નરૂપે ગૂંથાયેલાં છે. શરીર રોગી હોય છે તો મગજ બેચેની અને અજંપો અનુભવે છે, ઊંઘ આવતી નથી અને મસ્તક ભારે ભારે લાગે છે. આ જ વાત મન પર સંકટ આવતાં શરીરની દુર્દશા થવા સંબંધી છે. ક્રોધાવેશમાં આંખો લાલ બને છે, હોઠ કાંપવા લાગે છે, શરીર આવેશપૂર્ણ બને છે. ભયની સ્થિતિમાં ગળું સુકાઈ જાય છે પગ ધ્રૂજવા લાગે છે, રૂંવાડાં ઊભાં થઈ જાય છે અને શ્વાસ ઊંડો ચાલવા માંડે છે.

કહેવાય છે કે સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે. આરોગ્યનું મહત્ત્વ સમજાવવા માટે આ કથન કહેવામાં આવ્યું છે, પરંતુ વાસ્તવિકતા આનાથી જુદી જ છે. વિશેષજ્ઞો જણાવે છે કે મન સ્વસ્થ રહેવાથી જ શરીર સ્વસ્થ રહે છે.

શરીરની સામાન્ય કામગીરી ભોજનથી ચાલતી દેખાય છે, પરંતુ તેની સાથે આ શરત જોડાયેલી છે કે જો ખોરાક પચી શકે તો અન્યથા અપચો થવાની હાલતમાં ખાધેલું ભોજન વિષમય બની જાય છે. તે શરીરમાં સડે છે, વાયુપ્રકોપ કરે છે અને લોહીમાં ભળીને સમગ્ર શરીરમાં ફરી વળે છે અને જ્યાં સહેજ પણ તક મળે ત્યાં અટકીને રોગ જન્માવે છે. અપચાનું એક કારણ વધારે પ્રમાણમાં અખાદ્ય પદાર્થો ખાવા તે છે. પરંતુ બીજું કારણ છે-મુખ, આમાશય, યકૃત, આંતરડાં આદિમાંથી યોગ્ય પ્રકારના યોગ્ય માત્રામાં પાચક રસોનો સ્રાવ ન થવો. આ સ્થિતિમાં સાત્ત્વિક અને અલ્પમાત્રામાં ખાધેલું ભોજન પણ પચતું નથી. અપચાનું ગમે તે કારણ હોય, પણ તે અશક્તિ અને રુગ્ણતાનું નિમિત્ત બને છે. માનસિક સ્થિતિ અસ્વસ્થ હોય તે સ્થિતિમાં આ સ્રાવ ઓછી માત્રામાં અને નિમ્ન કક્ષાનો નીકળે છે. આને કારણે આહાર પોષક બની રહેવાને બદલે શોષક બની રહે છે.

શરીરના પોષણમાં શુદ્ધ લોહીનું જે મહત્ત્વ છે તેથી પણ વધારે નાડી-તંતુઓમાં નિરંતર દોડતા રહેતા વિદ્યુત પ્રવાહનું છે, જેનું ઉદ્‌ગમ સ્થાન મસ્તિષ્ક છે. આ નાડીતંતુઓ જીવકોષોને ગતિ પણ આપે છે અને પોષણ પણ આપે છે. આમાં તૂટ આવતાં આંતરિક અવયવોની ગતિશીલતા મંદ પડી જાય છે. અંદરનું ખોખલાપણું બહાર પણ દેખાય છે. શરીરની કાર્યશક્તિ ઘટી જાય છે અને સ્વાસ્થ્યનું સંતુલન ડામાડોળ થઈ જાય છે. આ સ્થિતિમાં પણ કામ તો કરવું જ પડે છે. નિત્યકાર્યો કરવામાં ભોજન આદિ કાર્યોમાં શ્રમ પડે છે. વધારે-ઓછા પ્રમાણમાં હરવું-ફરવું પણ પડે છે. હાથ પણ ચાલે જ છે. શ્રમ વિના શરીરનું પાચનકાર્ય અને મળ-વિસર્જન પ્રક્રિયા ચાલે શી રીતે ? આ તો સામાન્ય દિનચર્યાની વાત થઈ. આટલાથી કાંઈ કામ ચાલતું નથી. આજીવિકા મેળવવા માટે પણ કામ કરવું પડે છે અને તેમાં શારીરિક અને માનસિક શ્રમ પડે છે. આ ખર્ચ જો ઉત્પાદન સાથે સંતુલન ન જાળવે તો શરીર ગળતું અને ઘસાતું જશે. પરિણામે રોગ માણસને જકડી લેશે અને અકાળ મૃત્યુ આવી પહોંચશે.

પેટમાં ભોજન પચવાથી રક્ત પેદા થાય છે. કીડની, આંતરડાં અને ફેફસાં દ્વારા તેની પરિશુદ્ધિ થાય છે. હૃદય દ્વારા નાડીઓના માધ્યમથી તેને શરીરના અંગો-પ્રત્યંગો સુધી પહોંચાડવામાં આવે છે. હૃદય દેખીતી રીતે તો સ્વયંસંચાલિત જણાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે શરીરના અન્ય અવયવોની જેમ હૃદયને પણ જે ક્ષમતાની જરૂરત હોય છે તે મસ્તિષ્કરૂપી વીજળી ઘરમાં ઉત્પન્ન થાય છે અને મેરુદંડની સાથે જોડાયેલ અનેક નાડી તંતુઓ અને ગુચ્છો દ્વારા પહોંચે છે.

આ વિદ્યુતપ્રવાહ કેટલો અદ્‌ભુત અને આશ્ચર્યજનક છે તેની જાણકારી અંતઃસ્રાવી ગ્રંથિઓ અને તેમના દ્વારા ઉત્પન્ન થતા હોર્મોનનું નિરીક્ષણ-પરીક્ષણ કરવાથી મળી શકે છે. પ્રજનન માધ્યમ દ્વારા વંશવૃદ્ધિ અને તત્કાળ સરસ સંવેદનાઓમાં જે 'જિન્સ'નો હસ્તક્ષેપ થાય છે તેની રચના અને કાર્યપદ્ધતિ એથીય અદ્‌ભુત છે. તેને તેના ઉદ્દેશને અનુરૂપ જે સામર્થ્ય મળે છે તે પણ મેરુદંડના માધ્યમથી મસ્તિષ્ક દ્વારા પ્રેરાય છે. જેવી રીતે યંત્રોના ભાગોને ઘસારાથી બચાવવા માટે તેમનામાં ઊંજણ તેલ ઊંજતા રહેવું પડે છે તે જ રીતે રક્ત, માંસ, મજ્જા વગેરે દ્વારા એક સામાન્ય પ્રયોજનની જ પૂર્તિ થાય છે. કારખાનાઓમાં સ્થિત યંત્રોને ચલાવવા માટે જે શક્તિની જરૂર

**થોડા દિવસો એકાંતમાં રહીને એવી સાધના કરવી જોઈએ કે સંસારમાં જે કાંઈ છે તે બધું જ ઈશ્વરનું છે. હું વસ્તુઓ અથવા પ્રાણીઓનો ઉપયોગ તેમની ઈચ્છાનુસાર જ કરીશ.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પડે છે તે તો જનરેટર અથવા એન્જિનથી પ્રાપ્ત થાય છે. આ જનરેટર છે માણસનું મગજ. વિચારવા ઉપરાંત તે વિદ્યુત ઉત્પાદનનું પણ કેન્દ્ર છે. આ ઊર્જા તેને બ્રહ્માંડવ્યાપી ઊર્જામાંથી પ્રાપ્ત થતી રહે છે. તેથી જ તો મગજને બ્રહ્માંડ વ્યાપ્ત શક્તિ ખેંચનાર પૃથ્વીના ધ્રુવકેન્દ્ર સમાન માનવામાં આવે છે.

જૂના જમાનામાં રોગોનું કારણ વાત, પિત્ત, કફથી લવણો કે રસાયણો ઓછાં પડવાથી તથા વિષાણુઓના આક્રમણ પર નિર્ભર માનવામાં આવતું હતું અને તે મુજબ ઉપચાર સાધનો રૂપે ઔષધિઓનું નિર્માણ અને ઉપભોગ કરવામાં આવતો હતો. નવીન વૈજ્ઞાનિક શોધોએ એમ સ્વીકાર્યું છે કે રોગોનાં મૂળ મનોવિકારોમાં છે. માનસિક અસંતુલન જ ચિત્ર-વિચિત્ર આકાર-પ્રકારવાળી બીમારીનું મુખ્ય કારણ છે. અન્ય કારણો તો સહાયકમાત્ર છે. માનસિક તણાવ કે વિક્ષોભ જ રોગોના મૂળ ઉત્પાદક છે. તેથી આધુનિક ચિકિત્સક આહાર-વિહારની સામાન્ય ખામીઓ ઉપરાંત રોગીની મનોદશાનું વિવેચન-વિશ્લેષણ કરે છે અને તદ્દવિષયક વિકૃતિઓને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રોગી બન્યા પહેલાં માણસ પાગલ જ બને તે જરૂરી નથી. પાગલપણાની નાની નાની એટલી શાખા-પ્રશાખાઓ છે જેમાંથી પૂરેપૂરા તો આપણા જેવા કોઈ વિરલા જ બચી શકે છે. ચિંતા, ભય, નિરાશા, ક્રોધ, ઘૃણા, આવેશ, ઉદ્વિગ્નતા જેવા તરંગો પણ વિક્ષિપ્તતાની નાની બહેનો અથવા સખીઓ છે. અનૈતિક ચિંતન અથવા આચરણ મનના ક્ષેત્રને ડહોળી નાખે છે. આત્મિક પ્રેરણા તેનાથી દૂર રહેવાની પ્રેરણા આપે છે, પરંતુ ઉદ્ધત ચિંતન અનાચાર જ નહિ, દુરાચાર અને અત્યાચાર કરવા સુધી દોરી જાય છે, પરિણામે અંતરમાં આંતર્દ્વંદ્વો ઊભાં થાય છે અને દ્વિમુખી વ્યક્તિત્વ ઊપસે છે. આ અસંતુલનને કારણે અવિવેકી વ્યક્તિની મનોસ્થિતિ પાગલ અને ઉદ્ધત, અભિમાનીના જેવી બની જાય છે. આ આવેશથી સમગ્ર શરીર તાણ અનુભવે છે. આ તણાવ જે અંગ કે અવયવ કમજોર હોય તેના પર પોતાનો અધિકાર જમાવી દે છે. ઉત્તેજિત તણાવની જેમ હીનતા, દીનતા, ભીરૂતા, શંકા વગેરેનો પણ એવો જ પ્રભાવ પડે છે, જેને 'અવસાદ' કહી શકાય. માનસિક સ્થિતિમાં કોઈ પર આવેશ છવાયેલો રહે છે, કોઈ પર 'અવસાદ.' આ ભરતી-ઓટને લીધે અસ્થિરતા ઉત્પન્ન થાય છે અને રોગ પ્રગટ થવાની ભૂમિકા રચાય છે.

શરીરની રચના જ એવી છે. જે આહાર-વિહાર ઠીક કરી લેતાં છૂટક છૂટક રોજિંદી ગરબડોને પોતે જ બરાબર કરી દે છે, પરંતુ મૂળિયાં જ જ્યારે કહોવાવા લાગે તો વૃક્ષ, છોડ, દયનીય સ્થિતિનાં દેખાય તે સ્વાભાવિક રહે છે. મન જડ છે અને શરીર તેનું બાહ્ય કલેવર-આચ્છાદન છે. જો કોઈએ સ્વસ્થ, નીરોગી, બળવાન, દીર્ઘાયુ રહેવું હોય તો એક ઉપાય અનિવાર્યપણે અપનાવવો જોઈએ કે મગજ શાંત અને સંતુલિત રહે. આ વિચારશીલ વિવેકી અને નીતિવાન હોવાની સ્થિતિમાં જ સંભવિત છે.

+ + +

જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય જીવનના સમગ્ર વિકાસ માટે અનિવાર્ય છે. અસંખ્ય વ્યક્તિઓ આ ભ્રમમાં પડીને એકાંગી માર્ગ ગ્રહણ કરે છે અને પોતાની જાતને જંજાળમાં ફસાવે છે. મહારાજા અજને ત્યાં યજ્ઞ યોજાયો હતો. એક દિવસ મહર્ષિ વશિષ્ઠ મુખ્ય પુરોહિતનું કાર્ય સંભાળવા જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં તેમને મંકી નામનો માણસ મળ્યો. તેણે પોતાનું દુઃખ પ્રગટ કરતાં કહ્યું, "દેવ, મેં શ્રમ કરવામાં કોઈ કસર નથી રાખી, હંમેશા સદાચાર આચર્યો છે તથા જ્ઞાનોપાર્જનના હેતુથી બધા જ ગ્રંથોનો અભ્યાસ પણ કર્યો, તેમ છતાં અંતરમાં હું અપૂર્ણતા જ અનુભવું છું. નથી કોઈ મારી પ્રશંસા કરતું, નથી કોઈ મને પ્રેમ આપતું." મુનિવરે કહ્યું, "તેં કર્મની અને જ્ઞાનની બે ધારાઓની ઉપાસના કરી, પણ ભાવપક્ષને તો ભૂલી જ ગયો. તું પોતે સ્નેહ-પ્રેમ વહેંચતો જા બદલામાં દસ ગણો પ્રેમ તું પામીશ. બધા જ જીવોમાં પોતાનો જ આત્મા સમાયેલો છે એમ માનીને પોતાની જાતને ભક્તિપ્રવાહમાં તરબોળ કરી દે. પોતાની ધારાને પરમાત્માની અક્ષય આનંદરૂપી ગંગામાં ભેળવી દે, તો તું સન્માન અને શ્રેય તો પામીશ જ, તદુપરાંત તને ત્રાસદાયી અભાવથી પણ મુક્તિ મળશે." મહર્ષિનાં શીતળ વચનો સાંભળીને મંકીને નવી દિશા મળી. તે સંચિત કરેલું જ્ઞાન, ધન અને સ્નેહ વહેંચવા લાગ્યો અને તેની અપૂર્ણતા સમાપ્ત થઈ ગઈ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી)

# ત્યાગ-બલિદાનની સંસ્કૃતિ દેવસંસ્કૃતિ-૫

(ગતાંકથી આગળ)

**ત્યાગ-બલિદાન જ ભારતીય સંસ્કૃતિની અસલ મૂડી રહી છે, તેના બળે જ સતયુગી સમાજની પરિકલ્પના કરવામાં આવી છે. પરમપૂજ્ય ગુરુદેવની છેલ્લા પાંચ અંકોથી પ્રકાશિત થતી અમૃતવાણીની આ અંતિમ કડી પ્રસ્તુત છે.**

## આગામી દિવસો વધુ ખરાબ હશે

ગુરુજી ! અમારા ઘરનો નરક તો દૂર થઈ જશે ને ? કેવી રીતે દૂર થશે ? ગુરુજી ! અમે તો ચારેય છોકરાઓને ચાર-ચારસો રૂપિયા આપીને દહેરાદૂનની પબ્લિક સ્કૂલમાં મોકલી દીધાં છે. તેનાથી શું થઈ જશે ? ગુરુજી ! તેનાથી અમારા બાળકો એટીકેટ શીખીને આવશે. એટીકેટ શું હોય છે ? જ્યારે કોઈ વ્યક્તિ આવે અને ઘરમાં પાણી પીવા માટે માંગે તો તેને કહેવું જોઈએ, ''થેંક યૂ વેરી મચ.'' આને એટીકેટ કહેવાય છે. તો શું આને જ એટીકેટ કહેવાય છે ? હા, આને જ કહેવાય છે. અમે મહિને ચારસો રૂપિયા આપીને અમારા બાળકોને બોર્ડિંગ સ્કૂલમાં દાખલ કર્યા છે. તે ઈસ્ત્રી કરેલા પેન્ટ પહેરશે. અમારો છોકરો સારો બનશે. ના, તારો છોકરો સારો ન બની શકે, કેમ કે તેની અંદર, તેના જીવાત્મામાં ભાઈઓ માટે, બહેનો માટે, માતા-પિતા માટે જે પ્રેમ અને સેવાની વૃત્તિ હોવી જોઈએ, તે ક્યાંથી આવશે ? બેટા, અમને એવું લાગે છે કે આગામી દિવસોમાં યુદ્ધનો દોર પણ ચાલી શકે છે, બીમારીઓની હારમાળાઓ પણ આવી શકે છે. ટેન્શન વધી રહ્યું છે. કેમ મહારાજજી ! બધાને ટેન્શન થઈ જશે ? કદાચ બધાને થઈ જાય. અમેરિકામાં તો છપાવી પણ દીધું છે કે સિગારેટ પીઓ અને ટેન્શનને આમંત્રણ આપો. સિગારેટ પીઓ અને કેન્સરને આમંત્રણ આપો. હા, જો ટેન્શન ન થયું તો બીજી કોઈ બીમારી થઈ જશે. ડાયાબીટીસ થઈ જશે. અનિદ્રાના ભોગ બની જશો. પેપ્ટિક અલ્સર થઈ જશે અને એવી ઘણી બીમારીઓ છે જે માણસને ઘેરી વળશે.

આ બીમારીઓ કેવી રીતે થશે ? મિત્રો ! માણસની જે નીચ વૃત્તિઓ છે તે ફક્ત તેના શરીરને જ નહીં, તેના ઈમાન અને અંતઃકરણને પણ સંકુચિત બનાવી તેને બાળતી રહેશે. ઘરો નરક બનતા જશે. ના સાહેબ ! અમારા દીકરાની વહુ તો એમ.એ.પાસ છે. તો બેટા, તારા ઘરમાં નરક જલદી આવશે. અમારા દીકરાની વહુ તો ઈંટર પાસ છે. તો તારા ઘરમાં થોડું મોડું નરક આવશે. અરે સાહેબ ! અમારી પત્ની તો અભણ છે. તો તારા ઘરમાં તેનાથી પણ થોડા દિવસ વધારે શાંતિ રહી શકે છે. પરંતુ જો તમારી વહુ એમ.એ. પાસ હોય તો તમારા ઘરમાં નરક જલદી આવશે, તમે જોઈ લેજો.

મિત્રો ! આવું કેમ થતું જાય છે ? શિક્ષણ, ધન તેમજ બીજી બધી રીતે માણસ સમૃદ્ધ થઈ રહ્યો છે, પરંતુ ઈમાનની દૃષ્ટિએ, અંતરંગની દૃષ્ટિએ એટલો પોકળ થતો જાય છે કે તેના ઉપર મુસીબતો આવશે. આપણાં ઉપર પ્રકૃતિ મુસીબતો નાખી દેશે. તે આપણને માફ કરવાની નથી. આપણું શરીર સ્વાસ્થ્ય સુરક્ષિત રહેવાનું નથી. આપણને કોઈની સાથે સ્નેહ-પ્રેમ રહેવાનો નથી. હવે આપણે સ્મશાનના પ્રેત-પિશાચની જેમ જીવિત રહેવાના છીએ. સ્મશાનના પ્રેત-પિશાચોમાં એક જ વિશેષતા હોય છે કે ન તેઓ કોઈના હોય છે કે ન તેમનો કોઈ હોય છે. તો મહારાજજી ! આપે ભૂતપ્રેત કેવાં હોય છે તે જોયા છે ? હા, અમે જોયા છે અને આપને બતાવી પણ શકીએ છીએ.

## ચાલતા-ફરતા પ્રેત-પિશાચ

આ ભૂત આપને ક્યાં મળશે ? મિત્રો ! આપ પાશ્ચાત્ય દેશોમાં જતા રહો. ત્યાં આપને પ્રેતો મળશે, પિશાચ મળશે. કેવા હશે ? જે અશાંત જ અશાંત છે. જેમની પાસે અઢળક પૈસા છે, ઘણી લકઝરીયસ સગવડો છે, ટેલીવિઝન છે, પીવા માટે ફળોનો જ્યૂસ છે, પરંતુ તેઓ એટલા બધા અશાંત છે, ટેન્શનમાં છે કે પ્રેત-પિશાચો કરતા ઓછા નથી. નથી તેઓ કોઈના કે નથી કોઈ તેમનો. નથી પત્ની તેમની કે નથી ભાઈ. બન્ને વેશ્યા અને ભડવાઓ છે. બન્ને જ્યારે આવે છે ત્યારે તમાશો બતાવે છે અને જ્યારે મન ભરાઈ જાય છે ત્યારે એકબીજાને લાત મારીને ભગાડી દે છે. અમે આ કોની વાત કરીએ છીએ ? બેટા, આને જ પિશાચ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહે છે. પાશ્ચાત્ય દેશોમાં આવું જ થાય છે.

મિત્રો ! આનું પરિણામ શું હશે ? આનું પરિણામ એ આવશે કે આપણું અંતરંગ ખોખલું થતું જશે. પૈસા વધશે તો આપણે શું કરી શકીશું ? શિક્ષણ વધશે, સભ્યતા વધશે તો આપણે શું કરી શકીશું ? દોલત વધશે તો આપણે શું કરી શકીશું ? મિત્રો ! એનાથી મનુષ્ય ઉપર મુશ્કેલીઓ જ આવશે. અમે તથા આપ જે જમાનામાં રહીએ છીએ તેને જોતાં અમારા પ્રાણ નીકળી જાય છે. જ્યારે અમે ભવિષ્ય તરફ જોઈએ છીએ, વિજ્ઞાન તરફ જોઈએ છીએ, ત્યારે અમને ખુશી થાય છે કે આપણા બાપદાદાઓ કાચા મકાનોમાં રહેતા હતા અને આપણે પાકા મકાનોમાં રહીએ છીએ. આપણા બાપદાદાઓમાંથી કોઈ ભણેલા ન હતાં અને આપણે બધા ભણેલા છીએ. સગવડો તરફ જોઈએ તો આપણી પાસે ટેલિફોન છે અને ઘણી ચીજવસ્તુઓ છે, પરંતુ તેમના સ્વચ્છ જીવનને, ઉજ્જ્વળ ચારિત્ર્યને જોઈએ છીએ તો એ દષ્ટિએ આપણે કેટલી હદે દિવસે-દિવસે નીચે તરફ જઈએ છીએ, તે સ્પષ્ટ દેખાય છે.

રામકૃષ્ણ પરમહંસ વિવેકાનંદ પાસે જતા અને કહેતા કે બેટા અમારું કેટલું બધું કામ અટકી જાય છે ? તું સમજતો કેમ નથી ? ના, હું બી.એ. કરીશ, એમ.એ. કરીશ, નોકરી કરીશ. ના બેટા, તું નોકરી કરીશ તો મારું કાર્ય અટકી જશે અને અમે જે કાર્ય માટે આવ્યા છીએ અને તું જે કાર્ય માટે આવ્યો છે, તેનું શું થશે ? ના, આવું ન થઈ શકે. એક દિવસ રામકૃષ્ણ પરમહંસ રોવા લાગ્યા. એમણે કહ્યું, 'બેટા, તું નોકરી કરીશ તો મારું કામ અટકી જશે. મિત્રો ! વિવેકાનંદ એમની સાથે ગયા અને રામકૃષ્ણે એમને શું ને શું બનાવી દીધા. અમને કેટલાય લોકો કહેતા હોય છે કે ગુરુજી ! અમને આશીર્વાદ આપીને આપ વિવેકાનંદ બનાવી ન શકો ? બેટા, અમે આપને વિવેકાનંદ બનાવી શકીએ છીએ. એ માટે અમે વ્યાકુળ પણ છીએ અને ઉત્સુક પણ છીએ, પરંતુ પહેલા તું કીંમત તો ચુકવ. ના મહારાજજી ! કીમત તો નહીં ચૂકવું. આપ આશીર્વાદ જ આપો. બેટા, જો તું આશીર્વાદ જ આશીર્વાદ માગે છે, તે જીભથી કહી દેવા માત્રથી આશીર્વાદ બની જતો નથી. તેને આશીર્વાદ કહેવામાં આવતો નથી. આશીર્વાદ માટે માણસે પોતાનું પુણ્ય આપવું પડે છે, મનોયોગ આપવો પડે છે, તપ આપવું પડે છે, શ્રમ આપવું પડે છે. ના મહારાજજી ! જીભ હલાવી દેવાથી જ એ આશીર્વાદ બની જાય છે.

***<u>આશીર્વાદ એટલો સસ્તો નથી</u>***

બેટા, તું જીભ હલાવીને આશીર્વાદ માગે છે. હું માનું છું કે તું જીભ હલાવીને જ રામના નામને પણ હજમ કરવા માગે છે, મંત્રને હજમ કરવા માગે છે. જીભ હલાવીને કોણ જાણે કયા-કયા કામો કરાવવા માગે છે. મંત્ર જપવાથી દેવતા મળી શકે છે, સ્વર્ગ મળી શકે છે, તો પછી ગુરુજીનો આશીર્વાદ કેમ ન મળી શકે ? જીભથી બધી વસ્તુઓ મળી શકે છે. હા, મહારાજજી ! જીભનું ટેરવું હલાવો અને પછી જુઓ, શું ચમત્કાર થાય છે. હા બેટા, જીભનું ટેરવું હલાવીને જ બેંકમાં જાઓ અને જીભ હલાવીને કહો, લાવો બે હજાર રૂપિયા. જોઉં છું જીભ હલાવીને ક્યાંથી લઈ આવે છે બે હજાર રૂપિયા. બેટા, તને બધે જીભ જ જીભ દેખાય છે અને બીજી કોઈ વસ્તુ દેખાતી નથી. ગુરુજીનો આશીર્વાદ જ જીભ અને અમારું ભજન પણ જીભ, બધું જીભ જ જીભ. ક્રિયાની જરૂર જ નહિ પડે ? હા, ગુરુજી ! ક્રિયાની શું જરૂર છે. આપ તો બસ જીભ હલાવી દો, એ આશીર્વાદ બની જશે. બેટા, એવો કોઈ આશીર્વાદ નથી, હતો નહીં કે થશે પણ નહીં.

***<u>યુગનો પોકાર સાંભળો</u>***

મિત્રો ! તો પછી આપણે શું કરવું પડશે ? અત્યારે આપ સૌને મેં એ માટે બોલાવ્યા છે કે અમને આપની જરૂર ઊભી થઈ છે. અમે ત્રીસ વરસથી કુટુંબ બનાવીને રહીએ છીએ અને ત્રીસ વરસથી આપને બોલાવી રહ્યા હતા. હવે અમે આપને પૂછીએ છીએ કે શું આપને માટે એ શક્ય છે કે આપ પોતાના જીવનમાં દૈવી સંપદાનો ઉપયોગ કરો અને તેની સાબિતી આપી શકો. શું આપને માટે એ શક્ય છે કે આપ પોતાના જીવનમાં ત્યાગનું, સેવાનું, બલિદાનનું, પરોપકારનું અને પરમાર્થનું કોઈ પ્રમાણ આપી શકો છો અથવા નહીં ? મિત્રો ! અત્યારે આ છોકરીઓ ગાઈ રહી હતી અને મારા મનમાં પણ લહેર આવી રહી હતી. તેઓ ગાઈ રહી હતી, ''જરૂર ઊભી થઈ છે, કાળની ચાલને પણ ઉલટાવી દો તમે.'' આ સમયનો પોકાર છે, યુગનો પોકાર છે, સંસ્કૃતિનો પોકાર છે, દેશનો પોકાર છે, ધર્મનો પોકાર છે, માનવી સભ્યતાનો પોકાર છે કે આપની પાસે જો કંઈક હોય તો આપી દો. ગુરુજી અમારી પાસે કંઈ નથી. ઠીક છે, જ્યાં સુધી પૈસાનો સવાલ છે, હું જાણું છું કે જો આપની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાસે પૈસા હોત તો કદાચ આપ મારી પાસે ન આવ્યા હોત. હું આપની ગરીબી અને મુશ્કેલીઓને જાણું છું, પરંતુ આ ગરીબી વચ્ચે પણ મારી આ આંખોમાં ચમક આવી જાય છે અને એક વસ્તુ તરફ દૃષ્ટિ કરે છે તો જાણે છે કે અત્યારે પણ આપની પાસે મન છે, આપની પાસે હૃદય છે. આપની પાસે દિલ છે. જો આપ પોતાના મન, હૃદય અને પોતાના શ્રમનો થોડોક અંશ આપી શકો તો આ પરીક્ષાની વેળામાં આપનું આવવું આપના જીવનને ધન્ય બનાવવા માટે પર્યાપ્ત છે.

મિત્રો ! હવે પરીક્ષાની ઘડી સામે આવી ગઈ છે. આને અમે પુનર્ગઠન યોજના કહ્યું છે. એના કેટલા પાસાઓ છે તેના વિશે અમે આપને કાલે બતાવ્યું હતું અને આજે ફરી બતાવીશું કે એના શું પરિણામ આવી શકે છે ? અમે અમારા યુવાન કુટુંબ પાસે શું કરાવવા માગતા હતાં અને શું કરાવી શકીએ છીએ ? શું સંભાવના છે ? હા, સો ટકા સંભાવના છે. મહારાજજી ! આપ તો એવા જ સપના જુઓ છો. હા, અમે સપનાં જ જોયાં છે અને અમારા સપનાં પૂર્ણ જ થયાં છે. અમે સપનાં જોયાં, જ્યારે ગાયત્રી તપોભૂમિ બની ન હતી. જ્યારે અમારી પાસે માત્ર છ હજાર રૂપિયા હતા ત્યારે અમે 'ગાયત્રી તપોભૂમિ'નો એક નકશો અખંડ જ્યોતિ માસિકમાં છાપ્યો હતો, તો લોકોએ કહ્યું, કેમ સાહેબ ! આપે તો બહુ વિશાળ સપનું છાપી દીધું. હા ભાઈ, આ સપનું છે. અમે આવી જ ગાયત્રી તપોભૂમિ બનાવીશું. મહારાજજી ! એ માટે તો ઘણા રૂપિયા જોઈશે ? આપની પાસે એટલા રૂપિયા ક્યાં છે. જુઓ બેટા, મારી પાસે છ હજાર રૂપિયા છે. આટલાથી નહીં બને તો છ લાખમાં બની જશે.

મિત્રો ! અમારું સપનું પૂરું થઈને જ રહ્યું. ગાયત્રી તપોભૂમિ જે બની છે, તેનાથી ત્રણ-ચાર વર્ષ પહેલા છપાયેલા ગાયત્રી તપોભૂમિના ચિત્ર સાથે હૂ-બહૂ મળતી બનાવવામાં આવી છે. અમારા સપનાં યુગને બદલશે, નવો જમાનો લાવશે. દૈવીય સભ્યતા અને દૈવી સંપદાની ફરી સ્થાપના કરશે. અમે અસુરતાને ચેલેન્જ આપીશું. કેમ ? કેમ કે અમે મનુષ્યતાને પ્રેમ કરીએ છીએ, કેમ કે અમે માનવી ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માગીએ છીએ, કેમ કે અમને અમારી નવી પેઢીઓ વિશે ખૂબ ઉમંગો છે. અમે અમારી નવી પેઢીઓને ખૂબ પ્રેમ કરીએ છીએ. જે મુશ્કેલીઓ વચ્ચે અમે પસાર થઈ રહ્યા છીએ તે મુશ્કેલીઓ વચ્ચે અમે નવી પેઢીઓને પસાર થવા દેવા માગતા નથી, કેમ કે અમે બાળકોને ખૂબ પ્રેમ કરીએ છીએ.

તેથી મિત્રો ! અમે નવી સભ્યતા લાવવા માટે અને નવો યુગ લાવવા માટે પ્રયત્ન કરીએ છીએ તથા તે પ્રયત્ન માટે આપનો સહકાર માગીએ છીએ. પુનર્ગઠન યોજના અમારા અને આપના સમયની પરીક્ષાની એક કસોટી છે. એમાં અમે આપનો પી.એમ.ટી. માટેનો ટેસ્ટ લઈએ છીએ, કેમ કે આગલા ચરણમાં, જેમાં અમારે બ્રહ્મવર્ચસની સ્થાપના પણ કરાવવાની છે, અમારા અનુદાનો પણ આપવાના છે, આપના યશને પણ અજર-અમર બનાવવાના છે તથા આપના જીવાત્મામાં શક્તિસંચાર પણ કરવાનો છે. એ માટે અમારે એ જોવાનું છે કે આપનામાંથી કેટલાકમાં પ્રાણ છે, જેને 'દૈવી સભ્યતા'' કહેવાય છે, 'દૈવી સંપદા'' કહેવાય છે, એમાં ત્યાગ-બલિદાનની ભાવના હોય છે. શું એ માટે આપ કંઈક કરી શકશો ?

***દૈવી સંપદાનો વિસ્તાર કરીએ***

સાથીઓ ! દૈવી સભ્યતાનો અર્થ માત્ર ભજન કરવાનું થતો નથી, પરંતુ જીવનને દૈવી સભ્યતાને અનુરૂપ ઢાળી લેવું એવો થાય છે. અમે નાના અનુદાનના રૂપમાં દરેકનો સમય માગ્યો છે. અમે જે કાર્યક્રમો બનાવ્યા છે, તે બધાં એક ઉદ્દેશથી બનાવ્યા છે. તે બધા એ માટે બનાવ્યા છે કે આપણામાંથી કોઈ પણ વ્યક્તિ નિષ્ક્રિય ન રહે. દરેકને કહેવામાં આવ્યું છે કે જો આપની અંદર નિષ્ક્રિયતા હોય તો તેને દૂર કરો અને પોતાની અંદર સક્રિયતાનો વિકાસ કરો. અમારા યુગનિર્માણ પરિવારના દરેક સભ્યને અમે સક્રિય જોવા માગીએ છીએ. કોના માટે ? આપણા મિશન માટે. ગુરુજી ! આપે કોને કઈ-કઈ સક્રિયતા સોંપી છે ? બેટા, જેઓ અતિ વ્યસ્ત છે એવી વ્યક્તિઓને પણ અમે કામ સોંપ્યું છે. જેમની પાસે યોગ્યતા છે, એમને પણ કામ સોંપ્યું છે અને કહ્યું છે કે આપ આ વિચારધારાને ફેલાવવા માટે યોગદાન આપો, મદદ કરો.

મહારાજજી ! અમે આપની મદદ કેવી રીતે કરીએ ? બેટા, આપની પાસે અમારું રિસર્ચ જે માસિકના રૂપમાં છે, જેને આપ માનો છો તેને આપ પાંચ વ્યક્તિઓને વંચાવો. જો આપ પુસ્તકાલય ન ચલાવી શકતા હોય, તો કંઈ વાંધો નથી, પરંતુ આપ એક માસિક પાંચ વ્યક્તિઓને વંચાવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શકો છો. તેનાથી બે મહિનામાં આપણું મિશન પાંચ ગણું વધી જશે. આ રીતે અમે જે ત્રીસ વર્ષમાં કર્યું છે, તે આપ એક વર્ષમાં કરી શકો છો.

ગુરુજી ! અમે બીજું શું કરીએ છીએ ? બેટા, અમારા ઝોલા પુસ્તકાલય ક્યારથી ચાલી રહ્યા છે, ફરતાં પુસ્તકાલયો ચાલી રહ્યા છે, તેને આપ બે કલાક પણ ચલાવશો, તો ખૂબ સારું થશે. બે કલાકનું ઉદાહરણ હું અવારનવાર આપતો રહું છું. અમારે ત્યાં સુલતાનપુરના ઘણા બાળકો આવ્યા છે. ત્યાંના જ એક વકીલ છે લખપતિ રાય. તેઓ આજે પણ છે, જોકે હવે વૃદ્ધ થઈ ગયા છે અને શરીર એટલું કામ કરી શકતું નથી, પરંતુ આજથી દસ વર્ષ પહેલા એમનો નિયમ હતો કે તેઓ ફરતા પુસ્તકાલયની લારી લઈને બજારમાં નીકળતા અને કહેતા, લો સાહેબ, આ પુસ્તક વાંચો. લો, અમારા ગુરુજીનું સાહિત્ય વાંચો, યુગનિર્માણનું સાહિત્ય વાંચો. જેટલા પણ અસીલ હતા, દુકાનદાર હતા એ બધાને સાહિત્ય આપતા જતા. આ રીતે એમણે આખા સુલતાનપુરમાં પ્રતિષ્ઠા જમાવી દીધી.

***<u>એકલાનો પુરુષાર્થ</u>***

એકવાર હું સુલતાનપુર ગયો. પહેલા પણ ઘણી વખત જઈ ચૂક્યો હતો. લોકો પંચકુંડી યજ્ઞ કરાવતા હતા, ત્યારે સો-પચાસ લોકો એકઠા થઈ જતા હતા. મને યાદ છે, એક-બે વખત પ્રવચન પણ થયા હતા. વકીલસાહેબે મને જ્યારે કહ્યું કે ગુરુજી ! આપ એકવાર આવી જાવ, તો બહુ સારું થશે. મેં કહ્યું, આપને ત્યાં શા માટે આવીએ, ત્યાં પંચકુંડી યજ્ઞ જ કરાવે છે ? ના ગુરુજી ! આ વખતે બહુ જોરદાર કરીશું. કેવી રીતે કરશો ? સો કુંડી યજ્ઞ કરીશું. મિત્રો યજ્ઞ કરવાનું નક્કી થયા બાદ જતી વખતે મેં એમને કહ્યું કે જતા પહેલા ગાયત્રી તપોભૂમિ માટે થોડા પૈસા મૂકતા જાવ એવી અમારી ઇચ્છા છે. શું આપ થોડા પૈસા એકઠા કરી શકશો ? હા ગુરુજી ! અમે કરી આપીશું. કેટલા ? પચ્ચીસ હજારનો તો અમે વાયદો કરીએ છીએ, બાકી આપનું ભાગ્ય છે.

મિત્રો, એમણે એવું કામ કર્યું કે આખા શહેરને અમારું સાહિત્ય વંચાવી દીધું અને દરેક વ્યક્તિને પૂછ્યું કે અમારા ગુરુજીનું સાહિત્ય જે આપે વાંચ્યું છે, તે આપને પસંદ છે ? બધાએ એકસ્વરે કહ્યું કે અરે ભાઈ ! વાંચવાનું તો શું, અમે પાગલ થઈ ગયા છીએ એમના વિચાર વાંચીને. અમે ગુરુજીને અહીં બોલાવીશું તો શું આપ એમના માટે થોડો ખર્ચ કરી શકશો ? એમને બોલાવીશું તો શું આપ પોતાનો થોડો સમય આપી શકશો ? હા સાહેબ ! ખર્ચ કરીશું. એમણે ત્રણ-ચાર દિવસનો કાર્યક્રમ રાખ્યો હતો. જ્યારે હું ત્યાં ગયો તો મેં આશ્ચર્ય જોયું. મેં જોયું કે સુલતાનપુર જે એક નાનકડી વસ્તી છે, નાનો જિલ્લો છે, ત્યાં એમણે લગભગ પચાસ હજાર લોકોને બેસવા માટે પેંડાલ બનાવ્યો હતો. મને લાગે છે, એમાં એક લાખથી ઓછા લોકો નહોતા. આટલું મોટું વિશાળ આયોજન જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો કે આ સુલતાનપુર છે કે કોઈ શહેર છે. એની વસ્તી તો ઓછી છે. દૂર-દૂરના ગામોમાંથી લોકો આવ્યા હતા.

મિત્રો ! આ હું એક વ્યક્તિની વાત કરી રહ્યો છું કે એકલી વ્યક્તિએ શું કરી બતાવ્યું. એક વ્યક્તિની સક્રિયતાનું પરિણામ એ આવ્યું કે એણે આખા સુલતાનપુરને જગાડી દીધું હતું. ત્રણ-ચાર દિવસ મેં આ ચમત્કાર જોયો અને જ્યારે વિદાય લીધી ત્યારે હું માનું છું કે એમણે અમને યજ્ઞમાંથી બચાવીને તેત્રીસથી ચાળીસ હજાર રૂપિયા આપ્યા હતા. આ હું એક વ્યક્તિની કરામત કહું છું, જેમાં એના સહયોગી પણ સામેલ હતા. એમણે પણ સહયોગ આપ્યો, પરંતુ હું એકની વાત કહું છું. આપને પૂછું છું કે શું આપ આ કામ ન કરી શકો ? આપ એક કલાકનો સમય ન આપી શકો ? બે કલાકનો સમય આપી શકો ? આપનામાં હૃદય છે ? કાળજું છે આપનામાં ? હિંમત છે આપનામાં ? જીવન છે આપનામાં ? નિષ્ઠા છે આપનામાં ? શ્રદ્ધા છે આપનામાં ? જો આ છે, તો એવા બહાના ન બનાવો કે શાખા બંધ થઈ ગઈ છે. કોઈ આવતું નથી. બધામાં લડાઈ થઈ ગઈ છે. બધામાં ફૂટ પડી ગઈ છે. ગુરુજી ! કોઈ સાંભળતું નથી. કમિટીમાં કોઈ આવતું નથી. ધૂર્ત, નકામી વાતો કરે છે, એ નથી કરતો જે હું કહું છું. કેટલી વાર એક જ વાત કહે છે. હું પૂછું છું કે તું શું કરે છે ?

***<u>મિશન-નવયુગ-માનવીનું ભવિષ્ય</u>***

મિત્રો ! જ્યારે એક માણસ લડવા તૈયાર થઈ જાય તો શું કરી શકે છે એ વાત હું ઉદાહરણ આપીને બતાવી શકું છું. એક માણસ સક્રિય થઈ ગયો, તો એણે આખા વિસ્તારને સક્રિય બનાવી દીધો. હું આપને પૂછું છું કે જો આપની અંદર નિષ્ઠા હોય તો શું આપ મિશન માટે સમય ન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપી શકો ? મિશન એટલે નવયુગ. મિશન એટલે માનવી સભ્યતા, માનવીય ભવિષ્ય. એની પર આપની આસ્થા છે કે બિલકુલ નથી ? ના મહારાજ ! અમારી આસ્થા તો દીકરા પર છે અને પૈસા પર છે. તો બેટા, હું તને બાળક સમજીશ અને કહીશ કે અધ્યાત્મના કિરણો આવ્યા છે ત્યારે દેવત્વને આસુરી સભ્યતાની વિરુદ્ધ ઊભા થવું પડ્યું છે. અમારી અંદર જ્યારે ગાયત્રી મંત્ર આવ્યો, તો સાથે દેવત્વ પણ આવ્યું. દેવત્વ અને ગાયત્રી મંત્ર બન્નેએ મળીને ચમત્કાર બતાવ્યો. બેટા, તું તો ગાયત્રી મંત્ર લઈને જ ફરે છે, તારું દેવત્વ ક્યાં છે ? દેવત્વ તો છે જ નહીં. ખાલી મંત્ર જ રટવા નીકળ્યો છે.

મિત્રો ! શું કરવું પડશે ? હું ઇચ્છું છું કે અમારી પરીક્ષાની ઘડીમાં આપ લોકો સાથ આપો. પુનર્ગઠન યોજના આપની એક પરીક્ષા છે, બ્રહ્મવર્ચસ્‌ના આધારે અને બીજા આધારે આ આપની પરીક્ષા છે. અમે અમારા કુટુંબને થોડું વધારે મજૂબત બનાવવા માગીએ છીએ, સક્ષમ બનાવવા માગીએ છીએ, પરંતુ અમે શું કરી કરીએ ? આપ ચાહો તો ઝોલા પુસ્તકાલયના માધ્યમથી કે ફરતા પુસ્તકાલયના માધ્યમથી એને એકલા જ ચલાવી શકો છો. તીર્થયાત્રાઓના માધ્યમથી, સ્લાઈડ પ્રોજેક્ટરના માધ્યમથી એકલા જ ચલાવી શકો છો. આ હું એક વ્યક્તિની વાત કહું છું. હવે અમે નવી જાતના સ્લાઈડ પ્રોજક્ટર બનાવવાના છીએ. હવે કંઈક એવી યોજના બનાવી રહ્યા છીએ કે જેથી આ બધી વસ્તુઓ ત્રણસો-સાડા ત્રણસોની અંદર જ તૈયાર થઈ જાય. આપ ત્રણસો રૂપિયા ખર્ચો અને દરેક ઘરમાં અમારો સિનેમા બતાવો.

મિત્રો ! આ હું એકલાની વાત કહું છું, 'એકલા ચાલો રે-એકલા ચાલો રે'ની વાત કહું છું. એકલા ચાલીને પણ આપ ન જાણે કેટલુંય કરી શકો છો. તીર્થયાત્રા માટે, સાયકલ યાત્રા માટે, પદયાત્રા માટે આપ નીકળી શકો છો અને એક-બે માણસો સાથે લઈ શકો છો. દીવાલો પર સદ્‌વાક્ય લખવાનું કામ આપ એકલા કરી શકો છો. આ પ્રકારના એકલા કરી શકાય એવા કેટલાય કામો છે, ઝોલા પુસ્તકાલય, તીર્થયાત્રા, દીવાલો પર વાક્યલેખન વગેરે. આ બધું એક વ્યક્તિનું કામ છે. આને એક વ્યક્તિ એકલી જ કરી શકે છે. તેથી જો આપ ઇચ્છો, જો આપની અંદર જીવન હોય, દેવત્વની ભાવના ઉદય થતી હોય, તો આપ આ બધી વસ્તુઓ કરી શકો છો.

***<u>સંગઠિત બનો, એન્જિન બનો</u>***

આ થઈ એક નંબરની વાત. નંબર બે-જો આપ એકલા આ કામ ન કરી શકો અને આપનામાં કોઈ સંગઠનની વૃત્તિ હોય, તો સંગઠનની વૃત્તિ માટે આપ અમને સાથ આપો અને થોડો સમય આપો. ટોળીનાયકોનું કામ સ્થાનિક છે. આપ એમાં સામેલ થઈને એક-બે કલાકનો સમય આપી શકો છો અને આપવો પણ જોઈએ. આપ ટોળીમાં સામેલ થઈ શકો છો અને થવું જોઈએ. દસ-દસ વ્યક્તિઓની ટોળી બનાવી લો અને પચાસ વાચકોને એકઠા કરી લો, તો એ સાઠની ટોળી બને છે. સાઠ વ્યક્તિઓની ટોળી બહુ મોટી હોય છે. સાઠ ડાકૂઓએ આખા ચંબલને ગભરાવી મૂક્યા હતા. જો આપની પાસે સાઠ વ્યક્તિઓનું સંગઠન હોય, તો આપ ગજબ કરી શકો છો. જો આપની પાસે ચીવટ હોય, તો સાઠ વ્યક્તિ ઘણી હોય છે. જો એન્જિન જીવિત હોય તો સાઠ ડબ્બાઓની રેલગાડી કયાંથી ક્યાં પહોંચી શકે છે. એન્જિન જીવિત હોય તો જ, મરેલું હોય તો બેટા, અમે નથી જાણતા.

તેથી મિત્રો ! ટોળીનાયકોની દષ્ટિએ આપે કામ કરવું જોઈએ. આપ ઇચ્છો તો સમય આપ્યા વિના પોતાના સ્થાનિક ક્ષેત્રમાં ઘરમાં રહીને એક કામ એ પણ કરી શકો છો કે આપ જન્મદિન ઉજવવાની પરંપરાને જીવંત કરવા માટે સમય આપી શકો છો. આપણે જન્મદિવસના માધ્યમથી ઘર-ઘરમાં વિચાર-વિનિમય, ઘેર-ઘેર સભા, ઘેર ઘેર સંમેલન શરૂ કરી શકીએ છીએ. શરૂઆતમાં આ કામમાં મુશ્કેલી જણાશે, પછી આપ જોશો તો આપને જાણવા મળશે કે જન્મદિવસના આધારે જન્મદિવસ ઉજવતી વખતે લોકો કેટલા ખુશ થાય છે. એમાં વ્યક્તિને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરવાનો મોકો મળે છે, ખુશીનો મોકો મળે છે. બધા લોકો આશીર્વાદ આપે છે, કોઈ ફૂલ ચઢાવે છે અને કોઈ પ્રણામ કરે છે. આજે અમારો જન્મદિવસ છે. આપણે પોતાનું મુખ દર્પણમાં જોઈએ છીએ, તો કેટલી ખુશી થાય છે, તે પણ આપ નથી જાણતા ? એમાં જનતાના સહયોગનો કેટલો બધો લાભ ભરેલો પડ્યો છે, તે આપ જાણતા નથી ? જો આપ હકીકતમાં આવો, તો આપ તેને જોઈ શકો છો. હકીકતમાં નહિ આવો, તો હું કહી ન શકું. જો આપ જન્મદિવસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉજવવાની પરંપરાને ફરીથી ફેલાવી શકો, તો આપ જોશો કે આ મિશન, જેમાં દેવત્વના પુનર્જીવનનો સંકલ્પ છુપાયેલો છે, તેને જીવિત કરવા માટે આપ શું કરી શકો છો.

બીજું એક કામ કરવા માટે અમે આપને કહ્યું હતું આવતા વર્ષે અમે વાર્ષિકોત્સવના રૂપમાં વધુ સામૂહિક જોશ પેદા કરીશું. જેનો વાર્ષિકોત્સવ ઉજવવામાં ન આવતો હોય એવી કોઈપણ શાખા ન રહેવી જોઈએ, એવો હવે નિયમ બનાવી દેવામાં આવ્યો છે. જે શાખા વાર્ષિકોત્સવ નહીં ઉજવે, તેનું નામ અમારા રજિસ્ટરમાંથી શાખા તરીકે કાપી નાખવામાં આવશે. કેમ સાહેબ ! નામ કપાઈ જશે કે નાક કપાઈ જશે ? જે સમજી લેવું હોય તે સમજી લે બેટા. તું પોતાના સંબંધમાં સમજી લે કે નાક કપાઈ ગયું અને અમે સમજી લઈશું કે તારું નામ કપાઈ ગયું. વાત એક જ છે.

મિત્રો ! અમે દરેક શાખા ઉપર એવો ભાર મૂક્યો છે કે તેમણે વાર્ષિકોત્સવ કરવો જ પડશે અને કરવો જ જોઈએ. ઓછામાં ઓછા કેટલા રૂપિયામાં આ કામ થઈ શકશે ? અમે છપાવી લીધું છે કે અઢીસોથી ચારસો રૂપિયા સુધીમાં બહુ સુંદર યજ્ઞ થઈ શકે છે, આયોજન થઈ શકે છે. એમાં હજાર માણસો આવે, તો યજ્ઞ પણ થઈ જાય અને સરઘસ પણ નીકળે, બધું થઈ શકે. આ બધું ચાર-પાંચસો રૂપિયામાં થઈ શકે છે. ગુરુજી ! આટલા પૈસા ! અમે એકઠા કરી લઈશું. હા બેટા, આટલા ભેગાં કરવામાં શું તકલીફ છે. એક દિવસનો પગાર કાઢતા રહો, તો એક વર્ષમાં એકલો જ આટલો ખર્ચ કરી શકે છે. બેટા, એક મહિનામાં તને કેટલા રૂપિયા મળે છે ? સાતસો રૂપિયા મળે છે. તો એક દિવસનો પગાર કેટલો થશે ? ગુરુજી ! એકવીસ-બાવીસ રૂપિયા થાય છે. તો બાવીસ રૂપિયા મહિનાના હિસાબે કેટલા થયા ? મહારાજજી ! એ તો લગભગ બસો સાઠ રૂપિયા થાય છે. બસ બેટા, તું એકલો જ આગળ વધ અને દર મહિને એક દિવસનો પગાર કાઢતો જા. હવે દસ વ્યક્તિ બીજા સાથે લઈ લે. એમાંથી જ એક વાર્ષિકોત્સવ પૂરો થઈ જશે. ના ગુરુજી ! હું આની પાસે ફાળો માગીશ, પેલાની પાસે માગીશ. પોતાની પાસેના કંઈક આપીશ ? મારી પાસેથી તો કશું નહીં આપું. કંજૂસ, પહેલા પોતાના પાસેથી કાઢ, પછી ફાળો ઉઘરાવજે.

મિત્રો ! શું કરવું જોઈએ ? વાર્ષિકોત્સવમાં ક્યાંય કોઈ મુશ્કેલી ન આવવી જોઈએ. જો આપને રોટલી ખાવા માટે આર્થિક તંગી નથી, સિગારેટ પીવા માટે આર્થિક તંગી નથી, સિનેમા જોવા માટે આર્થિક તંગી નથી. હા મહારાજજી ! એ બધા માટે આર્થિક તંગી નથી. મોટો આવ્યો આર્થિક તંગીવાળો. નથી ઉદ્દેશ્યને સમજતો કે નથી ધર્મને સમજતો, નથી સંસ્કૃતિને સમજતો કે નથી દેવત્વને સમજતો. આર્થિક તંગીનું રટણ કરે છે. મિત્રો ! ઇચ્છે તો આ બધું એક માણસ એકલો જ કરી શકે છે.

***<u>અમારું એક જ લક્ષ્ય વાર્ષિકોત્સવ</u>***

મિત્રો ! અમે ઇચ્છીએ છીએ કે દરેક સ્થળે વાર્ષિકોત્સવ ઉજવાય. એ માટે આપણને એક બીજી મુશ્કેલી આવશે. અમે છપાવી દીધું છે કે અમારો પ્રતિનિધિ આવશે, રિપ્રેજેન્ટેટીવ આવશે. હવે અમારે વક્તાની જરૂર નથી. અમને વક્તાઓથી ઘૃણા થવા લાગી છે, કેમ કે વક્તા જીભ તો ચલાવે છે, પરંતુ જીભ ચલાવીને જેટલું કામ કરવું જોઈએ, તે કરતા ચાર ગણું સફાયો કરી જાય છે. પોતાનો વ્યવહાર, પોતાનું આચરણ, પોતાનું ખાનપાન અને પોતાની રહેણીકરણી દ્વારા એવી છાપ પાડીને આવે છે કે તેને જોઈને લોકો કહે છે, આવા ભક્તોને ગોળી મારો. જે બક-બક કરે છે, તેનું નામ 'વક્તા' છે. અમને આવા વક્તાની હવે જરૂર નથી જે બોલે છે ઘણું, પરંતુ આચરણ અને વ્યવહારમાં એકદમ વિપરીત હોય. હવે અમે વક્તા નહીં, પોતાનો પ્રતિનિધિ મોકલીશું. આ પ્રતિનિધિ કેવો હશે ? અમારી પ્રતિકૃતિ હશે અને અમારા આચાર્ય કેવા હોવા જોઈએ ? એમની રહેણીકરણી, એમનું ઉઠવું-બેસવું, એમનું ખાનપાન બિલકુલ અમારા જેવું હોવું જોઈએ. તેને જોઈ લોકો કહે કે આ આચાર્યજીનો પ્રતિનિધિ છે, આચાર્યજીનો પુત્ર છે. બેટા, અમને આવી વ્યક્તિઓની ખૂબ જરૂર છે, કેમ કે અમે એ ઘોષણા કરી ચૂક્યા છીએ કે અમે છ હજાર શાખાઓનો વાર્ષિકોત્સવ કરીશું. જેને અમે થોડા સમયમાં જ પૂરું કરવા ઇચ્છીએ છીએ. ઓક્ટોબરથી માર્ચ સુધીમાં પૂરું કરવા માગીએ છીએ, કેમ કે પછી ગરમી આવી જાય છે, પરીક્ષાઓ આવી જાય છે. સ્કૂલોમાં સ્પિકર વગાડવાનું બંધ થઈ જાય છે. ઉનાળામાં લૂ ચાલે છે, વાવાઝોડાં-તોફાન આવે છે. તેથી આ અભિયાન અમે જલદી પૂરું કરવા ઇચ્છીએ છીએ.

મિત્રો ! આ કાર્યક્રમ માટે અમારે પ્રતિનિધિઓની વિશેષ રૂપે જરૂર પડશે. આપનામાંથી જેઓ પોતાને આ માટે યોગ્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમજતા હોય કે અમે ગુરુજીના વિચારોને, યુગનિર્માણના વિચારોને જનતા સામે વ્યક્ત કરી શકતા હોય અને જેઓ એવી પ્રતિજ્ઞા કરી શકતા હોય કે અમે જઈશું તો આપની ફજેતી કરાવીને નહીં આવીએ, આપની બદનામી કરાવીને નહીં આવીએ, ત્યાં આપની બેઈજ્જતી કરાવીને નહીં આવીએ, તેઓ પોતાના નામ અમારી પાસે નોંધાવે. બેટા, એ આપની બેઈજ્જતી નહીં, અમારી બેઈજ્જતી છે. આપ અહીંથી અમારા વક્તા બનીને જશો અને હોટલોમાં ચા પીશો, તો એ તમે નહીં, અમે પી રહ્યા હોઈશું. કેમ કે આપ અમારા પ્રતિનિધિ છો, રિપ્રેઝેન્ટેટીવ છો. રિપ્રેઝેન્ટેટીવે ફક્ત વક્તા બનવું ન જોઈએ, ફક્ત વ્યાખ્યાતા બનવું ન જોઈએ, પરંતુ તેની અંદર એ બધી વિશેષતાઓ હોવી જોઈએ, જે અમારી રહેણીકરણીમાં, ઉઠવા-બેસવામાં છે.

***વાણી દ્વારા નહીં, આચરણ દ્વારા શિક્ષણ***

મિત્રો ! આપના માટે આ અભ્યાસનો મોકો છે. આ બહાને, આ લોકલાજના બહાને અમે આપને બંધનોમાં એવા બાંધીને મોકલીશું કે જો આપ છ મહિના અભ્યાસ કરી લો તો સમજી લો કે આપે છ મહિનાનો યોગાભ્યાસ કરી લીધો. આ છ મહિનાની તપસાધના કરી લેશો. આપે આપની જીભ ઉપર અંકુશ, ખાનપાન ઉપર અંકુશ, બેઠવા-ઉઠવા ઉપર અંકુશ, હજારો અંકુશ લગાડવા પડશે. ના ગુરુજી ! અમે તો વ્યાખ્યાન આપીશું. બેટા, અમારે વ્યાખ્યાન નથી કરાવવા. જો અમારી શરતો પૂરી કરતો હોય, તો તારા વ્યાખ્યાનનું સ્વાગત છે. ના સાહેબ ! અમે કોઈ શરત પૂરી નહીં કરીએ, અમે તો બક-બક કરીશું અને મન ફાવે તેમ રહીશું. બેટા, અમે તને મન ફાવે તેમ રહેવા નહીં દઈએ.

માટે મિત્રો ! અમને વિશેષ કરીને એવા લોકોની જરૂર છે, જેઓ બકબકથી નહીં, પરંતુ પોતાના આચરણ અને વ્યવહાર દ્વારા અમારું પ્રતિનિધિત્વ કરે. અમે આ શિબિરનું જે આયોજન કર્યુ છે, તેનું એ પણ કારણ છે કે અમને છ હજાર શાખાઓમાં વાર્ષિકોત્સવ કરાવવા માટે અમારા છ હજાર પ્રતિનિધિઓની જરૂર પડશે. શું અમે એવું ન કરી શકીએ કે અમારા બે લાખ મિત્રોમાંથી જેઓ વધુ ભણેલા હોય, સુશિક્ષિત હોય અને આત્મશોધન તથા આત્મનિર્માણ સિવાય લોકનિર્માણની જવાબદારી નિભાવી શકવા માટે યોગ્ય હોય એમને અમે છ મહિનાનો યોગાભ્યાસ કરાવીએ. આ એક વિશુદ્ધ પ્રશિક્ષણ છે, જેમાં લોકલાજને કારણે અને અમારી શરમને કારણે, આ બન્ને દબાણોથી વ્યક્તિ પોતાના ચરિત્રને ઘડતી જશે અને જેમાં માનવજાતનું હિત જોડાયેલું છે એવું લોકહિતનું કાર્ય, બન્ને કાર્યો કરતી રહેશે. આપ અમારા પ્રતિનિધિના રૂપમાં જાવ અને જે શાખાઓ, શક્તિપીઠો નિષ્ક્રિય પડેલી છે, એમનામાં ઉમંગ પેદા કરો અને કહો કે અમારા ગુરુજીનું સંમેલન કરવું પડશે, ટોળીઓ બનાવવી પડશે, જન્મદિવસ ઉજવવાં પડશે અને પોતાના આચરણ તથા વ્યવહાર દ્વારા લોકોને શિક્ષણ આપવું પડશે. જો આપ આટલું કામ કરી શકશો તો અમારું આ શિબિર સાર્થક બની જશે, અમે અને આપ બન્ને ધન્ય બની જઈશું. આજની વાત સમાપ્ત

❋ ❋ ❋

**કબૂતરો જ્યારે ઝાડીઓમાં ઈંડા આપતા હતા, તે સમયની વાત છે. શિયાળ આવતો અને તેમના ઈંડા ખાઈ જતો. સુરક્ષાની કોઈ વ્યવસ્થા થઈ ન શકી તો કબૂતરોએ બીજા પક્ષીઓને બચવાનો ઉપાય પૂછ્યો. એમણે કહ્યું-ઝાડ પર માળો બનાવ્યા વિના કોઈ ઉપાય નથી.**

**કબૂતરે માળો બનાવ્યો, પરંતુ એ બરાબર બની ન શક્યો. છેવટે એણે નક્કી કર્યું કે બીજા પક્ષીઓની મદદથી માળો બનાવવાનું કામ પૂરું કરવામાં આવે.**

**ચકલીને બોલાવી તો એ ખુશીથી આવી અને કબૂતરને સારો માળો બનાવવાનું શીખવવા લાગી. માળો બનાવવાનું શરૂ જ કર્યું હતું કે કબૂતરે કહ્યું, ''આવું તો અમને આવડે છે, અમે આવો માળો તો બનાવી જ લઈશું.'' ચકલી પાછી જતી રહી.**

**કબૂતરે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ માળો બરાબર ન બન્યો. પછી તે ચકલી પાસે ગયો. તે ખીજાતી ફરીથી આવી અને તણખલાં બરાબર ગોઠવવા લાગી. અડધું કામ પણ પૂરું થયું નહોતું કે કબૂતર બોલ્યું. એણે કહ્યું, ''આમ તો હું જાણું જ છું.'' ચકલી પાછી જતી રહી. કબૂતર કામે લાગ્યો, પરંતુ તેમ છતાં માળો બની ન શક્યો. ફરીથી ચકલી પાસે પહોંચ્યો તો એણે ઈન્કાર કરી દીધો અને કહ્યું, ''જે કશું જાણતો નથી અને માને છે કે હું બધું જ જાણું છું, આવા મૂર્ખને કોઈ કશું શીખવી ન શકે.''**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ઓછામાં ઓછી આ સાધના તો કરો જ

લગભગ બધા ધર્મગ્રંથોમાં વર્તમાન સમયને અતિ મહત્ત્વપૂર્ણ બતાવ્યો છે, જેમાં નાશ અને સૃજન બંને કાર્ય ઝડપથી ચાલી રહ્યાનો સંકેત છે, ઈશ્વરીય સત્તા આ ધરતીને નષ્ટ થવાથી બચાવા માંગે છે. એક તરફ યુધ્ધ પ્રમાદ ભડકી રહ્યો છે, પરમાણુ અસ્ત્રોની હોડ લાગી છે. પ્રકૃતિ સાથે છેડખાનીનું પરિણામ ભૂકંપ, તોફાન, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિના રૂપે માનવ જાતિને ભોગવવું પડે છે. સમુદ્ર પણ પોતાની મર્યાદા છોડી તોફાનના રૂપમાં આક્રોશ વ્યક્ત કરી રહ્યો છે. પાપાચાર, અનાચાર, જીવ હત્યાઓથી ધરતી કાંપી ઉઠી છે. આવી સંકટની ઘડીમાં સામૂહિક ધર્માનુષ્ઠાનના રૂપમાં પ્રાર્થના જ માનવ જાતિ માટે રક્ષાકવચનું કાર્ય કરી શકે છે. આખો દિવસ મનથી જપ અને શરીરથી કાર્ય કરવાનું વ્રત નિભાવવું જોઈએ. ભોજન કરતી વખતે ત્રણ વાર ગાયત્રી મંત્ર બોલી ભગવાનને ભોગ લગાવી પ્રસાદ ગ્રહણ કરવાની ભાવના કરો.

સ્નાન કરતી વખતે ગંગા સ્નાનની ભાવના કરો. દરેક ક્ષણ દિવ્ય ભાવનાઓ અને દિવ્ય ચિંતનથી મનને પ્રભુના ચરણોમાં સમર્પિત કરી દો.

પરમ પૂજ્ય ગુરુદેવે વ્યક્તિગત જીવન સાધનાના અંતર્ગત સવારે ''આત્મબોધ'' તથા સાંજે ''તત્ત્વબોધ'' સાધનાની વિધિ બતાવી છે, જે નિયમિત કરવી જોઈએ.

## આત્મબોધની સાધના

સવારે પથારીમાંથી ઉઠતા જ ભાવના કરો કે આજે મારો નવો જન્મ થયો છે. માત્ર એક દિવસનું જ જીવન છે. આ દિવસનો ખૂબ સારો ઉપયોગ થાય. જેથી રાતે સૂતી વખતે ગર્વ કરી શકીએ કે આજે અમે પોતાને જીવનનો સદુપયોગ કર્યો છે. ઈશ્વરના સાચા રાજકુમાર કહી શકાય. ભાવના કરો કે એક જ દિવસનું અમારું જીવન છે, શ્રેષ્ઠ મહાપુરુષો જેવું જીવન જીવી આ સુરદુર્લભ મનુષ્ય તન પામેલા સૌભાગ્યને ગરિમા પ્રદાન કરો. આંખોમાં પવિત્ર દૃષ્ટિ હોય, કાનોથી શ્રેષ્ઠ વિચાર સાંભળો, હાથ પરોપકાર માટે, કદમ ઈશ્વરીય કાર્ય માટે આગળ વધે, મોંથી મધુર વચન બોલો અને બીડી, સીગારેટ, તમાકુ, શરાબ, માંસનું સેવન ન કરો. એક દિવસનું જીવન દોષ-દુર્ગુણ વગરનું પવિત્ર જીવન જીવો.

પથારીમાં બેઠાં-બેઠાં જ ભાવનાત્મક પવિત્રીકરણ કરવું જોઈએ. શરીર, મન અને અંતઃકરણ પવિત્ર થઈ રહ્યા છીએ. સ્થૂળ શરીરમાં પ્રકાશ, સૂક્ષ્મમાં તેજ અને કારણ શરીરમાં વર્ચસ્‌ની વૃધ્ધિ થઈ રહી છે.

એના પછી ભાવના કરો કે સવિતા દેવતાનાં કિરણો નાભિચક્રમાં પ્રવેશ કરી રહ્યા છે, અને પૂરા શરીરને સ્વર્ણિમ પ્રકાશવાન બનાવી રહ્યા છે. અમારા શરીરમાં ક્રિયાશીલતા, બલિષ્ઠતા, સાહસ, પરાક્રમ અને શ્રમશીલતા જેવા ગુણો વધી રહ્યા છે. અમે સવિતામય થઈ રહ્યા છીએ. રોમ-રોમ પ્રકાશવાન થઈ રહ્યું છે. આળસ, અસંયમ જેવા દોષ નષ્ટ થઈ રહ્યા છે.

હવે સવિતાના કિરણો અમારા આજ્ઞાચક્રમાં (ભ્રૂમધ્ય)થી પસાર થઈ સૂક્ષ્મ શરીરમાં પ્રવેશ કરી રહ્યા છે. મસ્તિષ્ક પ્રકાશવાન થઈ રહ્યું છે. વિવેકશીલતા, દૂરદર્શિતા જેવા ગુણ વધી રહ્યા છે. લોભ-મોહ, અજ્ઞાન-અંધકાર નષ્ટ થઈ રહ્યા છે. અમે જ્ઞાનવાન થઈ રહ્યા છીએ.

સવિતાના કિરણો હૃદયચક્રમાં પ્રવેશ કરી રહ્યા છે. કારણ શરીર પ્રકાશવાન થઈ રહ્યું છે. કરૂણા, સંવેદના, ઉદારતા, સેવા વગેરે દિવ્ય ગુણોની અભિવૃધ્ધિ થઈ રહી છે. રાગ-દ્વેષ, અનાસ્થા, ઘૃણા, નિષ્ઠુરતા વગેરે દોષ નષ્ટ થઈ રહ્યા છે.

હવે પૂરું શરીર પ્રકાશવાન થઈ ગયું. સવિતામય સ્વર્ણિમ થઈ ગયું છે. અમે સવિતામય થઈ ગયા છીએ. આત્મસત્તા પરમાત્મ સત્તામાં વિલય થઈ ગઈ છે. શાંતિ, તૃપ્તિ, તુષ્ટિની પ્રાપ્તિ થઈ રહી છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## તત્ત્વબોધની સાધના

તત્ત્વબોધ સાધના માટે રાતે સૂતી વખતે જ્યારે નિંદ્રા દેવીની ગોદમાં જવાની ઘડી આવે ત્યારે ભાવના કરવી જોઈએ કે આજનું જીવન સમાપ્ત થયું. આ સંસાર એક રંગમંચ છે, એક નાટકનું પટાક્ષેપ થઈ ગયું. આજે જે અભિનય કરવા મળ્યો, તેને ઈમાનદારીથી કરવાનો પ્રયાસ કર્યો. જે ભૂલો થઈ, તેને બરોબર કરવાનું વ્રત લો. તેવી પુનરાવૃત્તિ ન થાય તેની સાવધાની રાખશો. હવે સૂતાં-સૂતાં ભાવના કરો કે સંસારમાં પોતાનું કશું જ નથી. પોતાનું તો આ શરીર પણ નથી, આ ક્ષણભંગુર શરીર ન જાણે ક્યારે પંચતત્ત્વમાં મળી જશે. અનુભવ કરવો જોઈએ કે મહત્તા અને મમતાના બંધન તોડી સમગ્ર ભાવથી ભગવાનના મંગળમય ખોળામાં-મૃત્યુમાં પરમ શાંતિ અને સંતોષપૂર્વક નિમગ્ન થઈ રહ્યા છીએ. અનાશક્ત ભાવ, વૈરાગ્ય ભાવના મરણોત્તર જીવનમાં શાંતિના અધિકારી બનાવવામાં સહાયક છે. દરેક રાતે એક મૃત્યુ માનીને લોભ અને મોહનું નિરાકરણ થાય છે અને દરેક દિવસે નવો જન્મ માનીને જીવનમાં આદર્શવાદિતા તથા ઉચ્ચતાનો સમાવેશ કરી કર્મયોગી જીવન બનાવવામાં સહાયતા મળે છે.

**-લીલપત શર્મા**

---

વાણી વિજ્ઞાનમાં રૂચિ રાખવાવાળા પ્રત્યેક વિજ્ઞજને તેનું મહત્ત્વપૂર્ણ તથ્ય જાણવું જરૂરી છે. વાણીની સામર્થ્ય વ્યક્તિના ચરિત્ર સાથે પૂર્ણ રૂપથી સંબંધિત હોય છે. આજના દિવસોમાં વાણીની કલાનો વિકાસ વધી ગયો છે. પણ એની સામર્થ્ય ઘટી રહી છે. દીપક જ્યારે સ્વયં બુઝાઈ ગયો હોય તો બીજાને કેવી રીતે પ્રગટાવશે? બીજાને પ્રકાશ કેવી રીતે આપશે ? ઈશ્વર ઉપાસનામાં સ્ત્રોત, પાઠ, મંત્ર-જપ વગેરે એટલા માટે નિષ્ફળ જાય છે કે ઉચ્ચારણ કરવાવાળાની જીભ દાઝી ગયેલી હોય છે. એનાથી એ ધ્વનિ નીકળી શકતો નથી કે જે ઈશ્વરના કાન સુધી પહોંચી શકે. પ્રાચીનકાળમાં જે મંત્રો ઘણા જ શક્તિશાળી હતા. તે હવે નિષ્ફળ સિધ્દ થાય છે. કારણ એ છે કે સફળ મંત્રોચ્ચાર કરવાવાળી વાણી જીભના દુરુપયોગ થવાથી મૃતક બની જાય છે. કારણ કે એનો અવાંચ્છનીય રીતે ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે અસત્ય બોલવું. છલ-કપટ કરવું નીંદા કરવી, અનીતિનું સમર્થન કરવું મર્મભેદી કટુવચનો બોલવા. અપશબ્દો બોલવા, અભક્ષ્ય ખાવું-પીવું, વગેરેથી જીભ દાઝી જાય છે. વાણી મરી જાય છે.

ઠીક એ જ પ્રકારે માર્ગદર્શન કરી શકવાની ક્ષમતા પણ એવા લોકોમાં રહેતી નથી. વાકચાતુર્યથી લોકોને પ્રભાવિત તો કરી શકાય છે પરંતુ કોઈ સ્થાયી પ્રભાવ પાડી શકતા નથી. વિદુષકો અને અભિનેતાઓ તેમ જ ભાષણકર્તાઓ જેઓ વાણી વિલાસ દ્વારા અમુક સ્તરનું મનોરંજન કરી શકે છે. તે સ્થાયી રહેતું નથી.

વાણી ચાર પ્રકારની હોય છે. (૧) વૈખરી વાણી (૨) મધ્યમા વાણી, (૩) પરાવાણી (૪) પશ્યંતી વાણી.

વૈખરીવાણી-જેનો રોજ આપણે જીવન વ્યવહારમાં ઉપયોગ કરીએ છીએ. ઘરમાં, બહાર ગપાબાજીમાં, મશ્કરી, નીંદા, કટુવચનો, અપશબ્દો, લડાઈ-ઝગડામાં આજે તો વાણી સ્વાતંત્ર્ય હોવાથી જેને જેમ ફાવે તેમ તેનો ઉપયોગ કરે છે. જેને વૈખરીવાણી કહેવાય છે.

મધ્યમાવાણી-જે શબ્દોચ્ચાર કરતી વખતે હાવભાવ સાથે અને ચહેરાપરના પ્રમુખ અવયવો દ્વારા વ્યક્ત થાય છે. આંખો, કપાળ, હોઠ, નાક, ગરદન આંખો ઉપરની ભ્રમર, હાથ-પગ તેમ જ ભાવનાઓ, સ્વભાવ વગેરે ઉપરથી જોઈ શકાય છે. અનુભવી લોકો તરત જ જાણી લે છે. એને અંતરનું દર્પણ પણ કહી શકાય છે. સંપર્ક ક્ષેત્રને સૌથી વધુ પ્રભાવિત કરે છે.

પરાવાણી-જે વિચારો સાથે સંબંધ રાખે છે. વિચારો દ્વારા જીવન પર પ્રભાવ પાડે છે અને સ્વભાવનું અંગ બની જાય છે, અને કાર્યમાં પરિવર્તિત થાય છે. તે સંપર્ક ક્ષેત્રને પ્રભાવિત કરે છે. જે મસ્તકના વિચારોના કંપનના રૂપમાં હોય છે. આ કંપન પ્રવાહ આકાશમાં પણ ભ્રમણ કરવાને માટે નીકળી પડે છે.

પશ્યન્ની વાણી-જે વાણી આત્મા દ્વારા નીકળે છે, અને બીજાના આત્મા જોડે ટકરાય છે, અને એને પ્રભાવિત કરી દે છે. એ મનુષ્યના અંતરમાં શ્રધ્ધા, આસ્થા, આકાંક્ષાઓ જોડે સંબંધ ધરાવે છે, અને સંપૂર્ણ વ્યક્તિત્વને પોતાના પરિવારમાં લપેટી રાખે છે. એ પ્રખર અને પ્રાણવાન હોય છે. સમીપવર્તી લોકોને પોતાના અનુરુપ બનાવવાનો પ્રયત્ન કરે છે. ઋષિ આશ્રમોમાં જઈને સિંહ પણ અહિંસક બની જતા હતા.

સાધના ઉપાસના અને આરાધના વડે વાણીમાં તેજસ્વીતા અને પ્રખરતા લાવી શકાય છે. જેમાં મહામંત્ર ગાયત્રી મંત્ર સાધના, ઉપાસનામાં અનાદિકાળથી સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. તે સદ્દબુધ્દિ આપે છે. સદ્દજ્ઞાન આપે છે અને વાણીને શુધ્દ કરે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**સરભોણ**–ગાયત્રી પરિવારના પરિજનોની મહેનત તથા ઉદાર દાન દાતાઓના સહયોગથી આશરે ૫ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા 'ગાયત્રી પ્રજ્ઞા સત્સંગ ભવન'ની ઉદ્‌ઘાટન વિધિ પ. પૂ. ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્ય અને માતા ભગવતી દેવી શર્માનાં પ્રતિક પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રધ્ધાની સ્થાપના અને શાંતિકુંજના ચિત્રોનું પૂજન-અર્ચન વેદોક્ત મંત્રો દ્વારા કરવામાં આવ્યું.

આ ગાયત્રી સત્સંગ ભવનનું ઉદ્‌ઘાટન સંત મોરારી બાપુના હસ્તે કરવામાં આવ્યું. આ સત્સંગ ભવનમાં પૂજ્ય ગુરુદેવના બધા જ પુસ્તકોની લાયબ્રેરી પણ બનાવી છે. આ પ્રસંગના કેલેન્ડરનું વિમોચન રમીલાબેન કરશનભાઈ પટેલ (યુ. એસ. એ.) ના હસ્તે કરવામાં આવ્યું.

**ડભોઈ**–ગાયત્રી પરિવાર દ્વારા રાષ્ટ્રમાં શાંતિની સ્થાપના તથા દુષ્કાળ નિવારણાર્થે તેમજ કુદરતી આફતો સામે દૈવી સંરક્ષણ પ્રાપ્ત થાય એવી ભાવનાથી ડભોઈ નગરમાં ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સાથે સાનસૂત્રી કાર્યક્રમનું આયોજન સંપન્ન થયું. આવા વિશેષ કાર્યક્રમનો હજારો પરિજનોએ ઉત્સાહથી લાભ લીધો.

**ચાણસ્મા**–રાષ્ટ્રીય સેવા સંઘ તથા ગાયત્રી પરિવારના સહયોગથી ધરતી માતાના પ્રકોપને શાંત કરવા તેમજ ભૂકંપનો ભોગ બનેલ મૃતાત્માઓની સદ્‌ગતિ અર્થે ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન શિશુ મંદિરના પ્રાંગણમાં કરવામાં આવ્યું. લોકસંપર્ક કરીને દરેકને આ યજ્ઞનો વિનામૂલ્યે લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું. જેથી અંદાજે પંદરસો જેવા ધર્મપ્રેમી-રાષ્ટ્રપ્રેમી જનોએ આહુતિનો લાભ લીધો.

**વર્માનગર**–તા. ૬/૩/ના ૧૦૮ વેદિય વિરાટ દિપયજ્ઞનું આયોજન સંપન્ન કર્યું. જેમાં જનતાએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ગુજરાતમાં આવેલ ભૂકંપમાં મૃત્યુ પામેલ લોકોના આત્માના કલ્યાણાર્થે આ કાર્યક્રમમાં ખૂબ જ બહોળી જનસંખ્યાએ ભાગ લીધો.

**નડીયાદ**–ભૂકંપમાં માર્યા ગયેલાઓના સ્વજનોના આત્માની શાંતિ માટે તા. ૧૫-૩ના રોજ સરકારી વસાહત, રામતલાવડીમાં દીપયજ્ઞ યોજાઈ ગયો, જેમાં આજુબાજુ સોસાયટીના આશરે ૫૦૦ કર્મચારી ભાઈ-બહેનો તેમજ અન્ય પરિજનોએ ભાગ લીધો.

દીપયજ્ઞની શરૂઆત પાંચ મિનીટ મૌન પાળી ભૂકંપગ્રસ્ત વ્યક્તિઓના આત્માની શાંતિ માટે તેમજ ભયથી ડરી ગયેલાઓ માટે આશ્વાસન અને સહાનુભૂતિ માટે મહાકાળ તેમજ ગાયત્રી માતાને માનસિક પ્રાર્થના કરવામાં આવી અને આહુતિ આપવામાં આવી.

વિશેષ રૂપથી સપ્તસૂત્રી આંદોલન પૈકી "વ્યસનમુક્તિ" આંદોલન માટે લોકોને, યુવાનો-બાળકોને સમજાવી વ્યસનોથી દૂર રહેવા માટે શીખ આપી.

**કાલોલ**–ધર્મપ્રેમી જનતાના સહયોગ હેઠળ પટેલ સો મીલ કંપાઉન્ડમાં પ્રજ્ઞા પુરાણ કથા તથા સંસ્કાર કાર્યક્રમનું આયોજન સંપન્ન થયું.

આ જ્ઞાન-યજ્ઞનું અમૃતપાન શ્રીમતિ રશ્મિબેન પટેલ તથા તેમની સંગીત ટોળી દ્વારા કરવામાં આવેલ. માનવને પોતાના સાંસારિક જીવનમાં પરસ્પર પ્રેમની ભાવના કેળવી વાતાવરણને સુખમય બનાવવા તેમજ સમાધાનકારી ભૂમિકા અદા કરવા પર ભાર મૂકી દ્દષ્ટાંતો સહિત સમજાવેલ. તેમજ નારી-શક્તિનું જીવનમાં મહત્ત્વ વિશે વિસ્તૃત છણાવટ કરેલ. વિશાળ જન-સમુદાય તેમની મધુર વાણીથી ઘણા પ્રભાવિત થયા હતા અને ભાવ-વિભોર બની ગયા હતા.

યુગ શક્તિ ગાયત્રી પત્રિકામાં જૂન ૨૦૦૦થી જાન્યુઆરી ૨૦૦૧ સુધી ગૌ સેવા અને ગૌમય આધારિત ઔષધિઓ બનાવવાનું માર્ગદર્શન આપેલ. આ ઔષધિઓ ગુજરાતમાં નીચેના સરનામે મળે છે.

**(૧) કામધેનુ આયુર્વેદીક ઔષધાલય**
**ગોકુળ ધામ સામે કૃષ્ણનગર મેઈન રોડ,**
**પો. જિ. રાજકોટ**

**(૨) શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
**પો. લુણી, તા. મુન્દ્રા,**
**જિ. કચ્છ–૩૭૦૪૧૦ (ગુજ.)**

**ખંભાત**–શ્રી ગુરૂકૃપા સમાજ નિર્માણ ટ્રસ્ટના ઉત્સાહી પ્રમુખ ડૉ. હર્ષદભાઈ આર. ભટ્ટ તેમજ સહયોગી ગાયત્રી પરિજનોના અથાક પ્રયાસથી ક્ષેત્રમાં સુધારાત્મક, રચનાત્મક કાર્યક્રમે ખૂબ જ ગતિ પકડી છે. આ ટ્રસ્ટ દ્વારા સંસ્કાર સીંચન, સ્વાસ્થ્ય સંવર્ધન, સ્વરોજગાર, સંકટ નિવારણ, પર્યાવરણ શુધ્ધિ, વ્યસન મુક્તિ જેવા સદ્‌કાર્યો થઈ રહેલ છે. આ કેન્દ્ર દ્વારા વિદ્યારંભ સંસ્કાર ભાગ ૧ થી ૩ અને યોગ પ્રાણાયામ પુસ્તકો તૈયાર થયેલ છે. સંસ્કાર સિંચન માટે ગાયત્રી પરિજનોનો પ્રયાસ પ્રશંસનીય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.